વચનામૃત

વચનામૃતમાં પ્રગટતું

પરમહંસોનું વ્યક્તિત્વ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લૉસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં પ્રગટતું
પરમહંસોનું વ્યક્તિત્વ

લેખક

સાધુ મધુરવદનદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA PRAGATATU
PARAMAHANSONU VYAKTITVA (Gujarati Edition)

By Sadhu Madhurvadandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
July 2019. Copies: 7,000

ISBN: 978-81-7526-922-4

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૧૯

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૨૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂ. ૨૫-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઈતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના

લેખકનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,
ગુરુપૂર્ણિમા, વિ.સં. ૨૦૭૫

ક્રમિકા

પૂર્વભૂમિકા

वृष्टा कृपा भगवतो निजभक्तवृन्दे कल्याण-साधन-निरूपक-शास्त्ररूपा ।
हृष्ट्वा वयं द्विशतवार्षिक उत्सवेऽस्य वन्दामहे सुवचनामृत-ग्रन्थराजम् ॥

અર્થ: કલ્યાણ માટેની સાધનાનું નિરૂપણ કરતા શાસ્ત્ર એવા વચનામૃતરૂપે ભગવાન સ્વામિનારાયણની કૃપા પોતાના ભક્તવૃંદ પર વરસી છે. તે વચનામૃતની દ્વિશતાબ્દીએ અમે સહર્ષ ગ્રંથરાજ વચનામૃતને વંદન કરીએ છીએ.

ભગવાન સ્વામિનારાયણે આ અવનિ પર પ્રગટ થઈને અતિ અપાર કરુણા કરીને આપણને દિવ્ય ઉપદેશ આપ્યો, એ તો એમના અસાધારણ ઉપકારોમાંનો એક ઉપકાર છે જ, પણ તેનું સંપાદન કરીને એમના સંપાદક પરમહંસોએ પણ – ન કેવળ આપણા ઉપર, પણ આવનારી અનેક પેઢીઓ પર પણ એક અમૂલ્ય ઉપકાર કર્યો છે. કારણ, એ વચનામૃતમાં શ્રીહરિએ જે સાધનાપથનું દર્શન કરાવ્યું, જેના પર ચાલીને અનંત કાળ સુધી અનેક મુમુક્ષુઓ આત્યંતિક મુક્તિ પામશે, એમાં કોઈ સંશય નથી.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧માં શ્રીહરિ કહે છે કે પોતે એકલા જ આ પૃથ્વી પર અવતર્યા નથી, પણ પોતાનું અક્ષરધામ અને પાર્ષદોને પણ સાથે લાવ્યા છે. જેમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તો આપણા સૌ માટે સાધનાનો શાશ્વત આદર્શ છે જ, પણ સાથે પાર્ષદો એટલે એવા અક્ષરમુક્તો કે જેઓ પણ આપણને આધ્યાત્મિક માર્ગે અનેકવિધ પ્રેરણાઓ આપતા રહે છે.

આ વચનામૃત ગ્રંથ એ ઉપનિષદ શૈલીનો ગ્રંથ છે. જેમ ઉપનિષદોમાં ગુરુ-શિષ્ય પરસ્પર પ્રશ્નોત્તર દ્વારા જ્ઞાનવિનિમય કરે છે. તેમજ ભગવાન સ્વામિનારાયણના પરમહંસોએ પણ ક્યારેક પ્રશ્નો પૂછીને તો ક્યારેક શ્રીહરિએ

પોતે જ તેમની સમક્ષ પ્રશ્નો ઉપસ્થિત કરીને તથા તેના પ્રત્યુત્તરો આપીને અધ્યાત્મપથ અજવાળી આપ્યો છે. વચનામૃતની આ પ્રશ્નોત્તરીમાં વેદાદિક શાસ્ત્રોના સારરૂપ ઉત્કૃષ્ટ સાધનામાર્ગ તો સાધક માટે આલોકિત થાય જ છે, પણ સાથે સાથે તે તે પ્રશ્નો પૂછનારના જીવન સાથે તાળો મેળવતાં, તે તે પ્રશ્નકર્તા પરમહંસોના જીવનમાંથી પણ સાધકને આધ્યાત્મિક માર્ગમાં અમૂલ્ય માર્ગદર્શન મળતું રહે છે.

વચનામૃત પંચાળા પ્રકરણ ૧માં શ્રીહરિ કહે છે: 'જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય, તેને વાંચીને તે કાગળના લખનારની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે. તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રુક્મિણી, સત્યભામા, જાંબવતી આદિક ભગવાનની અષ્ટ પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઈત્યાદિ ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે, તે શાસ્ત્રને શ્રવણે કરીને તેમનાં રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે તથા તેમનાં વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે.' તેવી જ રીતે આ વચનામૃત ગ્રંથનો પણ અથથી ઈતિ અભ્યાસ કરતાં, ભગવાન સ્વામિનારાયણ સાથે પ્રશ્નોત્તરીમાં સહભાગી આ સંતોનાં વચન અને જીવન પરથી તેમનાં નિષ્ઠા, શ્રદ્ધા, મુમુક્ષુતા, આજ્ઞાપાલન, સમજણ, પ્રામાણિકતા, ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ વગેરે સદ્‌ગુણોનું એક અનોખું દર્શન પ્રાપ્ત થાય છે, જેમાંથી પ્રત્યેક સાધકને જીવન-ઘડતરની અનેકવિધ દિવ્ય પ્રેરણાઓ પ્રાપ્ત થતી રહે છે.

અલબત્ત, કેવળ કોઈના પ્રશ્ન કે વચન પરથી જ તે વ્યક્તિનું મૂલ્યાંકન કરવું તે ભૂલભરેલું હોઈ શકે; પણ સાથે જો તેના જીવનને પણ તપાસવામાં આવે ને જો તેના વચન અને આચરણમાં એકસૂત્રતા જોવા મળે તો તેનું યથાર્થ મૂલ્યાંકન થઈ શકે.

તેથી જ પ્રસ્તુત પુસ્તકમાં આ પરમહંસોના વિવિધ સદ્‌ગુણોનું દર્શન સાંપ્રદાયિક ઈતિહાસની આંખે અને વચનામૃતની સાખે માણતા રહીશું.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી

સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણ[1]ના પણ ગુરુસમાન અગ્રગણ્ય પરમહંસ મુક્તાનંદ સ્વામીનું દિવ્ય વ્યક્તિત્વ માણીએ.

મુક્તાનંદ સ્વામી એટલે જાણે આધ્યાત્મિક માર્ગે ચાલતા સાધકમાત્ર માટેનો એક આદર્શ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને સંતોએ પ્રશ્ન પૂછ્યો હતો કે 'ગુણાતીતાનંદ સ્વામી પછી આપને કોઈ પરમહંસનું ચરિત્ર કહેવું હોય તો કોનું કહો? શા માટે?' ત્યારે સ્વામીશ્રીએ તરત જ જણાવ્યું હતું: 'મુક્તાનંદ સ્વામી, કારણ છે – એમની સાધુતા.'

સ્વયં શ્રીહરિનાં મુક્તાનંદ સ્વામી વિશે પ્રમાણ

વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે મુક્તાનંદ સ્વામી વિશે પ્રમાણ આપતાં શ્રીહરિની જીભ સુકાતી નથી. વચનામૃત કારિયાણી પ્રકરણ ૩માં શુકમુનિની પ્રશંસા કરતાં શ્રીહરિ કહે છે કે 'તે બહુ મોટા છે. અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે, તે દિવસથી ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ પડતો નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.'

સત્સંગમાં કોઈના પર પણ શ્રીહરિનો રાજીપો થતો તો શ્રીહરિ એ વખતે મુક્તાનંદ સ્વામીને યાદ કરતા. જેમ કે, ભાલની બીબડીએ એક દાતણની ચીરી આપી તો શ્રીહરિ બોલી ઊઠ્યા હતા: 'મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ.' ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તો પોતાના મામાના સંતો એટલે કે શ્રીહરિના પરમહંસોનો પક્ષ રાખતાં ખપી ગયા ત્યારે પણ શ્રીહરિ બોલી ઊઠ્યા હતા: 'મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ.'

---

૧. ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે શ્રીહરિ શબ્દ પણ પ્રયોજવામાં આવ્યો છે.

એટલે જ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં જ્યારે નવા ચાર સદ્‌ગુરુઓ આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીને નીમ્યા ત્યારે પણ શ્રીહરિએ તેમની ભલામણ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સાધુને કરી, જેથી મોટેરા એવા મુક્તાનંદ સ્વામીની વાત સૌ સ્વીકારે.

મુક્તાનંદ સ્વામીનાં વર્તન વિશે અનેક વચનામૃતોમાં શ્રીહરિએ સ્વમુખે પ્રમાણ આપ્યાં છે. થોડાંક ઉદાહરણો જુઓ:

ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસભાવ આ ત્રણ અંગોનું વિસ્તૃત વર્ણન કરીને શ્રીહરિ કહે છે કે એવા દાસત્વ-ભક્તિવાળા તો આ જ ગોપાળાનંદ સ્વામી છે ને બીજા મુક્તાનંદ સ્વામી છે.

લોયા પ્રકરણ ૧૩માં શ્રીહરિ કહે છે કે હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિશે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન કહેવાય...

ગઢડા અંત્ય પ્રકરણ ૧૩માં શ્રીહરિ કહે છે કે જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, 'મને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસતિમાં તો આવીશું જ નહીં.' આવો ઠરાવ કોની સાથે થઈ શકે? એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે: समानशीलव्यसनेषु सख्यम् । – જે સમાન રુચિ અને વર્તનવાળા હોય તેની સાથે મિત્રતા થાય. તો મુક્તાનંદ સ્વામીને જોઈને સ્વયં શ્રીહરિને તેમની મિત્રતા કરવાની ઇચ્છા થાય તો શ્રીહરિને એમને વિશે કેટલો વિશ્વાસ આવ્યો હશે !!

મુક્તાનંદ સ્વામીનાં દૃષ્ટાંતે શ્રીહરિએ કરેલી ઉપદેશવાર્તાઓ

ઘણી વાર વાતની ગંભીરતા સમજાવવા માટે પણ શ્રીહરિએ સાધુતાની ચરમ સીમારૂપ મુક્તાનંદ સ્વામીનું દૃષ્ટાંત આપીને કે તેમને આગળ કરીને વાતની રજૂઆત કરી છે.

જેમ કે વચનામૃત લોયા પ્રકરણ ૧૭માં શ્રીહરિ કહે છે: 'ભગવાનનો તો નિશ્ચય યથાર્થ હોય તોપણ જો પંચવિષયનો અભાવ ન થયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું

શસ્ત્રે કરીને મુકાવી દે તેવો દ્રોહ કરે.' જો મુક્તાનંદ સ્વામી જેવાનો પણ આ કક્ષાનો દ્રોહ કરે તો બીજાનો તો દ્રોહ કરે જ ને !

સત્સંગમાં કોઈ મોળી વાત ન કરે એવું એક નવું જ પ્રકરણ શ્રીહરિને ચલાવવું હતું, તો તે માટે ગઢડા પ્રથમ પ્રકરણ ૧૭માં મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક મોટેરા સાધુને તેડાવીને શ્રીહરિએ વાત કરી.

ગઢડા અંત્ય પ્રકરણ ૩૩માં શ્રીહરિ કહે છે કે ધન, દોલત, સ્ત્રી ને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહીં અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહીં, એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહીં... એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે.

એમ કહીને પછી, એવા પદાર્થના કુસંગની ગંભીરતા સમજાવતાં આગળ એ જ વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે એ એવા મોટા છે તો પણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહીં. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે, એમાં સંશય નથી.

ટૂંકમાં, શ્રીહરિ સમજાવે છે કે સૌમાં મોટેરા એવા મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી પણ જો કુસંગ સામે ન ટકી શકે તો આપણે તો કુસંગ ભૂલથી પણ ન કરાય.

લોયા પ્રકરણ ૬માં શ્રીહરિએ સંતોને પ્રશ્ન પૂછ્યો કે કેવો સાધુ હોય તેનો સંગ કરવો ને કેવાનો ન કરવો ? પછી પોતે જ તેનો ઉત્તર કરતાં કહ્યું કે વર્તમાન પણ સૂધાં સારાં પાળતો હોય ને નિશ્ચય સૂધો હોય ને તે પાસે આપણ રહેતા હોઈએ ને આપણને ટોકે નહીં ને પંપોળીને રાખે ને જાપરો રાખે, તો તે મુક્તાનંદ સ્વામી જેવો લોકવ્યવહારે મોટો કહેવાતો હોય તેનો પણ સંગ ન કરવો. આમ, મુક્તાનંદ સ્વામી એટલે શ્રીહરિના મતે સાધુતામાં પણ અગ્રગણ્ય, પણ તે પણ જો લલોચપો રાખે ને ટોકે નહીં તો તેમની સાથે ન રહેવું, તો બીજા સાથે તો ન જ રહેવાય, એમાં તો કહેવું જ શું !

સત્સંગની મા

કેટલીક વાર તો વચનામૃતનાં વચનો અને મુક્તાનંદ સ્વામીના જીવનને સરખાવતાં જાણે શ્રીહરિ મુક્તાનંદ સ્વામીનું જીવન જોઈને તદનુસાર સૌની સામે સાધુતાનો આદર્શ પ્રસ્થાપિત કરતા હોય એવું અનુભવાય. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૪૭માં શ્રીહરિ કહે છે: 'જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય, તેને જો મન દઈને માણસાઈએ રાખતાં આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે અને જેને સાધુને રાખતાં આવડે નહીં તેની પાસે સાધુ રહે નહીં...'

  આ વચનામૃત ઉદ્‌બોધાયું તેનાં ચૌદેક વર્ષ પૂર્વે શ્રીહરિએ આ પરમહંસોને અત્યંત કઠિન એવાં ૧૧૪ પ્રકરણોમાં તાવ્યા હતા. એમાં એક વાર મુક્તાનંદ સ્વામીને જાણમાં આવ્યું કે કંઈક નવું પ્રકરણ આવવાનું છે, તો તેમણે લીમડો વાટીને પીવો શરૂ કર્યો. ભલે ગમે તે પ્રકરણ આવે, પણ તદનુસાર વર્તવાનો પોતાનો કેવો ખપ હશે, તે જણાઈ આવે છે.

  તેમાં જ એક પ્રકરણ એવું હતું કે ગળ્યું-ચીકણું ખાવું નહીં. આ પ્રકરણ ચાલુ હતું તે દરમિયાન જ, ભાયાત્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી આ બે સદ્‌ગુરુઓ સાથે સંતો રાજસ્થાન તરફ વિચરણમાં હતા. ત્યાં અજાણ્યો પ્રદેશ હોવાથી ત્રણેક દિવસ સંતોને ભિક્ષા ન મળવાથી ઉપવાસ થયા. ત્રણ દિવસના ઉપવાસને અંતે કોઈક ભગવદી બ્રાહ્મણે આ સંતોને જોયા ને ગુણ આવ્યો, તેથી ખીચડી જમાડી. તેમાં ઠાકોરજીને ધરાવવાની જેટલી ખીચડી હતી, તેમાં જ ઘી નાખ્યું હતું ને ઠાકોરજીનો થાળ થયા બાદ સંતોએ તે પ્રસાદીની ખીચડી બધી ખીચડી સાથે ભેળવી. હવે જ્યારે સૌ જમવા બેઠા ત્યારે ઘીની અલ્પ સુગંધ આવતાં જ વચનની મૂર્તિ સમા ભાયાત્માનંદ સ્વામીએ કહ્યું કે અનિડો! ઘી ગંધાય છે. ત્યારે જાણે ત્રણ દિવસના ઉપવાસી સૌ નાના સંતોને મોંમાંથી કોળિયો ઝૂંટવાઈ જતો હોય તેવું વસમું લાગ્યું. પણ તે સમયે મુક્તાનંદ સ્વામીએ સમય વર્તીને શ્રીહરિ જે ઠપકો આપે એ પોતાને માથે લઈ

સૌને જમવા કહ્યું ત્યારે સૌના જીવમાં જીવ આવ્યો.

આમ, ગઢડા મધ્ય પ્રકરણ ૪૭ પ્રમાણે તેમણે સૌ નાના સંતોને સાચવી લીધા. આ પ્રસંગની જ્યારે શ્રીહરિને જાણ થઈ ત્યારે તેમણે પણ મુક્તાનંદ સ્વામી પર રાજીપો બતાવ્યો.

આમ, શ્રીહરિએ જે વાત આ વચનામૃતમાં કરી તે તો મુક્તાનંદ સ્વામી વર્ષો પૂર્વે જીવતા જ હતા.

● ગઢડા મધ્ય પ્રકરણના ૬૦મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય પણ જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર દુખિયો થાય.

આષાઢી સંવત ૧૮૮૧ના શ્રાવણ માસમાં ઉદ્‌બોધાયેલા આ વચનામૃતનાં પાંચ વર્ષ પૂર્વે, સંવત ૧૮૭૬ના વૈશાખ માસમાં દાદાખાચરના કાકા જીવાખાચરે દાદાની જમીન ઉચાપત કરી જવા પેંતરો રચેલો, જે શ્રીહરિએ પોકળ સાબિત કરી દીધો હતો, પણ એ ઘટનાચક્ર ફર્યું તે દરમિયાન કેટલાય સંતો-ભક્તોનાં મન ચકડોળે ચડ્યાં હશે ! તેથી જ આ વિચાર-વમળને શમાવવા શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૪મા વચનામૃતમાં સામેથી વાતનો ઉપાડ કર્યો કે જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહીં, અને ઝાઝી સંપત કે આપત આવે એની વાત શી કહેવી પણ આ દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે.

પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ભગવાનના ભક્તનો પક્ષ તો હૈયામાં રહે છે ખરો.

આમ, જે મુક્તાનંદ સ્વામી દ્વેષી બાવો તેમને પકડીને નાક-કાન કાપવા છરો ઘસતો હતો ત્યારે પણ વિચલિત થયા નહોતા, તે દાદાખાચરને આવી પડેલું દુઃખ જોઈને દ્રવિત થયા.

ગઢડા મધ્ય પ્રકરણ ૬૦ પ્રમાણે એ જ ભક્તનું લક્ષણ છે કે ભક્તના દુઃખે પોતે દુઃખી થાય. એવો ભગવાનના ભક્તનો પક્ષ ન રહે તો

શ્રીહરિએ એને એ વચનામૃતમાં વિમુખ કહી દીધો.

આમ, જે વાત શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૬૦માં કહી એનું મુક્તાનંદ સ્વામીના જીવનમાં પાંચ વર્ષ પૂર્વે પણ દર્શન થાય છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે?

હવે આ વચનામૃતનો સંદર્ભ વિચારીએ તો શ્રીહરિ મધ્યરાત્રિએ સામે ચાલીને દર્શનલાભ આપવા પધાર્યા છે અને વચનામૃતના આરંભે પણ ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાની વાત કરી છે. તેમાં વિઘ્નકર્તા એવી માયાનું રૂપ પણ શેઠ ગોવર્ધનભાઈએ પૂછ્યું છે. તેમાં વચ્ચે આવો ધામગમન સંબંધી પ્રશ્ન આગળથી ચાલતી વાતનો દોર તોડતો હોય તેમ લાગે. વળી, મુક્તાનંદ સ્વામી જેવા શાણા સંત આવો અસંગત પ્રશ્ન પૂછે પણ નહીં.

પણ તત્કાલીન ઇતિહાસ પર દૃષ્ટિ નાખતાં આ પ્રશ્ન સુસંગત લાગે છે, કારણ કે તે જ અરસામાં દાદાખાચરનાં બહેન પાંચુબાની નાની દીકરી હીરાબાને ગંભીર બીમારી આવી હતી. શ્રીહરિને આ સમાચાર મળ્યા એટલે તેઓ પાંચુબાના દક્ષિણાદા બારના ઓરડામાં પધાર્યા. ત્યાં સૌને ધીરજ આપીને કહ્યું કે ‘આ હીરાબા તેમના પૂર્વ જન્મમાં બ્રાહ્મણ હતાં. અમે વનવિચરણ દરમિયાન તેમને ઘેર ગયા હતા. તેમણે બહુ સેવા કરી હતી. તે પુણ્યના ફળરૂપે તેમને આ સત્સંગમાં તમારે ત્યાં જન્મ પ્રાપ્ત થયો. અમારી મૂર્તિનું સુખ લેવાની તેમની ઇચ્છા હતી તે પૂર્ણ થઈ, તેથી હવે ધામમાં જશે. માટે કોઈએ શોક ન કરવો.’ અને થોડા જ સમયમાં હીરાબા ધામમાં પધાર્યાં, ત્યારે સમગ્ર દરબારમાં શોકનું વાતાવરણ પ્રસરી ગયું.

આથી અહીં પણ અનુમાન કરી શકાય કે દાદાખાચરનાં કુટુંબીઓ પર આવેલી વિષાદની આ ઝાંયથી મુક્તાનંદ સ્વામીને જરૂર દુઃખ થયું હશે! તેથી દાદાખાચરનાં કુટુંબીઓને કોઈ પણ રીતે દુઃખમાં સાંત્વન મળે તે હેતુસર તેઓએ સત્સંગીની મરણોત્તર ગતિ વિષયક પ્રશ્ન પૂછ્યો હશે! જેનો ઉત્તર સાંભળી રડતાં કુટુંબીઓને રાહત મળે.

- સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ નવમીએ શ્રીહરિ લોયા પધાર્યા હતા. ત્યાં એકાંત સ્થાનમાં બોલાવેલા પોતાના પરમહંસો સમક્ષ જ્ઞાનસત્ર કરી સમજણ, સિદ્ધાંત, સત્સંગ-વિષયક રહસ્યની વાતો કરવી એ મુખ્ય પ્રયોજન હતું, જેથી એ વાતો ઝીલી એ સંતો તેનું દિગદિગંતમાં પ્રવર્તન કરે.
  શ્રીહરિ લોયા પધાર્યાના પાંચ જ દિવસમાં કાર્તિક વદ ચૌદશના દિવસે પંચાળાથી ઝીણાભાઈ દરબાર લોયા આવ્યા. કારણ, પ્રતિવર્ષ શ્રીહરિ પંચાળા પધારતા, પરંતુ ગત વર્ષે પધારી શક્યા નહોતા. તેથી ઝીણાભાઈ તેમને પંચાળા આવવા આમંત્રણ પાઠવવા આવ્યા હતા. પણ શ્રીહરિએ તે વખતે જ્ઞાનસત્ર ચાલતું હોવાથી કહ્યું કે 'હમણાં અમે નહીં આવી શકીએ. પણ ધીરજ રાખો, અનુકૂળતાએ જરૂર આવીશું.'
  ઝીણાભાઈને શ્રીહરિના આ શબ્દોથી આઘાત લાગ્યો ને ઊંડા ઊતરી ગયા. મુક્તાનંદ સ્વામીએ તેમને સમજાવ્યા, પણ મનનું સમાધાન ન થયું ને તેઓએ મનોમન પ્રતિજ્ઞા લઈ લીધી કે 'શ્રીહરિ પંચાળા ન પધારે ત્યાં સુધી ગળ્યું-ચીકણું ખાવું નહીં ને માથે પાઘ બાંધવી નહીં.' આ વિગતથી વ્યથિત થઈ મુક્તાનંદ સ્વામીએ લોયા પ્રકરણ ૪માં શ્રીહરિને કહ્યું કે ઝીણોભાઈ તો આજે બહુ દિલગીર થયા. આમ, સત્સંગમાં નાના-મોટા દરેક હરિભક્તના દુઃખે દુઃખી થવું એ ગઢડા મધ્ય પ્રકરણ ૬૦નું શ્રીજીકથિત ભક્તનું લક્ષણ ચાર વર્ષ પૂર્વે પણ મુક્તાનંદ સ્વામીમાં સહજ જોવા મળે છે.
- વચનામૃત લોયા પ્રકરણ ૬માં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો કે 'આ સત્સંગમાં જે અતિ મોટો ગુણ જણાતો હોય ને તે ગુણનાં સર્વે વખાણ કરતા હોય તોપણ તે ત્યાગ કરવા યોગ્ય હોય એવો કયો ગુણ છે? અને દોષ હોય ને તે ગ્રહણ કરવા યોગ્ય હોય એવો કયો દોષ છે?' ત્યારે તેનો ઉત્તર કરતાં પોતે જ જણાવ્યું કે 'મુક્તાનંદ સ્વામી જેવા હોય તે સર્વેથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય, કેમ જે, એમની બરોબર વર્તાય નહીં, તે સારુ એ ગુણ યદ્યપિ મોટો છે તોપણ તેનો ત્યાગ કરીને

સર્વ સંતને બરોબર વર્તવું. અને બરોબર વર્તવારૂપ દોષ છે તોપણ એનું ગ્રહણ કરવું.

એક વાર નાના સંતો ભોજનના સમય સિવાયના સમયે ભૂખ્યા થવાથી ભંડારમાં ભેગા થઈ ઠંડા રોટલા ખાતા હતા. મુક્તાનંદ સ્વામી ત્યાંથી પસાર થયા, ત્યારે તે સંતો ગભરાઈ ગયા ને હાથમાંથી રોટલા પડી ગયા. મુક્તાનંદ સ્વામી તેમની પાસે ગયા ને માતાતુલ્ય વાત્સલ્યથી કહ્યું કે મને પણ ભૂખ લાગી છે, તો એક રોટલો આપો. ત્યારે તે નાના સંતોને હાશ થઈ.

આમ, યદ્યપિ પોતે સૌને ભાર પડે તેમ વર્તવા સમર્થ હતા, છતાં તે સદ્‌ગુણનો ત્યાગ કરીને મુક્તાનંદ સ્વામીએ બીજા સંતોને ઉદ્વેગ ન થાય તેમ બરોબર વર્તવારૂપ દોષ ગ્રહણ કર્યો. એટલે જ કદાચ મુક્તાનંદ સ્વામીને જોઈને જ શ્રીહરિએ જાણે પોતાની આવી રુચિ વચનામૃત લોયા પ્રકરણ ૬માં પ્રગટ કરી હોય એવું લાગે.

આમ, આવાં આખ્યાનોને લીધે જ મુક્તાનંદ સ્વામી 'સત્સંગની મા' તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયા હતા.

સૌનાં હિતની નિઃસ્વાર્થ ભાવના

સત્સંગના નાના-મોટા સૌ સંતો-ભક્તોનાં હિતની મુક્તાનંદ સ્વામીની ઉદાત્ત ભાવનાનું દર્શન કેટલીય વાર તેમણે પૂછેલા પ્રશ્નોમાં પણ થાય છે. ઘણી વાર તેમના પ્રશ્નો અને તેમનું જીવન સરખાવતાં એ પ્રશ્નો એમણે પોતા માટે નહીં, પણ અન્ય સંતો કે હરિભક્તો માટે પૂછ્યા હોય, એવું સ્પષ્ટ અનુભવાય. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૩માં તેમણે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે કોઈ તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ પામતો જાય છે અને કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે તેનું શું કારણ છે? તેનો પ્રત્યુત્તર આપતાં શ્રીહરિ કહે છે કે મોટા જે સાધુ તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે અને તે સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેને ભગવાનને વિશે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે.

હવે મુક્તાનંદ સ્વામીના જીવનમાં જોઈએ તો એમણે મોટા તો શું, પણ કોઈનોય અવગુણ નહીં લીધો હોય. કારણ, ગઢડા મધ્ય પ્રકરણ ૪૪માં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો કે જ્યારે કોઈક હરિભક્તનો અવગુણ આવે ત્યારે મોરે જેટલા તેમાં દોષ સૂઝતા હોય એટલા ને એટલા જ સૂઝે કે કાંઈ વધુ સૂઝે? ત્યારે મુક્તાનંદ સ્વામીને અટકળ કરવી પડી ને કહ્યું કે અટકળે તો એમ જણાય છે જે, મોરે સૂઝતા એટલા ને એટલા સૂઝે છે. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે એ વાતમાં તમારી નજર પડી નહીં.

આમ, કોઈ પણ સંત-હરિભક્તનો અવગુણ તેઓ કદી લેતા જ નહોતા, તે જ બતાવે છે કે ગઢડા પ્રથમ પ્રકરણ ૫૩માં તેમણે પોતા માટે નહીં, પણ સમગ્ર સત્સંગના હિત માટે પૂછ્યો છે.

વળી, તેમને માટે તો સ્વયં શ્રીહરિએ કારિયાણી પ્રકરણ ૩માં પ્રમાણ આપ્યું છે કે એમનો તો ચડતો ને ચડતો રંગ છે પણ મંદ પડતો નથી. તેમજ સારંગપુર પ્રકરણ ૩માં પણ શ્રીહરિ કહે છે કે મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી.

આમ, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૩ પ્રમાણે તેમને તો વધવા-ઘટવાનું હતું જ નહીં, પણ આપણા જેવા સાધકો માટે કૃપા કરીને એમણે પ્રશ્ન પૂછ્યો છે.

- ગઢડા મધ્ય પ્રકરણના ૬૦મા વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ શરૂઆતમાં શ્રીહરિની આજ્ઞાથી પ્રશ્ન પૂછ્યો કે આ સંસારને વિશે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે, તેમાં કેવી રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે?

  આ પ્રશ્નનો વિચાર કરતાં અગાઉ જોયું તેમ, પોતાનાં નાક-કાન કપાવાની તૈયારી હોય ત્યારે પણ પોતે વિચલિત થયા ન હતા. એટલું જ નહીં, ગઢડા મધ્ય પ્રકરણ ૪૭માં શ્રીહરિ કહે છે કે જે સાધુને મોક્ષનો ખપ હોય, તેને તો જેમ દુખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય. એમ કહીને એવા સાધુનું પ્રમાણ

આપતાં મુક્તાનંદ સ્વામીની વાત કરી કે 'જેમ આ મુક્તાનંદ સ્વામીને ક્ષયરોગ થયો છે તે દહીં-દૂધ, ગળ્યું-ચીકણું કાંઈ ખાવા દેતો નથી. તેમ જે સમજુ હોય તેને એમ જણાય જે, 'આ રોગે સારું સારું ખાવા-પીવાનું સર્વે ખંડન કરી નાખ્યું, માટે આ ક્ષયરોગરૂપે જાણીએ, કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ?'

આમ, તે સમયમાં પોતાને જીવલેણ ક્ષયરોગ લાગુ પડ્યો હોવા છતાં, એ પણ વિક્ષેપ જેને નડતો નહોતો, એવા મુક્તાનંદ સ્વામીને અન્ય કયા વિક્ષેપ નડે કે જેથી તેમને આ પ્રશ્ન ઉપસ્થિત કરવાની જરૂર પડે ? માટે ગઢડા મધ્ય પ્રકરણ ૬૦નો આ પ્રશ્ન પણ એમણે આપણા સૌ વતી કૃપા કરીને શ્રીહરિને પૂછ્યો છે.

- ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં શ્રીહરિએ આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસપણું, એ ત્રણ અંગોની વિસ્તારથી વાત કરીને મુક્તાનંદ સ્વામી માટે પ્રમાણ આપ્યું કે એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે.

  ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! એ ત્રણ જે અંગ તમે કહ્યાં, તે વાત તો અતિ ઝીણી છે ને કઠણ છે, તે કોઈકના જ સમજ્યામાં આવે ને કોઈકના જ વર્ત્યામાં આવે. પણ સર્વેને ન આવે. અને આ સત્સંગમાં તો લક્ષાવધિ મનુષ્ય છે, તે સર્વેને તો આ વાર્તા સમજવી કઠણ છે. માટે તે કેમ કરે ત્યારે તેનું રૂડું થાય ?

  આમ, આ પ્રશ્નમાં પણ સૌનાં હિતની નિઃસ્વાર્થ ભાવના પડઘાય છે, કારણ કે એ ત્રણમાંથી એક અંગ - દાસત્વ તો મુક્તાનંદ સ્વામી સિદ્ધ કરીને જ બેઠા છે, છતાં સૌ સત્સંગી ત્યાગી ને ગૃહસ્થોની કલ્યાણભાવના આ પ્રશ્નમાં દૃષ્ટિગોચર થાય છે.

- તદુપરાંત, ઘણાં વચનામૃતોમાં તેમના પ્રશ્નો પરથી અત્યંત સ્પષ્ટપણે કહી શકાય કે આ પ્રશ્નો એમને નહીં જ નડતા હોય, પણ અન્ય ભક્તો માટે જ એમણે પૂછ્યા છે. જેમ કે –

  - સારંગપુર પ્રકરણ ૯માં તેમણે પૂછ્યું કે 'જેને તામસી કર્મ ઘણાં હોય તેના હૈયામાં કળિયુગ વર્તે, તે કોઈ ઉપાયે ટળે કે ન ટળે ?' મુક્તાનંદ સ્વામીનું જીવન જોતાં, એવાં તામસી કર્મ સાથે

એમને તો યોજનોનું અંતર છે. ઊલટું, તેમનાં દર્શન અને વાણી સાંભળી 'ધોળી દાલ ને કાલી રોટી' માટે ગઢડામાં આવેલા તામસી નાગા બાવાઓ પણ શાંત થયા હતા! તેમના યોગથી તો તામસી વ્યક્તિનો તમોગુણ પણ શમી જતો. માટે સારંગપુર પ્રકરણ ૯માં તેમણે આપણા માટે જ આ પ્રશ્ન પૂછ્યો છે.

- સારંગપુર પ્રકરણ ૧૮માં તેમણે પૂછ્યું કે કુસંગ હોય ત્યારે તો ભૂંડો સ્વભાવ હોય જ, પણ સંતનો સમાગમ કરીને પછી મલિન સ્વભાવ આવી જાય છે તેનું શું કારણ છે?

  લોયા પ્રકરણ ૮માં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું કે જે ભોળો હોય તેને તો કોઈ સ્વભાવ દેખીને સંતનો અવગુણ આવે પણ જે ડાહ્યો હોય તેને સંતનો અવગુણ કેમ આવે છે?

  આ પ્રશ્નોનો વિચાર કરતાં આવા પ્રશ્નો એમના જીવનમાં તો કદી સંભવ્યા જ નથી, પણ મુક્તાનંદ સ્વામીના સત્સંગ-સમાજના અવલોકનમાંથી અને સૌના હિતની ભાવનામાંથી આ પ્રશ્નો જન્મ્યા છે.

- સારંગપુર પ્રકરણ ૧૩માં તેમણે પ્રશ્ન પૂછ્યો: 'જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પ્રથમ થઈને પછી મટી જાય છે, તેને તે પ્રથમ નિશ્ચય થયો હતો કે નહોતો થયો?'

  આ પ્રશ્ન પૂછ્યાના માંડ બે માસ પૂર્વે જ, ગઢડામાં જીવાખાચરે ઈર્ષાને વશ થઈ પોતાના ભત્રીજા દાદાખાચરનો ગરાસ પડાવી લેવાનો પેંતરો રચ્યો હતો, જે શ્રીહરિએ નિષ્ફળ બનાવ્યો હતો. અને એ જીવાખાચરને પ્રથમ તો શ્રીહરિનો અતિ દૃઢ નિશ્ચય હતો, પણ દાદાખાચર સાથે ઈર્ષા વધતી ગઈ, જેને પરિણામે શ્રીહરિનો પણ નિશ્ચય ટળી ગયો! તેના અનુસંધાનમાં સૌને જાણપણું મળે તે હેતુસર તેમણે આ પ્રશ્ન પૂછ્યો હશે.

  વળી, ઘણા ભક્તોના જીવનમાં આવા પ્રશ્ન થયા છે, તે મુક્તાનંદ સ્વામીએ પોતે ઠાર્યા છે. જેમ કે –

  રોજ આખી રાત એલચીના પાણીમાં પલાળી રાખેલું કૂણું તાજું દાતણ લઈને, શ્રીહરિનું 'ન્યાલકરણ ન્યાલકરણ' એમ

નામ જપતાં જપતાં છેક ગઢાળીથી ગઢડા પગપાળા આવતા આંબા શેઠને પણ આવો પ્રશ્ન થયો હતો. પંચાળાના દરબાર ઝીણાભાઈનાં બહેન અદીબાને ખભે હાથ મૂકતાં શ્રીહરિને જોયા, ત્યારે આંબા શેઠને શ્રીહરિને વિશે મનુષ્યભાવ આવ્યો. ત્યારે એ આંબાને પુનઃ નવપલ્લવિત કરવા શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને જ મોકલ્યા હતા.

તેવી જ રીતે જ્યારે કારિયાણીના વસ્તાખાચરને પણ જીવાખાચર અને બુઢા ધાધલના કુસંગથી શ્રીહરિને વિશે મનુષ્યભાવ આવ્યો ત્યારે પણ મુક્તાનંદ સ્વામીએ જ તે મનુષ્યભાવમાં દિવ્યતા સમજાવી હતી.

બુવાના કાનદાસને લોયામાં શાકોત્સવમાં હળદરવાળા હાથ પોતાના ધોતિયે લૂછતા શ્રીહરિને જોઈને મનુષ્યભાવ આવ્યો, ત્યારે પણ તેના નિરાકરણ માટે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને જ મોકલ્યા હતા.

આ તમામ પ્રસંગોએ મુક્તાનંદ સ્વામીએ પોતાનું કર્તવ્ય ખૂબ જ સારી રીતે બજાવી આ સૌ ભક્તોને પુનઃ શ્રીહરિ વિશે પૂર્વવત્ નિષ્ઠા દૃઢ કરાવી દીધી હતી.

એમની શ્રીહરિ પ્રત્યેની આ દિવ્યભાવપૂર્ણ દૃષ્ટિ ગઢડા મધ્ય પ્રકરણ ૧૭માં અભિવ્યક્ત થાય છે. ત્યાં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાનનું સ્વરૂપ છે તેને કોઈક ભક્ત તો માયાનાં તત્ત્વે સહિત સમજે છે અને કોઈક ભક્ત તો માયાના તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય સમજે છે, એ બે પ્રકારના ભક્ત છે તેમાં કેની સમજણ ઠીક છે ને કેની સમજણ ઠીક નથી?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'જે ભગવાનને વિશે માયિક ચોવીસ તત્ત્વ સમજે એની સમજણ ઠીક નથી અને ભગવાનનું સ્વરૂપ માયાના તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય સમજે તેની સમજણ ઠીક છે.' ભલે શ્રીહરિએ એમનો આ ઉત્તર માન્ય ન રાખ્યો, પણ એ ઉત્તરમાં તેમનું ભગવાનના સ્વરૂપને દિવ્ય સમજવાનું અંગ નયનગોચર થાય છે.

માટે આ બધી બાબતો પરથી સમજાય છે કે સારંગપુર પ્રકરણ ૧૩માં એમણે પૂછેલો પ્રશ્ન એ પોતાના માટે નહીં, પણ સર્વજનહિતાય છે.

આદર્શ સાધક

આમ, સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામી સૌના પ્રશ્નો માટે આટલા ચિંતિત હોય, તો પોતાના પ્રશ્નો માટે તો કેટલા ચિંતિત હોય?! પોતાની સાધના માટે તો કેવા જાગ્રત હોય?! ચાલો એ નિહાળીએ, શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામીના એક સંવાદમાં...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૨૭માં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે તમારે ક્રોધ થાય છે ત્યારે શે નિમિત્તે થાય છે? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે? ...ને કેવી રીતે ટળે છે?

સર્વપ્રથમ વિચારીએ તો આવો પ્રશ્ન અચાનક શ્રીહરિ આપણા જેવા સામાન્ય સાધકને પૂછે તો શો ઉત્તર આપવો એની બે રીતે મૂંઝવણ થાય. આપણે તો અંતર્દષ્ટિ કરીને આપણને આવતા ક્રોધનું કારણ શું હોય, એ કદાપિ વિચાર્યું જ ન હોય; એટલે શો ઉત્તર આપવો? અને બીજી મૂંઝવણ એ કે જાહેર સભામાં બધાની વચ્ચે કઈ રીતે ઉત્તર આપવો?

પણ મુક્તાનંદ સ્વામી એક મુઠ્ઠી ઊંચેરા સાધક હતા. તેથી તેનો ઉત્તર આપતાં તેમણે કહ્યું જે, 'કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય, તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે.'

પછી શ્રીહરિ બોલ્યા જે, 'એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી. અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ.'

પછી શ્રીહરિ બોલ્યા જે, 'કામક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે તે એ તમારા જીવમાં રહ્યો છે. અને એવી રીતે કામક્રોધાદિક ગુણને હઠાવે એવું જે જોર છે તે પૂર્વજન્મનો સંસ્કાર છે. અને તમારું એટલું તો અમને જણાય છે જે, તમારે જે જે માયિક પદાર્થનો યોગ

થાય તેની આંટીમાં પ્રથમ તો આવી જવાય પણ અંતે જતાં એના બંધનમાં રહેવાય નહીં, બંધન ત્રોડીને નીકળાય ખરું.'

સામાન્યપણે પોતાના ઇષ્ટદેવ તરફથી પોતાને આવું પ્રમાણ મળે તો આપણા જેવા સામાન્ય મુમુક્ષુ આનંદના આવેગમાં ત્યાં જ સાધનાની પૂર્ણાહુતિ માની લે. પણ *'સુધારાને કોઈ સરહદ નથી', 'પ્રગતિને પૂર્ણવિરામ નથી'* જેવાં સૂત્રોને જીવતા મુક્તાનંદ સ્વામી આટલી ખોટ પણ સહન ન કરી શક્યા અને તરત જ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે 'પ્રથમ આવરણ થઈ જાય એવી કાચપ રહે છે તે શાને યોગે રહે છે ?'

જો પોતે પોતાની આટલી સૂક્ષ્મ ખોટ સહન ન કરી શકતા હોય, તો પોતાના ઇષ્ટદેવ સામેથી કોઈ ભૂલ બતાવે તો કેટલી મુમુક્ષુતાથી ગ્રહણ કરે ?!

ગઢડા મધ્ય પ્રકરણના ૬૨મા વચનામૃતમાં શ્રીહરિએ આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસભાવ આ ત્રણ અંગની વાત કરીને ટકોર કરી કે 'આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારુ કરી છે.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પણ ખૂબ નમ્રતાથી આ વાત સ્વીકારીને શ્રીહરિને પ્રતિભાવ આપ્યો: 'હે મહારાજ ! મેં પણ જાણ્યું છે જે, મારા સારુ જ આ વાર્તા કરી છે.'

મુમુક્ષુતાની તીવ્રતા

મુક્તાનંદ સ્વામીના સાધનાલક્ષી પ્રશ્નોનો અભ્યાસ કરતાં એમની મુમુક્ષુતાની તીવ્રતા અછતી રહેતી નથી. તેમણે અવારનવાર સાધનામાર્ગમાં કયો ઉપાય સર્વશ્રેષ્ઠ કે જે ઉપાયમાં બધા ઉપાય આવી જાય, એ ભાવના પ્રશ્નો પૂછ્યા છે. જેમાં સરળતાથી અને સદ્ય સિદ્ધિનું શિખર સર કરવાની એમની ઝંખના પ્રતિબિંબિત થાય છે. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭માં શ્રીહરિએ ભાગવતધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા ને ભક્તિનિષ્ઠા એ ચાર અંગવાળા ભક્તોનાં લક્ષણો કહ્યાં. ત્યારે મુક્તાનંદ સ્વામીએ છેલ્લે પ્રશ્ન પૂછ્યો કે 'એ ચાર નિષ્ઠાવાળાને વિશે કોઈ અધિક-ન્યૂન છે કે એ ચારે તુલ્ય છે ?' કારણ, કદાચ એમાં પણ જે શ્રેષ્ઠ હોય તેનું આચરણ કરવું, એવી ગણતરીથી એમણે એ પ્રશ્ન પૂછ્યો છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૭માં એમણે મોક્ષનું અસાધારણ કારણ પૂછ્યું, તો ગઢડા પ્રથમ પ્રકરણ ૫૯માં તેમણે ભગવાનને વિશે અસાધારણ પ્રેમનું કારણ પૂછ્યું.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં તેમણે ભગવાનને પ્રસન્ન કરવાનાં શાસ્ત્રકથિત અનંત સાધનોમાં સર્વશ્રેષ્ઠ સાધન કયું કે જેથી જેમ સર્વ સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા તે એક સાધનથી જ થાય, એ પ્રશ્ન પૂછ્યો.
- સારંગપુર પ્રકરણ ૫માં તેમણે પૂછ્યું કે વાસનાની નિવૃત્તિનો એવો શો જબરો ઉપાય છે જે, એક ઉપાયને વિશે સર્વે સાધન આવી જાય ?
- વરતાલ પ્રકરણ ૪માં પણ તેમણે આવો જ પ્રશ્ન પૂછ્યો કે ભક્તિ-માર્ગમાં પ્રવર્તેલા ભક્તને એવું કયું એક શ્રેષ્ઠ સાધન છે, જે સાધન કરવાથી કલ્યાણને અર્થે જેટલાં સાધન છે તે સર્વે તે એક સાધનને વિશે આવી જાય ?

આમ, વચનામૃત ગ્રંથમાં અનેક જગ્યાએ એમની મુમુક્ષુતાની તીવ્રતા દૃષ્ટિગોચર થાય છે. જેમાં સાધનાની સિદ્ધિ શીઘ્રતાથી, સરળતાથી અને તેની ચરમસીમાએ કરવાનો તેમનો ઉત્સાહ દૃશ્યમાન થાય છે.

અંતર્દૃષ્ટિનું અંગ

આદર્શ સાધકનું બીજું એક લક્ષણ એટલે અંતર્દૃષ્ટિનું અંગ.

મુક્તાનંદ સ્વામીને જોઈને જાણે શ્રીહરિએ ગઢડા અંત્ય પ્રકરણ ૯માં કહ્યું હશે: ‘અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિશે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે... એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે. અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિશે ધન, સ્ત્રી આદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને પેસવા આવે તો તેનો નાશ કરી નાખે છે. પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ, વૃદ્ધિ, સુખ, દુઃખ, માન, અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી.’

ગઢડા મધ્ય પ્રકરણ ૪૭માં શ્રીહરિએ કહ્યું કે જે સાધુને મોક્ષનો ખપ હોય તેને તો જેમ જેમ દુખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય. જેમ આ મુક્તાનંદ સ્વામીને ક્ષયરોગ થયો છે તે દહીં-દૂધ, ગળ્યું-ચીકણું કાંઈ ખાવા દેતો નથી. તેમ જે સમજુ હોય તેને એમ જણાય જે, 'આ રોગે સારું સારું ખાવા-પીવાનું સર્વે ખંડન કરી નાખ્યું, માટે આ તો ક્ષયરોગરૂપે જાણીએ કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ?'

મુક્તાનંદ સ્વામીને તે સમયમાં જીવલેણ એવો ક્ષયરોગ લાગુ પડ્યો હોવા છતાં આવાં અંતર્દષ્ટિ અને સમજણના બળે તેમનો દિવસે દિવસે ચડતો ને ચડતો રંગ રહ્યો હતો. વચનામૃતમાં શ્રીહરિ સાથેની પ્રશ્નોત્તરીમાં અનેક વાર મુક્તાનંદ સ્વામીનું આ અંતર્દષ્ટિનું અંગ છતું થાય છે. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં શ્રીહરિએ મૂઢપણું, પ્રીતિ અને સમજણ – એમ ત્રણ પ્રકારનાં અંગોની વાત કરીને મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે એ ત્રણ અંગમાં તમારું કયું અંગ છે ? ત્યારે તે બંનેએ કહ્યું કે અમારે તો સમજણનું અંગ છે.
  અંતર્દષ્ટિ વિના આ ઉત્તર આપી ન શકાય.
  તેમજ અંતર્દષ્ટિ વિના અમુક પ્રશ્નો પણ ન સૂઝે.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૯માં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનને વિશે અસાધારણ પ્રેમનું કારણ શું ? શ્રીહરિએ ત્યાં ઉત્તર આપ્યો કે ભગવાનના સ્વરૂપનો માહાત્મ્યે સહિત નિશ્ચય. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તરત જ પૂછ્યું કે એવો ભગવાનનો મહિમા પણ જાણતો હોય છતાં અસાધારણ હેત ન થાય તેનું શું કારણ છે ?' જાણે પોતાની અંતર્દષ્ટિમાંથી આ પ્રશ્ન પુછાતો હોય એવું આપણને લાગે છે. અને શ્રીહરિ પણ જાણે મુક્તાનંદ સ્વામીને ઉદ્દેશીને સમજાવતા હોય તેમ, હનુમાનજી અને બળદેવજીનાં દૃષ્ટાંતો દ્વારા ઉત્તર આપે છે કે એ ભક્તને ભગવાનને વિશે અસાધારણ હેત છે જ, પણ એ જાણતો નથી.
- આવી જ પ્રશ્નોત્તરી થઈ છે – વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૨માં. અહીં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું: 'દેહ ને આત્માની નોખી વિક્તિ સમજાણી હોય તોય પણ તે વિક્તિને ભૂલીને પાછો દેહાભિમાની

કેમ થાય છે?' ત્યારે શ્રીહરિએ પણ ઉત્તર કર્યો: 'દેહ-આત્માની વિક્તિ એક વાર ચોખી સમજાણી હોય તો પાછી ભુલાય નહીં... ને એમ જણાય છે જે, આત્મબુદ્ધિ મટીને દેહબુદ્ધિ આવી જાય છે એ તો ખોટો ખોટો મનમાં ભ્રમ પડે છે પણ દેહાભિમાન આવતું જ નથી...' અહીં પણ મુક્તાનંદ સ્વામીની અંતર્દષ્ટિનું સુપેરે દર્શન થાય છે અને શ્રીહરિએ પણ જાણે તેમને જ ઉદ્દેશીને ઉત્તર આપ્યો હોય એવું જણાય છે.

- વચનામૃત લોયા પ્રકરણ ૭માં શ્રીહરિએ જ્ઞાનની વ્યાખ્યા કરતાં કહ્યું કે મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને પરિપૂર્ણ જ્ઞાન કહીએ.

  ત્યારે મુક્તાનંદ સ્વામીની અંતર્દષ્ટિમાંથી પ્રશ્ન જન્મ્યો કે 'એવી રીતે દેખાતું તો ન હોય ને અંતઃકરણમાં તો એવી રીતની દૃઢ આંટી હોય તેને પરિપૂર્ણ જ્ઞાન કહેવાય કે નહીં?'

  ત્યારે શ્રીહરિએ પણ પ્રથમ તો અંધારા ઘરના દૃષ્ટાંતે કહ્યું કે જો દેખ્યામાં નથી આવતું તો પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય.' પણ પછી શ્રીહરિએ કહ્યું: 'જો એને એવી આંટી ઠાવકી છે તો કાંઈક એને અલૌકિકપણું જણાયું જોઈએ, નહીં તો જણાશે. અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી તો એમ સમજે જે, 'એ ભગવાનને વિશે તો સર્વે છે પણ મને દેખાડતા નથી એવી જ એની ઈચ્છા છે. એમ સમજીને તે ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે તો એ પરિપૂર્ણ જ્ઞાની છે.'

  ગુણાતીતાનંદ સ્વામી પણ મુક્તાનંદ સ્વામીની જ્ઞાનની આ સ્થિતિ સ્વામીની વાત(૧/૨૨૮)માં જણાવે છે: 'જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે દેખવા કરતાં પણ અધિક છે ને પર્વતભાઈ, કૃપાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી એમને સમાધિ નહોતી, પણ મૂર્તિને દેખતા ખરા... માટે બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે, તે અધિક છે, ને તેમાં વિઘ્ન નથી.'

  વળી, ગુણાતીતાનંદ સ્વામી સ્વામીની વાત(૫/૬૯)માં જણાવે છે કે મુક્તાનંદ સ્વામીને દેહ મૂકવાને આડો એક મહિનો રહ્યો, ત્યારે

કહ્યું જે, 'હવે મારે આત્મામાં અખંડ મૂર્તિ દેખાય છે ને શ્રીહરિને સર્વોપરી જાણ્યા તે પહેલાં આટલું સમજાણું નહોતું.'

આમ, આ બંને સ્વામીની વાતો પરથી સમજાય છે કે જ્યારે મુક્તાનંદ સ્વામીએ લોયા પ્રકરણ ૭માં ઉપરોક્ત પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમને આત્માને વિશે મૂર્તિ દેખાતી નહીં હોય, પણ શ્રીહરિના વચન અનુસાર એમની આંટી એવી ઠાવકી હશે, તેથી આગળ જતાં તેમની અંતિમ અવસ્થામાં પણ એમને એ જ્ઞાનની સ્થિતિ સિદ્ધ થઈ. આમ, આ પ્રશ્ન પણ તેમની અંતર્દષ્ટિનો દ્યોતક છે.

અંતર્દષ્ટિ કોને કહેવાય એનું ઉત્તમ દૃષ્ટાંત છે: વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૭ની પ્રશ્નોત્તરી. એક વાર પુનઃ તેનું અવલોકન કરીએ...

શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે તમારે ક્રોધ થાય છે ત્યારે શે નિમિત્તે થાય છે? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે? તરત જ મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય, તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે.'

નિયમિત અંતર્દષ્ટિ વિના તત્કાળ આવો ઉત્તર આપી જ ન શકાય.

પછી શ્રીહરિ બોલ્યા જે, 'એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી. અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ.'

આ ઉત્તર પરથી પણ તેમની સાધનામાર્ગની અંતર્દષ્ટિ ઝળહળી ઊઠે છે. સાથોસાથ તેમની ધ્યેયની સ્પષ્ટતા, ભગવાનનો મહિમા વિચારવાની ટેવ, ભગવાનના રાજીપાનો વિચાર જેવા સાધના-માર્ગના આવશ્યક સદ્‌ગુણો પણ સહેજે દૃષ્ટિગોચર થાય છે.

ભગવાનની પ્રસન્નતાનો વિચાર

હમણાં જ ગઢડા મધ્ય પ્રકરણ ૨૭માં જોયું એમ તેમને આ વિચાર

રહેતો કે જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી, પણ જે રીતે ભગવાન રાજી થાય તેમજ કરવું છે.

તેમની આ સાધનાનું પ્રમાણ સ્વયં શ્રીહરિએ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં કરી આપ્યું છે. ત્યાં શ્રીહરિ અનેક સંતો-ભક્તોનાં અંગ જણાવતાં કહે છે: 'મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ...'

અને એટલે જ ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો હશે કે ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે કે જે બધાં સાધન કર્યે ભગવાન પ્રસન્ન થાય એવા એ એકથી થાય?

ચિકિત્સક વૃત્તિ

મુક્તાનંદ સ્વામી વૈદ્યકીય ચિકિત્સા પણ જાણતા હતા. તેથી કારિયાણી પ્રકરણના ૧૦મા વચનામૃતમાં જ્યારે શ્રીહરિના શરીરમાં તાવ જેવું જણાતું હતું, ત્યારે તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું: 'અમારી નાડી જુઓ. શરીરમાં કાંઈક કસર જણાય છે.' પછી મુક્તાનંદ સ્વામીએ નાડી જોઈને કહ્યું જે, 'હે મહારાજ! કસર તો બહુ છે.'

મુક્તાનંદ સ્વામીની આ ચિકિત્સક વૃત્તિ કેવળ દેહના રોગોમાં જ નહીં, પણ જીવના રોગો કાઢવામાં પણ એવી જ ધારદાર રહી છે. એટલે વચનામૃત ગ્રંથમાં જ્યારે જ્યારે કોઈ એવો પેચીદો પ્રશ્ન ઊભો થાય કે તરત જ મુક્તાનંદ સ્વામીએ એની ચિકિત્સાનો પ્રશ્ન પૂછ્યો જ હોય. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨માં દીનાનાથ ભટ્ટ અને બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'કોઈ સમે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજન-સ્મરણ થાય છે ને ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય છે અને કોઈ સમે તો અંતર ડોળાઈ જાય છે ને ભજન-સ્મરણનું સુખ આવતું નથી, તેનું શું કારણ છે?'
  ત્યારે શ્રીહરિ બોલ્યા જે, 'એને ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ આવડતી નથી.'
  તરત જ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'કેવી રીતે યુક્તિ જાણવી?'

- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૫માં શ્રીહરિએ વાત કરી કે દૂષિત બુદ્ધિવાળો કોઈ દિવસ કલ્યાણને માર્ગે ચાલી શકતો નથી.
  ત્યારે તરત મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું: 'હે મહારાજ! એ કોઈ દિવસ ભગવાનને સન્મુખ થાય કે ન થાય?' ત્યારે શ્રીહરિએ કહ્યું જે, 'એ તો કોઈ કાળે ભગવાન સન્મુખ થાય જ નહીં.' ત્યારે વળી મુક્તાનંદ સ્વામીની ચિકિત્સક વૃત્તિ એમના પ્રશ્નમાં ઝળકી ઊઠી: હે મહારાજ! કોઈ રીતે એવી આસુરી બુદ્ધિ ન થાય તેનો જે ઉપાય હોય તે કહો.'
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬માં શ્રીહરિએ કહ્યું કે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહીં.
  મુક્તાનંદ સ્વામીએ તરત તેની ચિકિત્સા પૂછી: 'હે મહારાજ! જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા જે શુભ ગુણ તેને યોગે કરીને માન આવે તે માનને કયા ઉપાયે કરી ટાળવું?'
  તેમજ ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦માં જ્યારે શ્રીહરિએ કહ્યું કે સર્વ સાધન કરતાં વાસના ટાળવી તે સાધન મોટું છે... અને વાસના રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે. ત્યારે તરત મુક્તાનંદ સ્વામીએ વાસના ટાળવાનો ઉપાય પૂછ્યો.
- કારિયાણી પ્રકરણ ૬માં મુક્તાનંદ સ્વામીના જ એક પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિએ જણાવ્યું કે કામક્રોધાદિક દોષોમાં પણ મત્સર છે તે વિકારમાત્રનો આધાર છે, માટે શ્રીવ્યાસજીએ શ્રીમદ્‌ભાગવતમાં નિર્મત્સર સંતને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે... ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે 'મત્સર ટાળ્યાનો શો ઉપાય છે?'
  શ્રીહરિના ઉત્તર બાદ મુક્તાનંદ સ્વામીએ ચિકિત્સક વૃત્તિથી મૂળમાં પહોંચીને 'ન રહે બાંસ તો ન બજે બાંસુરી' સિદ્ધાંતને અનુસરીને શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે 'મત્સર ઊપજ્યાનો શો હેતુ છે?'
- આ ઉપરાંત, મુક્તાનંદ સ્વામીની આ ચિકિત્સાવૃત્તિ ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩; સારંગપુર પ્રકરણ ૧, ૯; કારિયાણી પ્રકરણ ૯; લોયા પ્રકરણ ૯, ૧૬, ૧૭; ગઢડા મધ્ય પ્રકરણ ૧૨, ૧૬, ૨૫, ૨૯,

૫૧; અમદાવાદ પ્રકરણ ૧; ગઢડા અંત્ય પ્રકરણ ૫, ૮, ૧૪, ૨૦; જેતલપુર પ્રકરણ ૩ આદિ અનેક વચનામૃતોના પ્રશ્નોમાં પડઘાય છે.

ધ્યેયની સ્પષ્ટતા

આદર્શ સાધકનું બીજું એક લક્ષણ એટલે સતત ધ્યેય સમક્ષ નજર.

એક ચિંતકે ખૂબ જ સુંદર વિચાર આપ્યો કે સ્થિર શું? તો સૂસવતું તીર. કારણ, તે આજુબાજુ ક્યાંય ફંટાયા વિના સતત પોતાના ધ્યેય ભણી સાતત્યપૂર્ણ ગતિ કરતું હોય છે. આ જ બાબત મુક્તાનંદ સ્વામીના જીવનમાં પણ સુપેરે જોવા મળે છે. તેમના મનમાં આ ધ્યેય અત્યંત સ્પષ્ટ હતું કે યેનકેન પ્રકારેણ ભગવાનમાં જોડાવું. તેથી તે શા માટે સિદ્ધ થતું નથી, તે ભાવના પ્રશ્નો તેમણે સમયે સમયે સમગ્ર વચનામૃત ગ્રંથમાં પૂછ્યા છે. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૫માં તેમણે પૂછ્યું કે 'જીવને ભજન-સ્મરણ તથા વર્તમાનનો એક દઢાવ કેમ રહેતો નથી?'
- ત્યારપછીના જ ૫૬મા વચનામૃતમાં તેમણે પૂછ્યું કે 'ઇન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તથા ત્રણ અવસ્થા તથા ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ ન્યારું છે, એવું સત્સંગમાંથી સાંભળીને દઢ નિશ્ચય કર્યો છે તોય પણ ઇન્દ્રિયો-અંતઃકરણાદિક ભેગો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજન-સ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુઃખિયો કેમ થઈ જાય છે?'
- પુનઃ આ જ ભાવનો પ્રશ્ન ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮માં દોહરાવ્યો કે જ્યારે ભજન-સ્મરણ કરવા બેસે ત્યારે ભગવાનના ભક્તના અંતરમાં રજોગુણ-તમોગુણના વેગ આવે ત્યારે ભજન-સ્મરણનું સુખ આવતું નથી, તે એ ગુણના વેગ કેમ ટળે?
- ગઢડા મધ્ય પ્રકરણ ૭માં તેમણે પ્રશ્ન પૂછ્યો: 'ભગવાનના ભક્તના મનમાં એમ હોય જે, ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી તોય પણ અયોગ્ય સ્વભાવ રહી જાય તેનું શું કારણ છે?'
- ગઢડા મધ્ય પ્રકરણ ૩૬માં એમણે પૂછ્યું કે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેનો શો ઉપાય છે?

- ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં પણ તેમણે આ જ ભાવનો પ્રશ્ન પૂછ્યો કે 'હે મહારાજ! પરમેશ્વર થકી તો બીજું કાંઈ સાર વસ્તુ નથી તો પણ એ પરમેશ્વરમાં એ જીવને કેમ દૃઢ પ્રીતિ થતી નથી?'

આમ, સમગ્ર વચનામૃત ગ્રંથમાં ઠેર ઠેર મુક્તાનંદ સ્વામીના પ્રશ્નો પરથી સહેજે તેમની ધ્યેયની સ્પષ્ટતા નજર સમક્ષ તરવરે છે.

આજ્ઞાપાલનની તત્પરતા

વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં ડગલે ને પગલે મુક્તાનંદ સ્વામીની મુમુક્ષુતાનાં વિવિધ સ્વરૂપે દર્શન થાય છે. તેમાંનો એક પ્રકાર એટલે તેમની આજ્ઞાપાલનની તત્પરતા.

મુક્તાનંદ સ્વામી એક સમયે સ્વયં શ્રીહરિના પણ ગુરુ તરીકે રહી ચૂક્યા હતા. વચનામૃત લોયા પ્રકરણ ૩માં તથા ગઢડા અંત્ય પ્રકરણ ૨૭માં શ્રીહરિ પોતે જ આ વિગત જણાવે છે: ''અમારો સ્વભાવ કેવો હતો તો 'ગોદોહનમાત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહીં' એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો ને શ્રીરામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું. તોપણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.' એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યારપછી તેમણે કહ્યું જે, 'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.' પછી અમે સ્વામીનાં દર્શન થયાં મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. પણ અમારું ગમતું કાંઈ ન કર્યું.''

આમ, પોતાથી ૨૩ વર્ષે નાના જે શ્રીહરિ એક સમયે પોતાની આજ્ઞામાં રહ્યા હોય તેમાં અત્યંત પૂજ્યબુદ્ધિ જ નહીં, પણ તેને પોતાના ઈષ્ટદેવ માનીને આખી જિંદગી તેમની આજ્ઞામાં હોમી દેવી એ તીવ્ર મુમુક્ષુતા વિના ન સંભવે.

ગઢડા મધ્ય પ્રકરણ ૫૮માં શ્રીહરિએ વિસ્તારથી વાત કરીને સમજાવ્યું કે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. એમ કહીને શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: 'તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી

તમને એ જ આજ્ઞા છે.' પછી એ જે શ્રીહરિનું વચન તેને મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું અને શ્રીહરિને બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

શ્રીહરિની આ આજ્ઞા ક્ષયરોગ સાથે તેમની અંતિમ અવસ્થામાં હાથમાંથી લખતાં લખતાં કલમ પડી ગઈ, ત્યાં સુધી તેમણે અક્ષરશઃ પાળીને શ્રીહરિને પ્રસન્ન કર્યા. જેમના અપાર પરિશ્રમના ફળસ્વરૂપે એમના જ શિષ્ય આધારાનંદ સ્વામી દ્વારા સંપ્રદાયને શ્રીહરિનાં ચરિત્રોના સૌથી વિશાળ અને દળદાર ગ્રંથ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ની ભેટ મળી. તેમજ શ્રીહરિની વાણીના, સંપ્રદાયની ઓળખસમા વચનામૃત ગ્રંથની પણ ભેટ મળી, જેના સંપાદક સંતોમાં મુક્તાનંદ સ્વામી પણ અગ્રગણ્ય સંત હતા.

આવી મોટી આજ્ઞામાં તો તેઓ ટુક ટુક વર્ત્યા છે, પણ શ્રીહરિની નાની-નાની આજ્ઞાઓમાં તથા રુચિઓમાં પણ કટ વળી ગયા છે. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૯માં મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે કીર્તન બોલીએ, પણ શ્રીહરિએ કહ્યું કે લ્યો, પરમેશ્વરની વાર્તા કરીએ. તો તરત જ શ્રીહરિની રુચિમાં ભળી ગયા.
- લોયા પ્રકરણ ૧૮ તથા પંચાળા પ્રકરણ ૨માં શ્રીહરિએ કીર્તન ગાવાની આજ્ઞા કરી તો તરત જ વાજિંત્ર વગાડીને કીર્તનો ગાયાં છે.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪માં શ્રીહરિએ કીર્તન ગાતાં અટકાવ્યા ને આજ્ઞા કરી કે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો. તો તરત જ કીર્તન-ભક્તિ અટકાવીને બ્રહ્માનંદ સ્વામીએ જે પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર આપવા પ્રયત્ન કરવા લાગ્યા. પછી તેનો ઉત્તર શ્રીહરિએ આપીને કહ્યું કે હવે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન કર્યાનો વારો આવ્યો, તો તરત જ શ્રીહરિની રુચિ જાણીને પ્રશ્ન પણ પૂછ્યો.

આમ, શ્રીહરિએ નિધડકપણે મુક્તાનંદ સ્વામીને પોતાની આજ્ઞામાં ને રુચિમાં વર્તાવ્યા છે અને તેઓ વર્ત્યા છે.

ગુરુમાં જોડાણ

જેમ મુક્તાનંદ સ્વામી શ્રીહરિની રુચિમાં મન મૂકીને જોડાઈ ગયા, તેમજ પૂર્વે પોતાના ગુરુ રામાનંદ સ્વામીમાં પણ એવા જ જોડાયા હતા. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિએ વાત કરી કે રઘુનાથજીને વિશે

શરણાગતવત્સલપણું તો ખરું, પણ જે શરણાગત હોય ને તે જો જરાય વાંકમાં આવ્યો હોય તો તેનો તત્કાળ ત્યાગ કરી દે.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'એવી તો રામાનંદ સ્વામીની પ્રકૃતિ હતી.'

આમ, પોતાના ગુરુનાં રુચિ-અભિપ્રાયને તેઓ સારી પેઠે જાણતા, જે બતાવે છે કે તેમને ગુરુને વિશે અનન્ય જોડાણ હતું.

તેમજ ત્યારપછી શ્રીહરિને વિશે પણ અનન્ય જોડાણ થયું હતું. શ્રીહરિ-ચરિત્રામૃતસાગરમાં નોંધાયું છે: 'શ્રીહરિના અભિપ્રાયને મુક્તમુનિ સારી રીતે જાણતા.' તેથી જ જ્યારે શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીને નિત્ય સંધ્યા આરતી બાદ ગવાતી સંપ્રદાયની રીતિ-નીતિ સમાવી લેતી પ્રાર્થના *'નિર્વિકલ્પ ઉત્તમ અતિ...'* રચવાની આજ્ઞા કરી ત્યારે પણ મુક્તાનંદ સ્વામીનું માર્ગદર્શન લેવા સૂચવ્યું હતું.

કથાશ્રવણનો ઈશક

મુક્તાનંદ સ્વામીની મુમુક્ષુતાનું બીજું એક પાસું એટલે તેમનો કથાશ્રવણનો ઈશક.

યોગીજી મહારાજ યોગીગીતામાં ૭મો મુદ્દો વર્ણવતાં કહે છે: 'કથા-વાર્તાનું વ્યસન રાખવું, કથાવાર્તાનું વ્યસન હોય તો કર્યા વિના રહેવાય જ નહીં. મોટા વાતું કરતા હોય ને પોતે હાજર ન હોય તો હૃદયમાં બળતરા થવી જોઈએ. જ્યારે કથા સાંભળીએ ત્યારે શાંતિ થાય. માટે શબ્દ ઝીલવા શીખવું...' યોગીજી મહારાજના આ શબ્દો અક્ષરશઃ મુક્તાનંદ સ્વામીના જીવનમાં જિવાતા જોવા મળે. જુઓ થોડાં ઉદાહરણો –

- ગઢડા પ્રથમ પ્રકરણના ૭૨મા વચનામૃતની શરૂઆતમાં જ મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું: 'હે મહારાજ! કાલને દિવસ તમે દાદાખાચર આગળ બહુ રૂડી વાર્તા કરી હતી તે વાર્તા સાંભળવાની અમારે સર્વેને ઘણી ઈચ્છા છે.' આમ, જે કથાવાર્તામાં પોતે હાજર ન હોય તો પોતે કંઈક ગુમાવ્યું હોય એવું લાગે ને એ જાણવાની ઉત્કંઠા મુક્તાનંદ સ્વામીને રહેતી, તો જ્યારે શ્રીહરિ સામેથી જ વાત કરે તેના શ્રવણમાં અત્યંત તત્પરતા દાખવે, એમાં

શી નવાઈ !

- ગઢડા અંત્ય પ્રકરણ ૧૫માં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: 'આજ તો અમે અમારા રસોયા હરિભક્તની આગળ બહુ વાત કરી.' ત્યારે તરત જ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું: 'હે મહારાજ! કેવી રીતે વાત કરી?'

ક્યારેક શ્રીહરિ સન્મુખ કોઈ શાસ્ત્રનું પઠન થતું હોય અને તેમાં કોઈ વિશેષ વાત થઈ હોય, તો એનું અર્થઘટન શું કરવું, એવો સુંદર પ્રશ્ન પૂછીને તેમણે આદર્શ શ્રોતાની ભૂમિકા ભજવી છે.

- સારંગપુર પ્રકરણ ૭માં શ્રીહરિએ શ્રીમદ્ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો, ત્યારે તેમાં એમ વાર્તા આવી કે જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. ત્યારે તરત જ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ! એ મનોમય ચક્ર તે શું છે ને તેની ધારા તે શી સમજવી?'
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૨માં મોક્ષધર્મની કથામાં વાત આવી કે સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તરત જ પૂછ્યું કે હે મહારાજ! એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનને કેમ જાણવા? અને એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનને ન જાણે તેમાં શી ન્યૂનતા રહે?

આમ, આવાં અનેક સ્થાને મુક્તાનંદ સ્વામીનું એક જાગ્રત શ્રોતા તરીકે દર્શન થાય છે.

વિદ્વત્તા - શાસ્ત્રજ્ઞતા - તાર્કિકતા

ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં શ્રીહરિ કૃપાવચનના આરંભે પૂર્વભૂમિકા બાંધતાં કહે છે: 'જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો, ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો...' એનો અર્થ એ કે આધ્યાત્મિક માર્ગે ખૂબ આગળ વધેલા હોય, સાધુતા હોય અને તેથી સત્સંગમાં ગુણોની સાચી મોટપ તો પામ્યા હોય, પણ વાતમાં

સમજતા ન પણ હોય. પરંતુ, વચનામૃતમાં મુક્તાનંદના સ્વામીના પ્રશ્નો પર વિચાર કરતાં તેઓની મુમુક્ષુતાની સાથે વિદ્વત્તા તથા શાસ્ત્રજ્ઞતાનું પણ સુપેરે દર્શન થાય છે.

મુક્તાનંદ સ્વામીએ જીવનલક્ષી પ્રશ્નોની સાથે અનેક તાત્ત્વિક પ્રશ્નો પણ પૂછ્યા છે, જેમાં તેમની વિદ્વત્તા આલોકિત થાય છે. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦માં તેમણે સવિકલ્પ-નિર્વિકલ્પ સમાધિની વ્યાખ્યા પૂછી ને પછી ભક્તિ અને ઉપાસનાનો ભેદ પૂછ્યો.
- ગઢડા મધ્ય પ્રકરણ ૬૩માં તેમણે પૂછ્યું કે દ્રષ્ટા અને દૃશ્યના મધ્યમાં જે વિચાર રહે છે, તે દ્રષ્ટાને ને દૃશ્યને જુદાં જુદાં રાખે છે. તેમાં જીવનું જાણપણું કયું જાણવું ને ઇન્દ્રિયો-અંતઃકરણનું જાણપણું કયું જાણવું ?
- વરતાલ પ્રકરણ ૧૩માં તેમણે પ્રશ્ન પૂછ્યો જે, ‘બ્રહ્મ વ્યાપક છે એમ સર્વે કહે છે, તે જે વ્યાપક હોય તેને મૂર્તિમાન કેમ કહેવાય અને જે મૂર્તિમાન હોય તેને વ્યાપક કેમ કહેવાય ?’

ઉપરાંત, ઘણી વાર વિવિધ શાસ્ત્રોના આધારે તેમણે શ્રીહરિ આગળ પ્રશ્નો પૂછ્યા છે અથવા તે શાસ્ત્રોનાં પ્રમાણો ટાંક્યાં છે, તે પરથી તેમની શાસ્ત્રજ્ઞતા પણ દૃશ્યમાન થાય છે. જેમ કે –

- કારિયાણી પ્રકરણ ૮માં તેમણે પ્રશ્ન પૂછ્યો કે ‘હે મહારાજ ! વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઇતિહાસને વિશે ભગવાનના સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. તે ભગવાન જે શ્રીપુરુષોત્તમ તેનું નિર્ગુણ સ્વરૂપ કેવી રીતે સમજવું ? અને સગુણ સ્વરૂપ તે કેવી રીતે સમજવું ? અને તે નિર્ગુણ અને સગુણ સ્વરૂપ સમજવાથી ભક્તને કેટલો સમાસ થાય ?’
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૨માં મોક્ષધર્મને આધારે અને પ્રથમ પ્રકરણ ૫૪માં ‘શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં જનક રાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહેલા ભાગવત ધર્મનું પોષણ કેમ થાય અને જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ?’ એ પ્રશ્નો પૂછ્યા.
- સારંગપુર પ્રકરણ ૧માં શંકરાચાર્ય રચિત ગ્રંથ મણિરત્નમાલાના શ્લોક *‘જિતં જગત્ કેન મનો હિ યેન’*ના આધારે પ્રશ્ન પૂછ્યો કે

મન જીત્યું કેમ જણાય ?

- લોયા પ્રકરણ ૭માં *'ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ' 'તમેવ વિદિત્વાઽતિમૃત્યુમેતિ નાન્યઃ પન્થાઃ વિદ્યતેઽયનાય'* એ બે શ્રુતિઓ ટાંકીને પ્રશ્ન પૂછ્યો.

તેમ જ ક્યારેક કોઈ શાસ્ત્રનું પ્રમાણ આપીને શ્રીહરિની વાતને પુષ્ટિ પણ આપતા. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૪૧માં તુલસીદાસના રામચરિતમાનસના એક દોહા – *'તુલસી જ્યાકે મુખન સે ભૂલે નિકસે રામ, તાકે પગ કી પહનિયાં, મેરે તન કી ચામ'* દ્વારા શ્રીહરિની વાતને પુષ્ટિ આપી.

ક્યારેક શ્રીહરિના પૂછવાથી જે તે શાસ્ત્રના શ્લોકોનો ટીકા સહિત અર્થ પણ કરતા.

- ગઢડા અંત્ય પ્રકરણ ૩૨માં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિક સાધુને કહ્યું કે *'વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ'* એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોકનો અર્થ કરો. ત્યારે તેમણે રામાનુજભાષ્યે સહિત તેનો અર્થ કર્યો.

આમ, ઉપરોક્ત વચનામૃતોના સંદર્ભો પરથી સ્પષ્ટ જણાય છે કે મુક્તાનંદ સ્વામી સાચા અર્થમાં બહુશ્રુત હતા. કારણ, અનેક શાસ્ત્રોના વિદ્વાન હતા.

મુક્તાનંદ સ્વામીની તેજસ્વિતા પણ ધ્યાનાકર્ષક છે. અગાઉ જોયું તેમ તેમણે પૂછેલા તાત્ત્વિક પ્રશ્નો તેમજ તેમણે પ્રશ્નોત્તરીમાં આપેલાં શાસ્ત્રપ્રમાણો તો તેમની તેજસ્વિતાના પુરાવા છે જ; તદુપરાંત, તેમણે કરેલાં તર્ક પણ તેમની તેજસ્વિતાની ગવાહી પૂરે છે. જેમ કે –

- વરતાલ પ્રકરણ ૫માં શ્રીહરિએ કહ્યું કે વાંકડા વાંકડા પ્રશ્ન કરો કે જેથી સૌનું આળસ ઊડી જાય. ત્યારે મુક્તાનંદ સ્વામીએ ભગવદ્‌ગીતાનો શ્લોક *'દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા। મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥'* ટાંકીને પ્રશ્ન પૂછ્યો કે એ શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે, 'જે પુરુષ મને પામે તે દુઃખે કરીને પણ ન તરાય એવી જે મારી ગુણમયી માયા તેને તરે છે.' ત્યારે જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને ભગવાનનું ભજન કરતાં થકાં કાંઈક અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થઈ આવે છે,

તેને માયા વિના બીજું કોણ કરતું હશે ?

- આવો જ વાંકડો એટલે કે તર્કબદ્ધ પ્રશ્ન તેમણે ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪માં પૂછ્યો છે કે શ્રુતિમાં એમ કહ્યું છે જે, *'અન્તે યા મતિઃ સા ગતિઃ'* અંતકાળે ભગવાનને વિશે મતિ રહે તો ગતિ થાય અને ન રહે તો ન થાય, એવો એ શ્રુતિનો અર્થ ભાસે છે. ત્યારે જે ભક્તિ કરી હોય તેનો શો વિશેષ છે?
- વરતાલ પ્રકરણ ૧૧માં પણ શ્રીહરિએ વાત કરી કે ચાર જણના દ્રોહથી જીવનો નાશ થાય. ત્યારે ખૂબ વિવેકથી પણ તર્કસંગત પ્રશ્ન મુક્તાનંદ સ્વામીએ કર્યો કે હે મહારાજ ! જીવ તો અવિનાશી કહ્યો છે, તેનો નાશ તે કેમ જાણવો ?
- લોયા પ્રકરણ ૧૦માં જ્યારે શ્રીહરિએ તર્કપુરઃસર પ્રતિપાદન કર્યું કે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી, પરમ સુખદાયી છે. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પણ એવો જ તર્કસભર પ્રતિપ્રશ્ન કર્યો : 'જ્યારે માયા સુખદાયી છે ત્યારે પરમેશ્વરનો ભક્ત હોય, તે ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારીને ભજન કરવા બેસે છે ત્યારે એને અંતઃકરણરૂપ માયા તે સંકલ્પ-વિકલ્પરૂપે કરીને કેમ દુઃખ આપે છે ?'
- ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં અચિંત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણને વિશે ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થયાનું વિશેષ કારણ કોણ છે ? ત્યારે એ પ્રશ્નનો વિસ્તારથી ઉત્તર આપતાં શ્રીહરિએ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરૂપનું વર્ણન કર્યું. પણ મુખ્ય મુદ્દો – એ ત્રણમાં ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થયાનું વિશેષ કારણ કોણ? એની સ્પષ્ટતા ન થવાથી મુક્તાનંદ સ્વામીએ તરત જ પ્રશ્ન પૂછ્યો : 'હે મહારાજ ! જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ, એને વિશે પરમેશ્વરને વિશે પ્રીતિ થવાનું કેને વિશે અધિક દૈવત આવ્યું ? તે સમજાણું નહીં.'

આમ, વચનામૃત ગ્રંથમાં ઉપર્યુક્ત પ્રશ્નોત્તરીઓમાં મુક્તાનંદ સ્વામીમાં વિદ્વત્તા, શાસ્ત્રજ્ઞતા અને તાર્કિકતાનો ત્રિવેણીસંગમ જોવા મળે છે.

વાણીવિવેક

કહેવાયું છે કે *'વિદ્યા વિનયેન શોભતે.'* મુક્તાનંદ સ્વામી અત્યંત તેજસ્વી, વિદ્વાન તેમજ શાસ્ત્રજ્ઞ હોવા છતાં એમનો એક વિરલ ગુણ એટલે એમનો વાણીવિવેક; જે એમના નિર્માનીપણાનો સૂચક છે. વચનામૃત ગ્રંથમાં શ્રોતાઓમાંથી સૌથી વધુ પ્રશ્નો કોઈએ પણ પૂછ્યા હોય તો એ મુક્તાનંદ સ્વામી છે. તે પ્રશ્નોનો અભ્યાસ કરતાં મુક્તાનંદ સ્વામીનો વાણીવિવેક જોવા મળે છે. ઘણુંખરું જ્યારે જ્યારે તેઓ શ્રીહરિને પ્રશ્ન પૂછે ત્યારે હાથ જોડીને પૂછે અને સંબોધનમાં પણ બહુધા 'હે મહારાજ !' કહે.

- ગઢડા મધ્ય પ્રકરણ ૧માં શ્રીહરિએ પ્રશ્ન-ઉત્તર કરવાની આજ્ઞા કરતાં મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને નમસ્કાર કરીને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! મોહનું શું રૂપ છે ?...'
- ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં જ્યારે શ્રીહરિએ કહ્યું કે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. પછી મુક્તાનંદ સ્વામી આદિક જે સર્વે હરિભક્ત હતા તેમણે હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! અમારે પણ એ જ નિશ્ચય રાખવો છે.'

ઘણી વાર શ્રીહરિ જે વાત કરે એ સીધી ગળે ઊતરે એવી ન હોય ત્યારે પણ જરાય આકળા-ઉતાવળા થયા વિના અત્યંત વિવેકથી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછીને પોતાની જિજ્ઞાસા સંતોષી છે.

- વરતાલ પ્રકરણ ૧૧માં શ્રીહરિએ કહ્યું કે ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને ચોથો ગરીબ મનુષ્ય, એમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : 'હે મહારાજ ! જીવ તો અવિનાશી કહ્યો છે, તેનો નાશ કેમ જાણવો ?'
- લોયા પ્રકરણ ૧૦ની સંતો સાથેની પ્રશ્નોત્તરીમાં પણ મુક્તાનંદ સ્વામીનો વિવેક છલકાઈ આવે છે. એ પ્રશ્નોત્તરી દરમિયાન ક્યાંક શ્રીહરિને પ્રશ્ન પૂછવાની ઇચ્છા થઈ હશે, પણ વચ્ચે અન્ય સંત દ્વારા

પ્રશ્ન પુછાયો હશે અને તેનો ઉત્તર આપવામાં તે પ્રશ્ન પૂછવાનો રહી ગયો હશે! પણ આ બાબત મુક્તાનંદ સ્વામીની નજર બહાર ગઈ નહોતી. તેથી આગળ જતાં યોગ્ય સમયે તેમણે શ્રીહરિને વિનંતી કરી: 'હે મહારાજ! હવે તમે જે પ્રશ્ન પૂછતા હતા તે પૂછો.'

શ્રીહરિના મુખે ઉત્તર-શ્રવણની ઈચ્છા

હમણાં જ મુક્તાનંદ સ્વામીના જીવનમાં જે વિવેકનો ગુણ જોયો, તે મુમુક્ષુતામૂલક હતો. અને તેથી જ પોતે અપ્રતિમ વિદ્વાન જ નહીં, પણ એક આદર્શ સાધક પણ હતા. આથી સાધનામાર્ગમાં ઘણું-ઘણું જાણતા હોવા છતાં શ્રીહરિના મુખે એમને ઉત્તર-શ્રવણની ઈચ્છા રહેતી. જેથી પોતે જે જાણતા હોય કે આચરતા હોય એમાં હજીયે જો કંઈક કચાશ રહી જતી હોય તો તે ટાળીને આગળ વધી શકાય. જુઓ ઉદાહરણો –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૬૭માં શ્રીહરિએ વિસ્તારથી સત્પુરુષનાં લક્ષણ કહીને પૂછ્યું કે એવા જે સત્પુરુષ હોય તેના સરખા ગુણ તે મુમુક્ષુને વિશે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'જેને આ લોકના સુખની ઈચ્છા નથી એવા સત્પુરુષ છે તેને વિશે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે અને જે એવો ન હોય તેમાં ન આવે.' તે વચનામૃતમાં શ્રીહરિએ તે ઉત્તર પણ માન્ય રાખીને વિશેષ વાત કરી.
- વળી, જ્યારે ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮માં આ જ પ્રશ્ન જ્યારે પરમાત્માનંદ સ્વામીએ પૂછ્યો ત્યારે શ્રીહરિએ એ જ ઉત્તર આપ્યો કે જે અહીં મુક્તાનંદ સ્વામીએ આપ્યો હતો.
- ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: 'ભગવાનને યથાર્થ જાણ્યા હોય ને ભગવાન તો કાંઈ ચમત્કાર ન દેખાડતા હોય ને બીજા જે જંત્ર-મંત્રવાળા હોય તે તો પરચો દેખાડતા હોય, તેને દેખીને ભક્તનું મન ભગવાનમાંથી કાંઈ ડગે કે ન ડગે?' આ પ્રશ્નનો ઉત્તર મુક્તાનંદ સ્વામીએ જેમ

શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણ ૩૮માં કૃપાવચનો ઉચ્ચાર્યાં છે, તદનુસાર જ આપ્યો, જે શ્રીહરિએ માન્ય કર્યો.

આમ, આધ્યાત્મિક માર્ગે મુક્તાનંદ સ્વામી ખૂબ આગળ વધેલા હતા. તેઓ શ્રીહરિનો સિદ્ધાંત-અભિપ્રાય પણ જાણતા હતા. સ્વયં શ્રીહરિ પણ જેમના ઉત્તર માન્ય રાખતા હતા. છતાં એવું પણ જોવા મળે છે કે જે તે વાત જાણતા હોવા છતાં તેઓ સાધનામાર્ગમાં વિશેષ સ્પષ્ટતા થાય, કંઈક નવું જાણવા મળે, તે હેતુસર શ્રીહરિના શ્રીમુખે તે વાત સુણવાની જિજ્ઞાસા સેવતા. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં અચિંત્યાનંદ સ્વામીએ પૂછ્યું કે ભગવાનમાં પ્રીતિ થવામાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણમાં અધિક શું? તેનો વિસ્તારથી ઉત્તર આપતાં શ્રીહરિએ એ ત્રણેની વ્યાખ્યા કરી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ જ પૂછ્યું કે એમાં એ ત્રણમાંથી કોને વિશે અધિક દૈવત આવ્યું એ સમજાયું નહીં. ત્યારે શ્રીહરિએ કહ્યું કે ભક્તિને વિશે દૈવત ઘણું છે, અને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી.

  આ વચનામૃતના ચાર વર્ષ બાદ વરતાલ પ્રકરણ ૩માં જ્યારે શ્રીહરિએ પૂછ્યું: 'જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય, તે એકાંતિક ભક્ત કહેવાય. એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે હોય તો પણ બાકીનાં ત્રણ એકના પેટામાં આવી જાય એવું એક કયું એ ચારેમાં શ્રેષ્ઠ છે?' ત્યારે મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામીએ ધર્મ કહ્યો. પોતે જ આ પ્રશ્ન પૂર્વે પૂછેલો હોવા છતાં ને ઉત્તર પણ જાણતા હોવા છતાં શ્રીજીમુખે કંઈક વિશેષ જાણવા મળે તે હેતુસર તેમણે અહીં આવો ઉત્તર આપ્યો.
- લોયા પ્રકરણ ૧૭માં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો: 'જેને પંચવિષયનો અભાવ હોય તે કેમ કળાય?' ત્યાં શ્રીહરિએ જે ઉત્તર આપ્યો એ સમયે મુક્તાનંદ સ્વામી પણ ત્યાં ઉપસ્થિત જ હતા, કારણ કે એના પછીનો પ્રશ્ન એમણે જ પૂછ્યો છે. છતાં સાત વર્ષ બાદ ગઢડા અંત્ય પ્રકરણ ૧૮માં શ્રીહરિએ જ્યારે એ જ પ્રશ્ન પુનઃ પૂછ્યો ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે 'હે મહારાજ!

આ તમારા પ્રશ્નનો ઉત્તર અમારાથી નહીં થાય, માટે તમે કૃપા કરીને કરો.'

આનો અર્થ એવો નથી કે મુક્તાનંદ સ્વામી એ સમયે શ્રીહરિએ આપેલા ઉત્તરોને ભૂલી ગયા હશે! કારણ, અગાઉ જોઈ ગયા તેમ તેઓ અત્યંત મેધાવી અને આદર્શ શ્રોતા હતા. વરતાલમાં શ્રીહરિએ મિથ્યાભિમાની વેદાંતાચાર્યનો શાસ્ત્રાર્થમાં પરાજય કર્યો હતો. એ વેદાંતાચાર્યે ત્યારબાદ વડોદરા જઈ ગાયકવાડ સરકારના દીવાન આગળ એવાં બણગાં ફૂંક્યાં કે 'મેં શાસ્ત્રાર્થમાં ભગવાન સ્વામિનારાયણને હરાવ્યા છે એ વાતની કોઈને જાણ ન થાય, એ માટે સ્વામિનારાયણે મને ભેટ-સોગાદો આપી છે.'

ત્યારે ગાયકવાડ સરકારે ફરીથી શાસ્ત્રાર્થ ગોઠવ્યો અને તેમના શાસ્ત્રાર્થના નિમંત્રણથી અને શ્રીહરિની આજ્ઞાથી વડોદરા ગયેલા મુક્તાનંદ સ્વામીએ શાસ્ત્રાર્થમાં તે વેદાંતાચાર્યને તે જ પ્રશ્નો પૂછ્યા કે જે શ્રીહરિએ વરતાલમાં પૂછ્યા હતા. અને વેદાંતાચાર્યની જે દશા વરતાલમાં થઈ હતી, તે જ દશા પુનઃ વડોદરામાં પણ થઈ અને ભગવાન સ્વામિનારાયણનો જયજયકાર થયો.

આમ, મુક્તાનંદ સ્વામી એક અપ્રતિમ તેજસ્વી વિદ્વાન હતા, તેથી પૂર્વે થયેલા પ્રશ્નોત્તરને ભૂલી જાય એવા નહોતા. માટે બધું જ જાણતા હોવા છતાં શ્રીહરિમુખે કંઈક વિશેષ જાણવાની તેમની જિજ્ઞાસા તેમની મુમુક્ષુતાનો એક નવો આયામ ખોલી આપે છે.

ઉત્તમ વાગ્ગેયકાર

જે ગાયક હોવાની સાથે કવિ પણ હોય તેને સાક્ષરો 'વાગ્ગેયકાર' કહીને નવાજે છે. વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં એ પણ સ્પષ્ટ થાય છે કે મુક્તાનંદ સ્વામી એવા ઉત્તમ વાગ્ગેયકાર હતા. જુઓ કેટલાંક ઉદાહરણો–

- વચનામૃત ગ્રંથના આરંભમાં જ મુક્તાનંદ સ્વામીની ગાનકલા નિમિત્ત બને છે. ગઢડામાં પરમહંસોના ઉતારામાં મુક્તાનંદ સ્વામી મધ્યરાત્રિએ કીર્તન ગાતા હતા. શ્રીહરિએ તપાસ કરાવી કે કોણ ગાય છે – મુક્તાનંદ સ્વામી કે બ્રહ્માનંદ સ્વામી? સેવક પાર્ષદોએ

તપાસ કરીને કહ્યું કે બ્રહ્માનંદ સ્વામી ગાય છે. શ્રીહરિએ કહ્યું કે 'ચાલો, આપણે પોતે જ જઈને જોઈએ.'

શ્રીહરિ પોતે પરમહંસોની જાયગામાં પધાર્યા, જ્યાં મુક્તાનંદ સ્વામી પ્રેમમગ્ન થઈ કીર્તનો ગાતા હતા. પછી શ્રીહરિએ ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત ઉદ્‌બોધ્યું.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧માં આરંભમાં વર્ણન આવે છે કે મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હતા.
- લોયા પ્રકરણ ૨માં પણ આવું જ વર્ણન શરૂઆતમાં છે કે મુક્તાનંદ સ્વામી આદિક જે પરમહંસ તે દૂકડ, સરોદા, સતાર, મંજીરાદિક વાજિંત્રને વજાડીને કીર્તનનું ગાન કરતા હતા.

આમ, તેઓ ગાયક જ નહીં, વાદક પણ હતા.

'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં આધારાનંદ સ્વામી વર્ણવે છે કે બ્રહ્મમુનિ દૂકડ એટલે કે તબલાં મુક્તમુનિ પાસે શીખ્યા હતા.

અરે, કેવળ ગાન, વાદન જ નહીં, પણ નૃત્ય પણ તેઓ અદ્‌ભુત કરતા.

સંગીતવિદ્યાની સાથે સાહિત્યમાં પણ તેઓ પ્રવીણ હતા. તેઓ એક કુશળ કવિ પણ હતા. તેમને સ્વામિનારાયણ સંપ્રદાયના આદિ કવિ કહીએ તો પણ ખોટું નથી. સંપ્રદાયમાં સૌપ્રથમ કીર્તન રચી શ્રીહરિ સમક્ષ ગાનાર તેઓ હતા, પછી બ્રહ્માનંદ સ્વામીએ દીક્ષા લીધી ને શ્રીહરિની આગળ કીર્તનો ગાયાં ત્યારે તે સાંભળીને શ્રીહરિએ કહ્યું: 'આ કવિને મુક્તમુનિ જેવા જાણવા અને તે બે કવિનાં કીર્તન ગાવાં.'

- ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪માં પણ શ્રીહરિએ સામેથી ભગવાન અને સંતના મહિમાનાં મુક્તાનંદ સ્વામીનાં કીર્તનો – *'સુખદાયક રે, સાચા સંતનો સંગ, સંતસમાગમ કીજીએ'* ગવડાવ્યાં.
- ગઢડા મધ્ય પ્રકરણ ૧૯માં પણ શ્રીહરિ કહે છે કે પોતે રાત્રિએ સૂતા ને સ્વપ્નમાં ગોલોકમાં ગયા, ત્યાં અનંત પાર્ષદ દીઠા. તેમાં કેટલાક ભગવાનની સેવામાં હતા ને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાતા હતા ને કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાતા હતા.
- વળી, મુક્તાનંદ સ્વામીનાં ભજનોમાં શ્રીહરિનો અંતરનો અભિપ્રાય,

સિદ્ધાંત તેમજ ભક્તિ-ઉપાસનાની વાતો પણ સુપેરે વણાઈ જતી હોવાથી ગઢડા મધ્ય પ્રકરણ ૩૫માં શ્રીહરિએ સર્વ સત્સંગીઓને આજ્ઞા કરી છે: 'મુક્તાનંદ સ્વામી આદિક સાધુનાં જે કાવ્ય, કીર્તન તે ગાવવાં ને સાંભળવાં તથા ભગવાનનાં અવતારચરિત્રે યુક્ત એવાં કાવ્ય, કીર્તન બીજા કવિનાં હોય તો તેને પણ ગાવવાં ને સાંભળવાં.'

- વરતાલ પ્રકરણ ૧૧માં પણ ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો એ વાત વિસ્તારથી સમજાવીને શ્રીહરિએ બે પદ ગવડાવ્યાં. એક નરસિંહ મહેતાનું *'મારા હરજીશું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ'* અને બીજું મુક્તાનંદ સ્વામીનું *'મારા વહાલાજીશું વહાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ.'* અને પછી એ બે પદ શીખ્યાની સત્સંગીમાત્રને આજ્ઞા કરીને એમ કહ્યું: 'એ બે પદમાં વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી.'

  મુક્તાનંદ સ્વામી રચિત આ ભજનનો ઇતિહાસ જોઈએ, તો એમનું કવિત્વ પણ મુમુક્ષુતામૂલક હતું તે સ્પષ્ટ થાય છે.

  મુક્તાનંદ સ્વામી મંડળધારી સદ્‌ગુરુ સંત હતા. એક વાર શ્રીહરિની આજ્ઞાથી તેઓ ધ્રાંગધ્રા જઈને રામમહોલમાં રહ્યા. પણ ત્યાં સાથે ઊતરેલા ગંજેરી-ભંગેરી બાવાઓના ત્રાસથી ખૂબ કંટાળ્યા અને શ્રીહરિના દીક્ષિત સંતોનો મહિમા પણ સમજાયો, ત્યારે તેમણે આ ભજન *'મારા વહાલાજીશું વહાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ, તે વિના કેને ભજીએ'* લખીને શ્રીહરિને મોકલ્યું.

  આમ, મુક્તાનંદ સ્વામીના અંતર્દષ્ટિસભર મનોમંથનમાંથી આ કાવ્ય-સર્જન થયું છે, જે તેમની મુમુક્ષુતાનો પુરાવો છે. એ કાવ્ય આજે પણ કોઈ પણ સાધક માટે એટલું જ પ્રેરણાસ્પદ છે.

'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં'

આદર્શ મુમુક્ષુ હોય તો એની સ્વયં ભગવાનને ચિંતા રહે.

- ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં શ્રીહરિએ આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસપણું – આ ત્રણ અંગમાંથી મુમુક્ષુએ એક અંગ અવશ્ય

સિદ્ધ કરવું, એમ કહીને વાત કરી: 'આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે. તે બહુધા તો આ તો મુક્તાનંદ સ્વામી સારુ કરી છે. અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે ને એમને શરીરે મંદવાડ છે, તે રખે કોઈ વાતની સમજણમાં ખામી રહી જાય નહીં. એમ જાણીને આ વાર્તા કરી છે.'

અને સાચે જ, આ વચનામૃત મુક્તાનંદ સ્વામી માટે અણસમજણ ટાળનારું બની રહ્યું. કારણ, ગુણાતીતાનંદ સ્વામી પણ એમની એક વાતમાં કહે છે: ''મહારાજ સાથે મુક્તાનંદ સ્વામીને દસ વર્ષ સુધી જ્ઞાનનો ભેદ રહ્યો હતો. પછી મધ્યનું બાસઠમું – ત્રણ અંગનું વચનામૃત સમજાવ્યું ત્યારે સત્ય સિદ્ધાંત સમજાતાં *'મારો મત કહું તે સાંભળો...'* એ કીર્તન કર્યું.''

- ગઢડા અંત્ય પ્રકરણ ૩૦માં પણ શ્રીહરિએ પોતાને નિરંતર રહેતાં પાંચ વાર્તાનાં અનુસંધાનમાં ચોથું અનુસંધાન જણાવતાં કહ્યું: 'મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત એ જે સર્વ છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહીં? અને આની વાસના ટળી છે ને આને આની નથી ટળી, એમ સર્વેનાં હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે.'

  આમ, આ વચનામૃતમાં પણ શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને યાદ કર્યા. કારણ, આવા ખરેખરા મુમુક્ષુ હોય, તો ભગવાનને પણ તેમને વિશે વિશેષ હેત બંધાય છે અને તેમની સતત ચિંતા રહે છે.

આમ, વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતા સર્વ સાધકો માટે મુક્તાનંદ સ્વામીનું જીવન ચિરંતન કાળ સુધી આદર્શ મુમુક્ષુતાની દીવાદાંડી સમું બની રહેશે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી એટલે મહાસમર્થ પ્રતાપી યોગીવર્ય. નાનપણમાં તેમના જન્મસ્થળ ટોડલાથી થોડે દૂર આવેલ પ્રસિદ્ધ તીર્થ શામળાજી મંદિરની મૂર્તિ નિત્ય તેઓ સાથે રમવા આવતી. તેઓના હસ્તે યજ્ઞમાં આહુતિ અપાતી ત્યારે યજ્ઞનારાયણ દર્શન દેતા.

તેઓ ગ્રહોની ગતિ ફેરવી શકે તેવા સમર્થ અને મહાવિદ્વાન હતા. તેઓની વિદ્વત્તા અને સાધુતાથી પ્રભાવિત થઈને સયાજીરાવ ગાયકવાડ સહિતના ધુરંધરો ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

અતિ સમર્થ હોવા છતાં તેઓ અત્યંત નમ્ર હતા. પોતાનું અપમાન કરનારાને પણ ઉદાર દિલે ક્ષમા આપતા. વિદ્વત્તા અને સાધુતા ઉભયનો મણિકાંચન-સંયોગ તેમના જીવનમાં દૃશ્યમાન થાય છે. તેમના વિશે શ્રીહરિચરિત્રામૃતસાગરમાં લખાયું છે: 'તેઓ સત્સંગ વિના બ્રહ્માંડનાં મોટાં સુખ અંતે કાકવિષ્ટા સમાન દેખતા. તેમનું અંતર જેવું શુદ્ધ હતું તેને શ્રીહરિ યથાર્થ જાણતા હતા. તેઓમાં સંતનાં બધાં લક્ષણ સહેજે વર્તતાં હતાં, પણ તેનો લેશમાત્ર છક નહોતો.'

તેઓ પણ વચનામૃતના ચાર સંપાદક સંતોમાં એક હતા.

સત્સંગમાં મોટેરા

સ્વયં શ્રીહરિએ તેમને સમગ્ર સત્સંગ સમુદાયના મોટેરા નિયુક્ત કર્યા હતા. વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં પણ તેમની આ મોટપ સ્પષ્ટ થાય છે. આ રહ્યાં કેટલાંક પ્રમાણો –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૧૭માં શ્રીહરિને આજ્ઞાપાલન અને વર્તમાન-

ધર્મપાલનમાં કોઈ હિંમત વિનાની વાત ન કરે એવું નવું પ્રકરણ ચલાવવું હતું, ત્યારે મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી આદિક સાધુને તેડાવીને આ વાત કરી. કારણ કે મોટેરા જો આ વાત અપનાવી પ્રવર્તન કરે તો સર્વ સત્સંગ-સમાજ એને અનુસરે.

- લોયા પ્રકરણ ૧૩માં શ્રીહરિએ આજ્ઞા કરી કે મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો.
- ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં શ્રીહરિએ મોટેરા સંતોમાં તેમને ગણ્યા. ત્યાં શ્રીહરિ એમ બોલ્યા: 'અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલો ખાચર, દાદો ખાચર એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો...'

તેમની આ મોટપ પણ કેવળ વ્યાવહારિક જ નહીં, પરંતુ ગુણોની પણ મોટપ હતી, જેનું પ્રમાણ સ્વયં શ્રીહરિએ કર્યું છે. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં દાસત્વભક્તિની ઉત્તમ સ્થિતિનું વર્ણન કરી શ્રીહરિએ કહ્યું કે એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે.
- ગઢડા અંત્ય પ્રકરણ ૩૩માં શ્રીહરિએ એમ વાર્તા કરી: 'ધન-દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહીં અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહીં, એવા તો આ સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહીં.' એમ કહીને વળી બોલ્યા જે, 'એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહીં.'
- ગઢડા મધ્ય પ્રકરણ ૫૬માં પણ શ્રીહરિ વાત કરે છે: 'આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો આત્મા વિચારમાં જતો રહ્યો. પછી તેમાં એમ જણાયું જે, 'ભગવાનને વિશે જે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે.' પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે ભગવાનને વિશે પ્રીતિવાળા હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા...'

આમ, ભગવાનને વિશે પ્રીતિવાળા ભક્તોમાં પણ શ્રીહરિને પ્રથમ ગોપાળાનંદ સ્વામી યાદ આવે છે, જે બતાવે છે કે શ્રીહરિને પણ તેઓ કેટલા પ્રિય હશે!

આમ, સ્વયં શ્રીહરિએ જ તેમની સદ્‌ગુણોની મોટપ પ્રમાણિત કરી છે. તેથી જ કોઈ વાતની ગંભીરતા બતાવવા શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની જેમ તેમનું પણ નામ લઈને વાત કરતા.

- ગઢડા અંત્ય પ્રકરણ ૩૩માં જ આગળ શ્રીહરિએ વાત કરી કે એ એવા મોટા છે તો પણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહીં. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે તે જેવા પણ રહે કે ન રહે, એમાં પણ સંશય છે.'

આમ, આવા સત્સંગમાં મોટેરાની પણ કુસંગથી આવી સ્થિતિ થાય, તો બીજાની તો શી હાલત થાય?! માટે તેમના મિષે શ્રીહરિ સર્વને વાતની ગંભીરતા સમજાવતા.

મુમુક્ષુતાજન્ય પ્રશ્નો

શ્રીહરિને ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતમાં પૂછેલા પ્રશ્નો પર દૃષ્ટિ કરતાં, તે બુદ્ધિથી નહીં પણ હૃદયમાંથી જન્મેલા લાગે; અર્થાત્ મુમુક્ષુતામાંથી જન્મેલા લાગે. એમની સાધનાના પરિપાકરૂપે એમણે પૂછ્યા હોય તેમ અનુભવાય. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯માં તેમણે પૂછ્યું છે: 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમ પામે?'
- લોયા પ્રકરણ ૧૬માં શ્રીહરિએ વાસના કુંઠિત થઈ ન હોય, કુંઠિત થઈ હોય અને નિર્મૂળ થઈ હોય, તેનાં લક્ષણો કહ્યાં. ત્યારે તેમણે પૂછ્યું: 'વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જતી તેનું શું કારણ છે?'
- કારિયાણી પ્રકરણ ૧૦માં મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના

પ્રશ્નોમાં જ્યારે શ્રીહરિએ ભગવાનના રાજીપા માટે તપ અને ત્યાગનું ભારપૂર્વક પ્રતિપાદન કર્યું, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું: 'હે મહારાજ! ત્યાગનો ને તપ કરવાનો મનમાં ઈશક તો હોય અને ત્યાગ કે તપ કરતાં વચમાં કોઈક વિઘ્ન આવી પડે તો તેનું કેમ કરવું?' આ પ્રશ્નમાં જ તેમનો ત્યાગ અને તપનો ઈશક છલકાય છે.

જ્યારે તેમને એક હરિભક્ત બાપુ શિવરામે રેશમી ધોતિયું પહેરવા આપ્યું અને જ્યાં સુધી ફાટે નહીં ત્યાં સુધી પહેરવા આગ્રહ કર્યો, ત્યારે તેમણે એવું કસોકસ તાણીને પહેર્યું કે બેસતાંવેંત જ ફાટી ગયું!

- કારિયાણી પ્રકરણ ૧૦માં શ્રીહરિએ ઉત્તર આપ્યો: 'જેને જે વાતનો ઈશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહીં ત્યારે તેનો સાચો ઈશક જાણવો.

શ્રીહરિના આ વચન પ્રમાણે ખરેખર તેવો ત્યાગનો સાચો ઈશક ગોપાળાનંદ સ્વામીના જીવનમાં જોવા મળે છે.

ઉત્તર જાણતા હોવા છતાં શ્રીહરિના મુખે જાણવાની ઈચ્છા

વચનામૃતમાં શ્રીહરિ સાથેના ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોત્તરમાં સ્પષ્ટ જાણવા મળે છે કે તેઓ શ્રીહરિનાં રુચિ-અભિપ્રાયને સારી રીતે જાણતા હતા. જેમ કે –

- ગઢડા મધ્ય પ્રકરણ ૨૫માં વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહી બે જણ જ્યારે દેહ મૂકશે ત્યારે શી ગતિ પામશે? એ પ્રશ્ન શ્રીહરિએ પૂછ્યો, ત્યારે એનો ગોપાળાનંદ સ્વામીએ જે ઉત્તર કર્યો તે શ્રીહરિએ માન્ય રાખ્યો છે.
- ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં શ્રીહરિએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો કે 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે અતિ તીવ્રપણે વર્તતાં હોય તો પણ ધર્મમાં કાંઈક સંકરપણું થાય ને વૈરાગ્યમાં કોઈક ઠેકાણે રાગ રહી જાય ને ભક્તિમાં પણ કાંઈક શિથિલપણું થઈ જાય અને જ્ઞાનમાં પણ કાંઈક દેહઆસક્તિ રહી જાય તેનું શું કારણ હશે?' ત્યારે તેનો જે ઉત્તર ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ

આપ્યો છે, તે પણ શ્રીહરિએ માન્ય રાખ્યો છે.

આમ, તેઓ શ્રીહરિના રુચિ-અભિપ્રાય સુપેરે જાણતા હોવા છતાં, ઘણી વાર શ્રીહરિના મુખે ઉત્તર સાંભળવાની તેમની ઈચ્છા અનેક પ્રશ્નોત્તરીમાં પ્રગટ થઈ આવે છે; જે એમની મુમુક્ષુતાની દ્યોતક છે. જેમ કે –

- વરતાલ પ્રકરણ ૩માં શ્રીહરિએ પૂછ્યું કે 'આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યાં તે તે એકના પેટામાં આવી જાય એવું એક કયું એ ચારેમાં શ્રેષ્ઠ છે?' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! એવો તો એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે.'

  હવે આ વચનામૃત પૂર્વે ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં શ્રીહરિએ વાત કરી હતી કે જ્ઞાન, વૈરાગ્ય કરતાંય ભક્તિમાં અધિક દૈવત છે. ગઢડા મધ્ય પ્રકરણ ૨૬માં પણ શ્રીહરિએ કહ્યું હતું કે 'ભક્તિમાં અંતરાય કરતાં હોય તો જ્ઞાન, વૈરાગ્યાદિકને પણ પાછાં પાડવાં.' ગઢડા મધ્ય પ્રકરણ ૩૨માં પણ શ્રીહરિએ જણાવ્યું હતું કે 'આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી.' તો શું આ સદ્‌ગુરુઓ શ્રીહરિનો આટલો સ્પષ્ટ અભિપ્રાય ન જાણતા હોય? જાણતા જ હોય! પણ શ્રીહરિના મુખે કંઈક વિશેષ જાણવા મળે તે હેતુસર તેમણે વરતાલ પ્રકરણ ૩માં ધર્મને બીજા ત્રણેય કરતાં અધિક બતાવ્યો.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૪૫માં જે રીતે એમણે પ્રશ્ન પૂછ્યો એ જોતાં જ ખ્યાલ આવે કે એમને ઉત્તર ખબર જ છે, છતાં કંઈક નવું જાણવા મળે તે હેતુસર તેમણે પ્રશ્ન પૂછ્યો: 'હે મહારાજ! કેટલાક વેદાંતી એમ કહે છે જે, 'ભગવાનને આકાર નથી' અને તેવા જ પ્રતિપાદનની શ્રુતિઓને ભણે છે અને કેટલાક જે નારદ,

શુક, સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરે છે, તે એ બેમાંથી કોણ સાચા છે?' પ્રશ્નની રજૂઆતમાં જ એમણે સાકારવાદી ભક્તો માટે નારદ, શુક, સનકાદિક સરખા એવા શબ્દ વાપર્યા છે, એ જ બતાવે છે કે એમનો પક્ષ જ સાચો છે. આમ, ઉત્તર અર્થાત્ શ્રીહરિનો અભિપ્રાય પોતે જાણતા હતા, છતાં કંઈક વિશેષ જાણવા મળે તે હેતુથી આ પ્રશ્ન પૂછ્યો છે. તદુપરાંત એ પ્રશ્ન કદાચ એમણે બીજા માટે પણ પૂછ્યો હોઈ શકે, જેથી બીજાના મનનું પણ સમાધાન થાય.

પરહિતાર્થે પૂછેલા પ્રશ્નો

વચનામૃત ગ્રંથમાં ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોનું અવલોકન કરતાં, તેમણે કેટલીક વાર અન્યના હિત માટે પણ પ્રશ્નો પૂછ્યા હોય તેમ જણાય છે.

જેમ આગળ ગઢડા પ્રથમ પ્રકરણ ૪૫માં જોયું એમ એ પ્રશ્નોના શબ્દો પરથી પ્રતીતિ થાય છે કે તેઓ તો શ્રીહરિનો અભિપ્રાય જાણે છે પણ અન્યને પણ સ્પષ્ટતા થાય તે હેતુસર પૂછી રહ્યા છે.

તેવો જ પ્રશ્ન તેમણે વરતાલ પ્રકરણ ૧૧માં પૂછ્યો છે: 'આ સંસારને વિશે જે પંડિત છે તે શાસ્ત્ર, પુરાણ સર્વે વાંચે છે પણ તેને ભગવાનનો ને સંતનો જેમ છે તેમ મહિમા કેમ સમજાતો નથી?'

આ વચનામૃતમાં આ પ્રશ્ન પછીનો જ પ્રશ્ન શ્રીહરિએ એ સમયના ગુજરાતના અગ્રગણ્ય પંડિત દીનાનાથ ભટ્ટને પૂછ્યો છે. એટલે દીનાનાથ ભટ્ટ જેવા પ્રખર પંડિત સભામાં હાજર છે અને સાંપ્રદાયિક ઈતિહાસમાં અવગાહન કરતાં જણાય છે કે તેઓ ઘણા સમયથી શ્રીહરિના યોગમાં હતા, છતાં તેમને શ્રીહરિનો યથાર્થ મહિમા સમજાયો નહોતો. તેથી તેમને શ્રીહરિને વિશે મનુષ્યભાવ પણ આવ્યો હતો. તેથી જાણે તેમને અનુલક્ષીને ગોપાળાનંદ સ્વામી આ પ્રશ્ન પૂછી રહ્યા હોય તેમ લાગે છે.

તેવી જ રીતે ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં ગોપાળાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે: 'જેને બાળ અવસ્થા હોય અથવા યૌવન અવસ્થા હોય, તેને કેવા પુરુષનો સંગ કરવો?' આ પ્રશ્ન જ્યારે પુછાયો, ત્યારે ગોપાળાનંદ સ્વામી ૪૭ વર્ષે યૌવન વટાવીને આધેડ વયમાં પ્રવેશી રહ્યા હતા. તેથી દેખીતું છે કે

આ પ્રશ્ન તેમણે પરહિતાર્થે જ પૂછ્યો છે.

તાર્કિક, વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ

વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નો કેવળ એક શ્રદ્ધાળુ મુમુક્ષુના નહીં, પણ તાર્કિક અને શાસ્ત્રજ્ઞ વિદ્વાનના પ્રશ્નો છે. મુક્તાનંદ સ્વામીની જેમ જ ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોનો અભ્યાસ કરતાં તેઓમાં પણ સાધુતા અને વિદ્વત્તા ઉભયનો સુભગ સમન્વય થયો છે.

જીવનલક્ષી પ્રશ્નોની સાથે તાત્ત્વિક પ્રશ્નો પણ તેમણે શ્રીહરિ સમક્ષ ઉપસ્થિત કર્યા છે. કારિયાણી પ્રકરણ ૪માં શ્રીહરિએ આજ્ઞા કરી કે માંહોમાંહી પ્રશ્નોત્તર કરો. ત્યારે તેમણે ભજનાનંદ સ્વામીને પૂછ્યું: 'આ દેહને વિશે જીવનું જાણપણું કેટલું છે ને સાક્ષીનું જાણપણું કેટલું છે?'

તેમજ આગળ ગઢડા પ્રથમ પ્રકરણ ૪૫માં એમનો જે પ્રશ્ન જોયો, તેમાં તેમની શાસ્ત્રજ્ઞતા તથા વિદ્વત્તાનાં દર્શન થાય છે.

સાથે તેમણે શ્રીહરિએ જે વાત કરી એ બધી મૂઢપણે સ્વીકારી લીધી હોય, એવું પણ નથી. જ્યાં જે વાત માન્યામાં ન આવે ત્યાં તાર્કિક પ્રતિપ્રશ્ન દ્વારા તેમણે શંકાનું સમાધાન પણ કર્યું છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩માં એમણે કરેલા પ્રતિપ્રશ્નોનું અવલોકન કરતાં તેમનું તર્કશીલ અને વિદ્વત્તાસભર વ્યક્તિત્વ ઊપસી આવે છે.

નિખાલસતા - પ્રામાણિકતા

ગોપાળાનંદ સ્વામીના શ્રીહરિ સાથેના એક પ્રશ્નોત્તરમાં બહાર તરી આવતો એક ગુણ છે : તેમની નિખાલસતા - પ્રામાણિકતા. ક્યારેક શ્રીહરિએ તેમને પોતાને જ ઉદ્દેશીને વાત કરી હોય કે ઠપકો પણ આપ્યો હોય, તો પણ તેમાં કોઈ બાદબાકી કર્યા વિના સર્વ મુમુક્ષુ ભક્તોના લાભાર્થે તેમણે યથાતથા તેનું સંકલન કરી વચનામૃતમાં તે વાત સંપાદિત કરી છે, જે તેમની નિખાલસતા અને પ્રામાણિકતા સૂચવે છે.

સાંપ્રદાયિક ઈતિહાસ જોતાં ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો હતો, તે સર્વવિદિત છે. એવું પણ જાણવા મળે છે કે જ્યારે એક બાજુ સંતો દાદાખાચરના દરબારમાં પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિનું સુખ લેતા હોય, ત્યારે

તેઓ બીજી બાજુ લક્ષ્મીવાડીમાં શ્રીહરિની તે મૂર્તિનું ધ્યાન ધરીને આનંદ લેતા હતા. તેથી ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં શ્રીહરિએ તેમને જ ઉદ્દેશીને પ્રશ્ન પૂછ્યો: 'અષ્ટાંગયોગ સિદ્ધ થાય છે અથવા આત્મદર્શન થાય છે, તે તો ભગવાન ને ભગવાનના સંતની કૃપા થકી થાય છે. તે એ યોગ ને આત્મદર્શન સિદ્ધ થયાનું કારણ જે ભગવાન ને ભગવાનના સંત, તેને વિશે વૃત્તિ ગૌણ થઈ જાય છે ને અષ્ટાંગયોગ ને આત્મદર્શન એને વિશે વધુ લગની થાય છે તેનું શું કારણ હશે?' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ઉત્તર આપતાં કહ્યું: 'એ યોગીને યોગાભ્યાસ કરતે થકે યોગ સિદ્ધ થાય છે તેનું કાંઈક માન આવે છે, તેણે કરીને ભગવાનની કોરે કાંઈક વૃત્તિ ગૌણ થઈ જાય છે.'

સામે શ્રીહરિએ પ્રતિપ્રશ્ન પૂછ્યો: 'જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે એ યોગી છે તે બ્રહ્મરૂપ થાય છે. તે બ્રહ્મમાં તો કોઈ જાતનું માન હોય નહીં. માટે ઉત્તર સંભવે નહીં.' પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ! એ તો કાંઈ સમજાતું નથી, માટે કૃપા કરીને કહો.'

પછી શ્રીહરિએ – પોતાની ખોટ ન સૂઝતી હોય તો કોઈ મોટાની સાઈદી લેવાની વાત કરી. તેમજ ભગવાનને પ્રાર્થના પણ કરવાની વાત કરી.

આમ, ભલે તેમને ઉદ્દેશીને જ શ્રીહરિએ આ વાત કરી હોય, તે બધા જાણતા હોવા છતાં તેમણે વચનામૃતમાં ખૂબ પ્રામાણિકપણે જેમ છે તેમ તે વાત સંપાદિત કરી છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી

શતાવધાની રાજકવિ લાડુદાન બાલ્યકાળથી જ અસાધારણ પ્રતિભાથી સંપન્ન હતા. ખૂબ જ નાની ઉંમરે પિંગળશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરી કચ્છ, ધ્રાંગધ્રા, જૂનાગઢ આદિ રાજ્યોનાં સન્માન, ઈલકાબો, પ્રમાણપત્રો, ભેટ-સોગાદોને પ્રાપ્ત કરતાં કરતાં ભાવનગર આવ્યા. ત્યાં ભાવનગર નરેશ પાસેથી પણ રાજકવિપદ પ્રાપ્ત કરી, તેના વેણે શ્રીહરિની પરીક્ષા કરવા ગઢડા આવ્યા. પરંતુ મીઠાની પૂતળી જેમ સાગરનો તાગ લેવા જાય તેવી દશા થઈ. ગોપીઓને ઉપદેશ આપવા ગયેલા ઉદ્ધવજીની જેમ પોતે દાદાખાચરની બહેનો જયા-લલિતાના ઉપદેશે લાડુદાનમાંથી શ્રીરંગદાસ બન્યા. પોતાની કલાને શ્રીહરિના સાંનિધ્યમાં નવો ઓપ આપી પોતે સંપ્રદાયમાં પણ અસાધારણ પ્રગતિ કરતા રહ્યા. ઊગતાં જ સૂર્ય મધ્યાહ્‌ને પહોંચે તેમ અલ્પ સમયમાં પોતે સંપ્રદાયના સ્તંભ સમા બની રહ્યા. અનેકવિધ કલાઓ તેમજ વ્યવહારમાં પણ પ્રવીણ એવા બ્રહ્માનંદ સ્વામીની મુમુક્ષુતામૂલક જ્ઞાનપિપાસા પણ અતિ તીવ્ર હતી. તેમનું આવું બહુકોણીય વ્યક્તિત્વ વચનામૃતમાં તેમણે કરેલી પ્રશ્નોત્તરીમાં ઝિલાયું છે, જે એમની અસાધારણ પ્રતિભાનું યત્કિંચિત્ દર્શન કરાવી જાય છે, તે આપણે હવે જોઈશું.

સત્સંગમાં મોટેરા

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સર્વવિદિત છે જ કે બ્રહ્માનંદ સ્વામી સંપ્રદાયના અગ્રગણ્ય સંતોમાંના એક હતા. વચનામૃત ગ્રંથ પણ આ વાતને સમર્થન આપે છે.

- લોયા પ્રકરણ ૧૩માં શ્રીહરિએ આજ્ઞા કરી કે મોટેરા મોટેરા

પરમહંસ પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે.

- ગઢડા મધ્ય પ્રકરણ ૬૬નું તો શીર્ષક જ પરમહંસોએ આપ્યું છે: 'સદ્‌ગુરુના પ્રશ્નોનું - ગોળો ઝાલ્યાનું.' તેમાં શ્રીહરિએ જે છ સદ્‌ગુરુ સંતોને પ્રશ્ન પૂછ્યા છે, તેમાં ત્રીજા બ્રહ્માનંદ સ્વામી છે.
- ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં જે મોટેરા સંતોનાં અંગ ગણાવ્યાં તેમાં બ્રહ્માનંદ સ્વામીનું પણ અંગ ગણાવ્યું છે.
- ગઢડા અંત્ય પ્રકરણ ૧૩માં પણ મોટા મોટા સંતોમાં બ્રહ્માનંદ સ્વામીને ગણવામાં આવ્યા છે.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧માં પણ યોગાનંદ સ્વામીના પ્રશ્નના નિરાકરણ માટે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને ઉત્તર કરાવ્યો છે.

આવી વિવિધ વિગતો બતાવે છે કે શ્રીહરિ સ્વયં તેમને મોટપ આપતા હતા.

કઈ કઈ રીતે તેઓ મોટેરા હતા, તે પણ આ વચનામૃત ગ્રંથના શબ્દોમાં જ માણીએ.

અપ્રતિમ કવિ

ત્યાગાશ્રમ ગ્રહણ કર્યા બાદ પણ બ્રહ્માનંદ સ્વામીનું કવિત્વ ઓર નિખરી ઊઠ્યું હતું. અને એટલે જ શ્રીહરિએ તેમનું પદ *'નૈનુકા જોર નઝારા, પિયા તેરે નૈનહુકે'* સાંભળીને કહ્યું હતું કે 'આ કવિને મુક્તમુનિ જેવા જાણવા અને તે બે કવિનાં કીર્તન ગાવાં.' અને જાણે શ્રીહરિની આ આજ્ઞા કેવળ મૃત્યુલોકના જ ભક્તો નહીં, પણ અન્ય લોકના ભક્તો પણ પાળતા હોય તેવું લાગે છે. કારણ, ગઢડા મધ્ય પ્રકરણ ૧૯માં શ્રીહરિ કહે છે: 'ભગવદ્‌ગીતા ઉપર જે રામાનુજભાષ્ય છે તેની કથા સાંભળીને અમે આજ રાત્રિએ સૂતા હતા. પછી અમને સ્વપ્ન થયું જે, અમે ગોલોકમાં ગયા, ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા. તેમાં... કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે...'

બ્રહ્માનંદ સ્વામીએ રચેલાં હજારો પદો, છંદો, દોહા તેમજ સમગ્ર

વચનામૃત ગ્રંથનો તેમણે કરેલો વ્રજ-અવધિ ભાષામાં પદ્યાત્મક અનુવાદ તેમનાં ઉત્કૃષ્ટ કવિત્વની છડી પોકારે છે.

ગુજરાતના જાણીતા લોકકવિ પદ્મશ્રી દુલા ભાયા કાગ પણ કહેતા: 'બ્રહ્માનંદ સ્વામીના પેંગડામાં પગ નાખી શકે એવો દેવીપુત્ર હજી પાક્યો નથી.' બ્રહ્માનંદ સ્વામીના રેણકી છંદ સાંભળી નોબલ પારિતોષિક વિજેતા કવિવર રવીન્દ્રનાથ ટાગોર પણ પ્રભાવિત થઈ ગયા હતા. ગાંધીજીએ પણ પોતાના આશ્રમોમાં ગવાતાં ભજનોની પુસ્તિકા 'આશ્રમ ભજનાવલી'માં બ્રહ્માનંદ સ્વામીનાં અનેક પદોનો સમાવેશ કર્યો છે.

વિદ્વત્તા

કવિત્વની સમાંતરે વચનામૃતમાં બ્રહ્માનંદ સ્વામીની વિદ્વત્તાનું પણ ક્વચિત્ દર્શન ઉપલબ્ધ થાય છે. જેમ કે ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨માં તેમણે દીનાનાથ ભટ્ટ સાથે મળીને પ્રશ્ન પૂછ્યો છે. તત્કાલીન અંગ્રેજ અમલદારોના પ્રાપ્ત લખાણમાં જાણવા મળે છે કે દીનાનાથ ભટ્ટ તત્કાલિન ગુજરાતના અગ્રગણ્ય મૂર્ધન્ય વિદ્વાન હતા. તેમની સાથે રહીને બ્રહ્માનંદ સ્વામી પ્રશ્ન પૂછી શકતા હોય, તો સ્વાભાવિક છે કે તેઓ પણ વિદ્વાન હોય.

વળી, તેમના પ્રશ્નો પરથી પણ સમજાય છે કે તેઓ શાસ્ત્રોના જ્ઞાતા ને વિદ્વાન છે. લોયા ૧૫માં શ્રીહરિ અને નિત્યાનંદ સ્વામી વચ્ચે જીવ-વિષયક તત્ત્વચર્ચા નીકળી, તેમાં વચ્ચે બ્રહ્માનંદ સ્વામીએ જીવના સ્વરૂપ સંબંધી પ્રશ્ન શ્રીહરિને પૂછ્યો છે ને શ્રીહરિએ તેનો વિસ્તૃત ઉત્તર પણ આપ્યો છે. તેમજ ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં પણ જીવ ભગવાનના ધામમાં કેવા આકારે યુક્ત રહે છે, તેવો તાત્ત્વિક પ્રશ્ન પૂછ્યો છે. વચનામૃતમાં આવી ઘણી બાબતો છે, જે બ્રહ્માનંદ સ્વામીની વિદ્વત્તાનું દર્શન કરાવે છે.

મુમુક્ષુતા

કવિત્વ ને વિદ્વત્તાથી પણ આગળ બ્રહ્માનંદ સ્વામી એક આદર્શ મુમુક્ષુ હતા, તે વચનામૃત ગ્રંથમાં તેમણે પૂછેલા પ્રશ્નો પરથી કોઈને પણ સમજાય એવી બાબત છે. અત્યંત તેજસ્વી હોવા છતાં તેમના પ્રશ્નોમાં વાણીવિલાસ કે પાંડિત્ય-પ્રદર્શન તો દૂર, ઊલટું સમયે સમયે નમ્રતા અને જીવનલક્ષી અભિગમ

અભિવ્યક્ત થાય છે. જે તેમની મુમુક્ષુતાને ઉજાગર કરે છે. જેમ કે –

- ગઢડા પ્રથમ પ્રકરણ ૧૧માં તેમણે પ્રશ્ન પૂછ્યો કે 'વાસનાનું શું રૂપ છે ?' આ સમજવા પાછળનો હેતુ એ જ કે વાસના ઓળખાય તો યોગ્ય ઉપાય અજમાવી ટાળી શકાય.
- સાધનામાં ઉપયોગી કયા સાધનની કેટલી મહત્તા છે એ જાણવા ગઢડા પ્રથમ પ્રકરણ ૬૧માં પ્રશ્ન પૂછ્યો કે 'આત્મનિષ્ઠા અંતે કેટલી સહાય કરે છે ?'
- વરતાલ પ્રકરણ ૩માં જ્યારે શ્રીહરિએ વાત કરી કે ગોપીઓ જેવી અસાધારણ ભક્તિ હોય તો જ્ઞાન-વૈરાગ્યાદિક એમાં આવી જાય. ત્યારે તરત જ બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે એવી અસાધારણ ભક્તિ શે ઉપાયે કરીને આવે ?
- ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪માં બ્રહ્માનંદ સ્વામીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ બહુ વિચાર માગી લે તેવો છે. બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : 'કોઈ વિષયમાં પણ પોતાનાં ઇન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે તો પણ અપૂર્ણપણું રહે છે અને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે ?'

  ચાલો, આ પ્રશ્ન સાથે બ્રહ્માનંદ સ્વામીના જીવનનો પણ તાળો મેળવીએ. શરૂઆતમાં બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે કોઈ વિષયમાં પણ પોતાનાં ઇન્દ્રિયો તણાતાં નથી ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા નથી. આ વાક્યનો વિચાર કરીએ તો સાધના કરીને અતિ ઉચ્ચ કક્ષાએ પહોંચેલા સાધકની આ સ્થિતિ છે. અને આ વચનનું પ્રમાણ મળે છે – વચનામૃત લોયા પ્રકરણ ૧૦માં – બ્રહ્માનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નમાં.
- લોયા પ્રકરણ ૧૦માં વાસના-આસક્તિના ત્રણ પ્રકારના વેગની વ્યાખ્યા કરતાં શ્રીહરિએ જણાવ્યું કે નાની બાળકી, નવયુવાન સ્ત્રી અને વૃદ્ધ સ્ત્રી એ ત્રણેયને દેખીને સરખો ભાવ રહે તે મંદ વેગ. બાળકી ને વૃદ્ધ સ્ત્રીને દેખી વિકાર ન થાય, પણ યુવાન સ્ત્રીને દેખી વિકાર થાય તે મધ્યમ વેગ. અને ત્રણેય પ્રકારની સ્ત્રીઓ

તથા મા-બોનને દેખીને પણ તેમને વિશે વિકાર થાય તે તીવ્ર વેગ કહેવાય. ત્યારે તરત જ બ્રહ્માનંદ સ્વામીએ જે પ્રશ્ન પૂછ્યો તેમાં તેમની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રકાશે છે. બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું: 'ત્રણ પ્રકારની સ્ત્રીઓને દેખીને વ્યક્તિ(અવસ્થાનો ભેદ) જણાય તથા રૂપ-કુરૂપ પણ જણાય અને વિકાર ન થાય તેને કયો વેગ જાણવો ?'

જો સાધક પોતે આવી સ્થિતિએ વર્તતો ન હોય તો કોઈ દિવસ આવો પ્રશ્ન સૂઝે જ નહીં. અરે, જે બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢમાં અત્યંત કામાતુર એવા વાલી ઘોડાનો સ્પર્શ કરે અને તે અશ્વનો કામનો વેગ શમી જાય તો એ બ્રહ્માનંદ સ્વામી કેવા ઇન્દ્રિયજિત હશે ! એટલે જ તો જેતલપુર પ્રકરણ ૨ના વચનામૃતમાં શ્રીહરિએ તેમને યતિ કહ્યા છે.

- વળી, ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪માં તેમના પ્રશ્નમાં બીજી વાત એ પણ જોઈ કે તેમણે કહ્યું કે ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે. જ્યારે શ્રીહરિએ સર્વ પરમહંસોને માત્ર ત્રણ હાથ લાંબો કંતાનનો ટુકડો જ પહેરવાની આજ્ઞા કરી અને તદનુસાર બ્રહ્માનંદ સ્વામીને પણ સૌની જેમ ત્રણ હાથ લાંબું કંતાન કાપીને આપ્યું. પોતાનું શરીર સ્થૂળ હોવાથી બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને સાડા ત્રણ હાથનો કટકો આપવા આજીજી કરી, પરંતુ શ્રીહરિ એકના બે ન થયા. તેથી નછૂટકે બ્રહ્માનંદ સ્વામી આગળ-પાછળ, ઉપર-નીચે જોવા લાગ્યા. શ્રીહરિએ પૂછ્યું: 'શું જુઓ છો ?' બ્રહ્માનંદ સ્વામી કહે: મહારાજ ! આપ વિના નખ જેટલી પૃથ્વીમાં બીજો ભગવાન દેખાતો નથી, એટલે અહીં રહ્યો છું.'

આમ, તેમણે જે બે વાત પોતાના પ્રશ્નમાં જણાવી તે બંને ખરેખર તેઓ જીવતા હતા. તેથી ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪માં તેમનો પ્રશ્ન તેમની મુમુક્ષુતા જ નહીં, પણ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પણ દર્શાવે છે. આમ, સંપ્રદાયમાં તેમની મોટપ કેવળ વ્યાવહારિક નહીં, પણ ગુણોથી પણ હતી.

અંતર્દષ્ટિનું અંગ

મુમુક્ષુતાનો દીવા જેવો સ્પષ્ટ પુરાવો એટલે અંતર્દષ્ટિ. બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નોમાં અલ્પ અવગાહન કરતાં પણ તેમનું અંતર્દષ્ટિનું અંગ સહેજે દષ્ટિપટ પર ઝિલાય છે.

જેમ કે ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧ પરથી એવું જણાય કે તેઓ પ્રવૃત્તિ-માર્ગના હિમાયતી છે. આ વચનામૃતમાં યોગાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે 'એક ભક્ત નિવૃત્તિ પકડીને બેસી રહે ને વચને કરીને કોઈને દુખવે નહીં ને બીજો ભક્ત યથાશક્તિ સેવા કરે પણ વચનથી કોઈને દુખવે તે બેમાં કોણ શ્રેષ્ઠ?' ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને બોલાવી આ પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રત્યુત્તરમાં એમણે પ્રવૃત્તિવાળો શ્રેષ્ઠ કહ્યો.

વળી, બ્રહ્માનંદ સ્વામીનું જીવન તપાસતાં તેઓ સતત પ્રવૃત્તિમય રહ્યા છે, એમ જણાય. અમદાવાદ, વરતાલ, જૂનાગઢ અને મૂળી એમ ચાર મંદિરો બનાવવાની જવાબદારી પણ શ્રીહરિએ તેમના શિરે મૂકી હતી. તેઓનું વિચરણ પણ શ્રીહરિ સાથે સતત રહ્યું. આમ, બ્રહ્માનંદ સ્વામીનું જીવન પ્રવૃત્તિપ્રધાન લાગે; પણ આટલી પ્રવૃત્તિમાં પણ બ્રહ્માનંદ સ્વામી સમજણ અને આજ્ઞા મુખ્ય રાખતા.

વરતાલ પ્રકરણ ૧૭ પ્રમાણે તેઓ મંદિરમાં ન બંધાયા, કેમ કે શ્રીહરિની આજ્ઞાથી પ્રવૃત્તિ કરતા હતા. સાથે એમનામાં સમજણ પણ એવી જ દઢ હતી. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં પણ એમણે પોતાનું સમજણનું અંગ કહ્યું છે.

જેની કસોટી થઈ વરતાલમાં. શ્રીહરિએ તેમને વરતાલમાં મંદિર બાંધવા ફક્ત ૧૨/- રૂા. આપ્યા હતા. ખૂબ કુશળતાપૂર્વક અને જવાબદારીથી તેમણે કમળ આકારનું ત્રણ શિખરનું ભવ્ય અને રમ્ય મંદિર ઊભું કર્યું. અને તેની પ્રતિષ્ઠાના સમયે શ્રીહરિને તેમના આપેલા ૧૨/- રૂા. પાછા આપ્યા. પરંતુ સ્વામીની આવી અપાર સેવાની સામે એક બીજી પણ નોંધપાત્ર ઘટના બની હતી. વાત એમ હતી કે મંદિરના નિર્માણ દરમિયાન કેટલાક ચારણો-કવિઓ બ્રહ્માનંદ સ્વામીના કાવ્યશોખને લીધે વરતાલ આવતા તથા દુષ્કાળને લીધે કેટલાક તેમના મારવાડી સ્નેહીઓ પણ વરતાલ આવ્યા હતા. જેમાંના કેટલાક

મંદિરના કામમાં પણ બ્રહ્માનંદ સ્વામીની સાથે જોડાયા હતા. આથી, કેટલાક લોકોએ ઊંડી તપાસ કર્યા વિના શ્રીહરિને વિનંતી કરી: 'જો બ્રહ્મમુનિ અહીં રહેશે તો આ બીજા લોકો મંદિરનો કબજો લઈ લેશે.'

આવી વાત સાંભળીને, બ્રહ્માનંદ સ્વામીનો કોઈ અભાવ ન લે એ હેતુસર શ્રીહરિએ તેમને મૂર્તિપ્રતિષ્ઠા થયા બાદ વરતાલની સેવામાંથી મુક્ત કરીને તેમને પોતાની સાથે આવવા આજ્ઞા કરી. આવા પ્રસંગે ભલભલા મોટેરાઓને પણ સંકલ્પ-વિકલ્પ થયા છે. પરંતુ, બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિને વિશે કોઈ સંશય ન થયો અને ઊલટો પોતાનો અવગુણ લીધો.

આ પ્રસંગે વરતાલથી સીંજીવાડા જઈને તેમણે લખેલાં પ્રસિદ્ધ પદોમાં પણ તેમના મનોમંથનના નવનીતરૂપે તેમણે લીધેલો પોતાનો અવગુણ અને શ્રીહરિ પ્રત્યેની અનન્ય શરણાગતિ જ બહાર આવ્યાં છે. તેઓ લખે છે:

'જેવો તેવો તોયે પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે,
પેટ પડ્યો તેને અવશ્ય પાળવો, વા'લમ જુઓને વિચારી રે.'

ભગવદ્ગીતા કહે છે: *સંભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે ।* અર્થાત્ પ્રતિષ્ઠા પામેલા લોકમાન્ય પુરુષની અપકીર્તિ થાય તે તેમના માટે મરણથી પણ બદતર છે.

બ્રહ્માનંદ સ્વામીને પણ એવા જ સંજોગો ઊભા થયા હતા. વગર વાંકે થયેલી આવી આજ્ઞામાં તેમને મૂંઝવણ થવી સ્વાભાવિક છે, પરંતુ એવી નકારાત્મક મૂંઝવણને બદલે એમણે તો શ્રીહરિની શરણાગતિનો ધ્વનિ જ પ્રગટ કર્યો.

ગઢડા અંત્ય પ્રકરણ ૩૫માં શુકમુનિએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે પ્રકૃતિ મરોડાય ત્યારે મૂંઝવણ તો થાય, પણ તે મૂંઝવણમાં કાંઈ ફેર છે કે નહીં? ત્યારે શ્રીહરિએ કહ્યું: 'પ્રકૃતિ મરોડે ને મૂંઝાય ત્યારે જે પોતાનો જ અવગુણ લે પણ ભગવાનનો ને સાધુનો અવગુણ ન લે એ સારો; અને જે પોતાનો અવગુણ ન લે, ને ભગવાન ને સાધુનો અવગુણ લે, તો એનો વિશ્વાસ નહીં ને તેના આશ્રયનો પણ ઠા નહીં.'

પૂર્વે જોયું તેમ, બ્રહ્માનંદ સ્વામી તો આ વચનામૃતના ઉદ્બોધનનાં ચાર વર્ષ પૂર્વે આ શ્રીજીવચનો જીવતા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ ગઢડા અંત્ય પ્રકરણ ૧૧ના નિરૂપણમાં સીતાજીની સમજણની સાથે બ્રહ્માનંદ

સ્વામીના આ પ્રસંગને પણ અવશ્ય યાદ કરતા.

આટઆટલી પ્રવૃત્તિઓમાં પણ બ્રહ્માનંદ સ્વામીની દૃષ્ટિ સતત ધ્યેય સમક્ષ જ હતી. અખંડ ભગવાનમાં વૃત્તિ રહે એ ધ્યેય એમના મનમાં અત્યંત સ્પષ્ટ હતું. તેથી જ અમદાવાદ મંદિરના નિર્માણની પ્રવૃત્તિમાં વ્યસ્ત હોવા છતાં પણ તેઓ *'તારા મુખની લાવણતા મીઠી રે'* જેવાં અદ્‌ભુત કીર્તનોની રચનામાં ભક્તિભાવપૂર્વક પરોવાયેલા રહેતા.

આમ, અંતરથી ભજન કરવાનો તેઓ સતત અભ્યાસ કરતા હોય તેવું તેમના કેટલાક પ્રશ્નો પરથી જણાય છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨માં તેમનો પ્રશ્ન સુંદર છે. તેઓ પૂછે છે: કોઈ સમે આનંદથી ભજન-સ્મરણ થાય છે ને કોઈ સમે અંતર ડોળાઈ જાય છે, તેનું શું કારણ છે?
  તેમનો આ પ્રશ્ન અનુભવમૂલક અને સાથે અંતર્દૃષ્ટિજન્ય છે.
- ગઢડા મધ્ય પ્રકરણ ૪માં શ્રીહરિએ એમ કહ્યું કે જે ભગવાનનો મહિમા અતિશય જાણે ને એમ સમજે કે મારે ભગવાનના એકાંતિક ભક્ત થવું છે અને જો કામ, ક્રોધ, લોભાદિક વિકારને વિશે મારી વૃત્તિ જશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થશે. એમ સમજીને કુમાર્ગથી અતિશય ડરતો રહે ને અધર્મને વિશે કોઈ કાળે પ્રવર્તે જ નહીં...
  તેના પ્રતિપ્રશ્ન રૂપે બ્રહ્માનંદ સ્વામીએ તરત જ પૂછ્યું કે એમ જાણીએ છીએ તો પણ અખંડ ચિંતવન રહેતું નથી તેનું શું કારણ છે?
- ગઢડા પ્રથમ પ્રકરણ ૪૯માં તેમની અંતર્દૃષ્ટિમાંથી પ્રશ્ન ફૂટ્યો છે કે ભગવાનને વિશે વૃત્તિ રાખીએ છીએ તે તો સુધી જોરે કરીને રાખીએ છીએ, ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે? શ્રીહરિએ તેના ઉત્તરમાં જણાવ્યું કે ભગવાનનો ભક્ત હોય એને તો ભગવાન વિના બીજે વૃત્તિ જાય જ નહીં... જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થશે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીની અંતર્દૃષ્ટિને પુનઃ વાચા ફૂટી: 'એવી રીતે ભગવાનમાં વૃત્તિ રાખ્યાનું શું સાધન છે?

એટલું જ નહીં, બ્રહ્માનંદ સ્વામીની આ અંતર્દષ્ટિ એમને સર્વાંગ પરિપૂર્ણતા સુધી લઈ ગઈ છે. કહેવાયું છે કે 'આધ્યાત્મિક માર્ગમાં સંતોષ એ વિઘ્નરૂપ છે.' આ વાતથી બ્રહ્માનંદ સ્વામી અજ્ઞાત નહોતા. તેથી જ સ્વયં શ્રીહરિએ જેતલપુર પ્રકરણ ૨માં તેમના યતિપણાની ખૂબ જ પ્રશંસા કરી હોવા છતાં તેમણે પ્રશ્ન પૂછ્યો કે હે મહારાજ! યતિ કોને કહીએ? તે કહો.

પોતાના યતિપણામાં અર્થાત્ બ્રહ્મચર્યમાં હજી કોઈ કસર હોય તો તે ટાળવાની તેમની ઉત્કંઠારૂપ મુમુક્ષુતા આધ્યાત્મિકતાના શિખર પર વિલસતી અનુભવાય છે.

આમ, બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નો ઉપરાંત તેમણે આપેલા ઉત્તરોમાં પણ એમનો અંતર્દષ્ટિનો પ્રભાવ જોઈ શકાય છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં શ્રીહરિએ મૂઢપણું, પ્રીતિ અને સમજણ – એમ ત્રણ અંગવાળા ભક્તોનાં લક્ષણો કહીને છેલ્લે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે તમારું કયું અંગ છે? ત્યારે તે બંનેએ કહ્યું કે અમારું તો સમજણનું અંગ છે.

  યથાર્થ અંતર્દષ્ટિ વિના પોતાનું કયું અંગ છે એ સમજવાનું કોઈને પણ માટે શક્ય નથી.

નિખાલસતા - નિષ્કપટપણું

આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુતાનાં સોપાનોમાં અંતર્દષ્ટિ દ્વારા પોતાની ભૂલ જોવી એ પ્રથમ સોપાન સમજીએ. તો એથી પણ આગળનું સોપાન એટલે તે ભૂલનો ભગવાન કે સંત આગળ એકરાર કરવો એ છે. આ નિખાલસતાને સાંપ્રદાયિક પરિભાષામાં નિષ્કપટપણું કહેવામાં આવે છે. આ નિષ્કપટપણાનો સ્વામિનારાયણીય સાધનામાં ખૂબ મહિમા કહેવાયો છે. જે જોવા મળે છે – શ્રીહરિ સાથે બ્રહ્માનંદ સ્વામીની પ્રશ્નોત્તરીમાં. જેમ કે –

- ગઢડા અંત્ય પ્રકરણના ૨૮માં શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ અને સુરાખાચરને પ્રશ્ન પૂછ્યો કે 'તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે?' ત્યારે એ ત્રણે કહ્યું જે, હે મહારાજ! માનરૂપ દોષ છે. માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.

પોતે મંડળધારી સદ્ગુરુ સંત હોવા છતાં 'મને લોકો કેવો સમજશે,' એવો લેશ પણ વિચાર કર્યા વિના જાહેરમાં પુછાયેલા આવા પ્રશ્નનો પણ નિષ્કપટભાવે બ્રહ્માનંદ સ્વામીએ ઉત્તર આપ્યો.

- કારિયાણી પ્રકરણ ૯ ઉદ્બોધાયું તેના સપ્તાહ પૂર્વે, બ્રહ્માનંદ સ્વામીનો એક શિષ્ય મર્યાદામાં નહોતો રહેતો, તેથી બ્રહ્માનંદ સ્વામીએ તેને કાઢી મૂક્યો હતો. તેથી જ ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં બ્રહ્માનંદ સ્વામીનું અંગ બતાવતાં શ્રીહરિએ કહ્યું કે 'બ્રહ્માનંદ સ્વામીને કોઈ રીતે સત્સંગની મર્યાદાનો ભંગ ન થાય તેવો આગ્રહ એ અંગ.' અહીં 'આગ્રહ' શબ્દ પણ શ્રીહરિએ યોગ્ય રીતે પ્રયોજ્યો છે. ભલે બ્રહ્માનંદ સ્વામી તેમની સૌ સાથેના વ્યવહારમાં રાજાધિરાજ કહેવાતા હોય, પણ ધર્મપાલનમાં તેઓ ખૂબ ચુસ્ત હતા. તેમનું આ અંગ તેમના કીર્તન *'ભક્તવત્સલ હરિ બિરુદ તિહારો'*માં પણ જોવા મળે છે. તેથી જ્યારે બ્રહ્માનંદ સ્વામીએ પોતાના આ શિષ્યને કાઢી મૂક્યો ત્યારે 'સત્સંગની મા' સમાન મુક્તાનંદ સ્વામીએ તેને સમજાવીને સાચવી લીધો ને પોતાના મંડળમાં રાખ્યો. આવી રીતે પોતાના શિષ્યને મુક્તાનંદ સ્વામીએ રાખ્યો, તે જાણીને બ્રહ્માનંદ સ્વામી એક અઠવાડિયા સુધી મુક્તાનંદ સ્વામીને આસને તેમને 'જય સ્વામિનારાયણ' કહેવા ન ગયા.

સ્વામિનારાયણ સંપ્રદાયની અનેક સુંદર પ્રણાલીઓ પૈકી એક એવી છે કે દરેક ત્યાગી રોજ સવારે પોતાની નિત્યપૂજા બાદ એકબીજાને આસને જઈ એકબીજાને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહે. શિષ્યની બાબતમાં મનમાં દુઃખ થવાથી બ્રહ્માનંદ સ્વામી એક સપ્તાહ સુધી મુક્તાનંદ સ્વામીના આસને જય સ્વામિનારાયણ કહેવા ગયા ન હતા. શ્રીહરિને આ વાતની જાણ થતાં તેમણે કારિયાણી પ્રકરણ ૯માં જાહેરમાં બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: 'જેને એવી મલિન રીસ હોય કે જે સાથે આંટી પડી હોય તેને મૂકે જ નહીં ને પાડાની જેમ રીસ રાખે તેને સાધુ કહીએ કે નહીં?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે એવો જે હોય તે સાધુ ન કહેવાય. આમ, જાહેરમાં આવા મોટા સદ્ગુરુને તેમની ભૂલ બતાવવી એ

બદલ શ્રીહરિને ધન્યવાદ! અને તેથી વિશેષ, જાહેરમાં પોતાની ભૂલનો ઈષ્ટદેવ સમક્ષ એકરાર કરવો, એ બદલ બ્રહ્માનંદ સ્વામીને ધન્યવાદ! આને નિષ્કપટપણાની ને નિર્માનીપણાની પરાકાષ્ઠા કહેવાય, જે તેમની અપાર મુમુક્ષુતાની સૂચક છે.

- તદુપરાંત, મુક્તાનંદ સ્વામી સાથે અબોલાના આ અઠવાડિયાના એ સમય દરમિયાન દિવાળીના દિવસે જ વચનામૃત કારિયાણી પ્રકરણ ૬માં ઈર્ષા, મત્સર વગેરે દોષોની વાત નીકળતાં તેમણે શ્રીહરિને એ મત્સર ટાળવાનો ઉપાય પણ પૂછ્યો છે. તે બતાવે છે કે ભલે તેમને આ પ્રશ્ન નડ્યો હોય, પણ તેમનો અભિગમ અંતર્દષ્ટિપૂર્ણ રહ્યો છે ને તેથી જ અંતરના સમરાંગણમાં બાજી હારી ગયા નથી, છેક સુધી શ્રીહરિના બળે લડતા રહ્યા છે. અને છેવટનું પરિણામ આપણને સૌને તેમણે જ લખેલી પંક્તિઓ પ્રમાણે જોવા મળ્યું –

  જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી,
  દઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારિ.

  ત્યારપછીનો સાંપ્રદાયિક ઈતિહાસ પણ બતાવે છે કે કારિયાણી પ્રકરણ ૯માં શ્રીહરિએ કરેલી ટકોર બાદ બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીની સાષ્ટાંગ પ્રણામ કરી માફી માગી અને તેમની સાથે કોઈ આંટી રાખી નથી.

  આ ઘટનાના ચારેક વર્ષ પછી, ગઢડા મધ્ય પ્રકરણ ૫૮માં શ્રીહરિએ 'સંપ્રદાયની પુષ્ટિ શાથી થાય?' એ પ્રશ્ન પૂછ્યો છે. તેનો મુક્તાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો છે. તેમના ઉત્તર પછી એ જ પ્રશ્ન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી ને નિત્યાનંદ સ્વામીને પૂછ્યો તો તેઓ બંને મુક્તાનંદ સ્વામીના ઉત્તરમાં ભળી ગયા, પણ વિશેષ ન કહ્યું.

  આમ, પછીનાં વર્ષોમાં પણ મુક્તાનંદ સ્વામી વિશેનો તેમનો વિવેકપૂર્ણ આદર દશ્યમાન થાય છે.

શ્રીહરિના અત્યંત વિશ્વાસુ

સામાન્યતઃ 'વિશ્વાસુ' શબ્દની લૌકિક વ્યાખ્યા પ્રમાણે જે વ્યક્તિને અતિ મહત્ત્વનાં કે અંગત કાર્યો સોંપી શકાય તેને અત્યંત વિશ્વાસુ ગણવામાં આવે

છે. બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિના એવા અત્યંત વિશ્વાસને પાત્ર બન્યા હતા. અમદાવાદ, વરતાલ, જૂનાગઢ, મૂળી વગેરે મંદિરો તૈયાર કરવામાં તેમજ જ્યારે એવા પેચીદા પ્રશ્નો સત્સંગ સમક્ષ ઉપસ્થિત થતા ત્યારે શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને તે કાર્યો તેઓને સોંપતા. એવા અનેક પ્રસંગો સંપ્રદાયના ઈતિહાસમાં નોંધાયેલા છે. પણ વચનામૃત ગ્રંથનું અવલોકન કરીએ તો તેના દ્વારા પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તેમના પર શ્રીહરિને કેટલો વિશ્વાસ હશે, તેનો પણ ખ્યાલ આવે છે. જેમ કે –

હમણાં જ જોયું એમ, વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં શ્રીહરિ નિધડકપણે જાહેરમાં તેમને તેમની ભૂલ બદલ આવી ટકોર કરી શકે, એ એક જ ઘટના આમ તો આ વાત સિદ્ધ કરવા પૂરતી છે. વચનામૃત ગ્રંથમાં આ ઉપરાંત પણ અનેક જગ્યાએ શ્રીહરિએ જાહેરમાં તેમને ઉતારી પાડ્યા છે, છતાં તેઓને ખોટું લાગવું કે શ્રીહરિને વિશે મનુષ્યભાવ આવવો તો દૂર, પણ તેમણે અત્યંત ખપ સાથે શ્રીહરિની તે વાત સ્વીકારી છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪માં શ્રીહરિએ સ્નેહનું રૂપ પૂછ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પિંડ બ્રહ્માંડથી નિઃસ્પૃહ રહેવું તે સ્નેહનું રૂપ કહ્યું. ત્યારે શ્રીહરિએ એમ કહીને જાહેરમાં તેમને ઉતારી પાડ્યા કે તમને તો સ્નેહની દિશ જ જડી નહીં. એટલે, આધ્યાત્મિક વાતોમાં બ્રહ્માનંદ સ્વામીને જાણે ખબર જ પડતી ન હોય !
- ગઢડા પ્રથમ પ્રકરણ ૪૯માં પણ બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનમાં તો સુધી જોરે કરીને વૃત્તિ રાખવી પડે છે ને જગતમાં તો એની મેળે જ રહે છે, તેનું શું કારણ છે ? ત્યારે શ્રીહરિએ ફરી એમને ઉતારી પાડ્યા કે જે ભગવાનનો ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહીં. એટલે આડકતરી રીતે શ્રીહરિએ કહી દીધું કે બ્રહ્માનંદ સ્વામી ભગવાનના ખરેખરા ભક્ત જ નથી.
- લોયા પ્રકરણ ૨માં પણ કંઈક આવું જ બન્યું. બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે જે કારણ હોય તે કાર્યથી મોટું જોઈએ, ત્યારે વડનું બીજ તે તો નાનું છે ને તે થકી મોટો વડ કેમ થાય છે ? ત્યારે તેનો ઉત્તર આપતાં શ્રીહરિએ કહ્યું કે જે મૂર્ખ હોય તે તો એમ સમજે જે, 'જેનું કાર્ય આવડું મોટું છે તો તેનું કારણ તો કેવડું મોટું હશે ? એ તો

મૂર્ખની સમજણ છે. આમ, પરોક્ષ રીતે શ્રીહરિએ અત્યંત બાહોશ, વિચક્ષણ એવા બ્રહ્માનંદ સ્વામીને મૂર્ખ કહી દીધા !

આમ, આ બધા પ્રસંગોમાં ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮માં નાના આત્માનંદ સ્વામીના પ્રશ્નમાં જોવા મળતો ભગવાનનો જે તે ભક્ત પરનો વિશ્વાસ બ્રહ્માનંદ સ્વામીના જીવનમાં પ્રતિધ્વનિત થતો જોવા મળે છે. કારણ, ભગવદ્‌ગીતા કહે છે : *સંભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદ્ અતિરિચ્યતે ।* – 'લોકમાન્ય પુરુષની અપકીર્તિ મરણથી પણ બદતર છે.' તદનુસાર લોકમાં પોતાની મોટપ હોવા છતાં, શ્રીહરિ ગમે તેવા કડક શબ્દોમાં જાહેરમાં ઉતારી પાડે, એમાં પણ બ્રહ્માનંદ સ્વામીની મુમુક્ષુતાની ધાર વધુ ને વધુ તીક્ષ્ણ થતી ગઈ છે. આથી જ એવા મુમુક્ષુ ઉપર શ્રીહરિને વિશ્વાસ કેમ ન આવે ?

પરહિત માટે પ્રશ્ન

બ્રહ્માનંદ સ્વામી એ કેવળ એક મુમુક્ષુ જ નહીં, પણ ઉત્તમ સત્સંગસેવક પણ હતા. એટલે જ સમગ્ર સત્સંગ-સમાજના હિત માટે પણ તેઓ જાગ્રત રહેતા. તેઓની આ જાગૃતિ તેમના પ્રશ્નોમાં પણ અંકિત થઈ છે.

- કારિયાણી પ્રકરણ ૧૦માં જ્યારે શ્રીહરિએ પંચવિષયોને બદલે કેવળ તપ દ્વારા જ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો પોતાનો સિદ્ધાંત જણાવ્યો, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે 'હે મહારાજ ! અમારું આ લોક ને પરલોકને વિશે સારું થાય તે કહો.' આ પ્રશ્નમાં બ્રહ્માનંદ સ્વામીની નાદારી નહીં, પણ આ સિવાય ભગવાનને પ્રસન્ન કરવાનો બીજો કોઈ ઉપાય હોય તો તે જાણવાની ઇચ્છા પડઘાય છે, જેથી આપણા જેવા સાધારણ કક્ષાના ભક્તોને કંઈક સાંત્વન મળે. કારણ, બ્રહ્માનંદ સ્વામી પોતે તો શ્રીહરિએ પસાર કરેલાં ૧૧૪ પ્રકરણોમાંથી સારધાર પાર ઊતર્યા હતા. એમાંના એક ખટરસ-ત્યાગના પ્રકરણમાં તો તેઓ તથા તેમના મંડળના ઘણા સંતો રતાંધળા થઈ ગયા હતા, એટલે કે રાત્રે દેખાતું નહોતું, છતાં શ્રીહરિની પ્રસન્નતા માટે તપ-ત્યાગમાંથી તેઓ પાછા પડ્યા નહોતા. પણ આપણા જેવા સાધકો કે જેને તપ-ત્યાગની રુચિ ઓછી હોય તેને ભગવત્પ્રસન્નતાનો કોઈક બીજો વિકલ્પ પ્રાપ્ત

થાય તે હેતુસર એ પ્રશ્ન પૂછ્યો છે.

- વળી, ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪માં તેમણે પ્રશ્ન પૂછ્યો: 'સર્વ સુખના ધામ ને સર્વથી પર એવા પરમેશ્વરમાં જીવની વૃત્તિ ચોંટતી નથી ને માયિક એવા જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં ચોંટી જાય છે, તેનું શું કારણ છે?'

  અગાઉ જોયું તેમ ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪માં બ્રહ્માનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્ન સાથે આ પ્રશ્નને સરખાવીએ તો સ્પષ્ટ થઈ જાય છે કે આ પ્રશ્ન તેમણે પોતાના માટે પૂછ્યો નથી, પણ સત્સંગ-સમાજના હિતાર્થે પૂછ્યો છે. કારણ, ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪ પ્રમાણે તેમનાં ઇન્દ્રિયો કોઈ વિષયમાં તણાતાં નથી ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા નથી, તો એમને તો માયિક પદાર્થોમાં વૃત્તિ ચોંટવાનો સવાલ જ ઊભો થતો નથી.

શ્રીહરિના અભિપ્રાયના જ્ઞાતા

વચનામૃત ગ્રંથના અભ્યાસથી એ પણ પ્રતીતિ થાય કે બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની રુચિ તેમજ અભિપ્રાયને સારી પેઠે જાણતા હતા, એટલું નહીં પણ તદનુસાર જીવતા હતા.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧માં યોગાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો: 'હે મહારાજ! ભગવાનના ભક્ત બે હોય, તેમાં એક તો નિવૃત્તિ પકડીને બેસી રહે ને કોઈને વચને કરી દુખવે નહીં અને એક તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેની અન્ન-વસ્ત્ર-પુષ્પાદિકે કરીને સેવા કર્યા કરે, પણ વચને કરીને કોઈને દુખવાય ખરું, એવી રીતના બે ભક્ત તેમાં કયો શ્રેષ્ઠ છે?' પછી શ્રીહરિએ પોતે તેનો ઉત્તર ન કરતાં મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને તેડાવીને ઉત્તર કરવા કહ્યું. ત્યારે તે બે જણે ઉત્તર કર્યો: 'વચને કરીને કોઈને દુખવે છે પણ ભગવાન અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે. અને નિવૃત્તિને વિશે રહે છે ને કોઈને દુખવતો નથી ને તેથી ભગવાનની તથા સંતની કાંઈ સેવા થતી નથી તેને અસમર્થ સરખો જાણવો.' અને શ્રીહરિએ પણ એ ઉત્તર માન્ય કર્યો.

આમ, બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિનો અભિપ્રાય જાણતા એટલું નહીં, પણ પોતે પણ સમગ્ર જીવન એ પ્રમાણે વર્ત્યા છે, છેક સુધી સત્સંગમાં સેવક થઈને પ્રવૃત્તિ કરી છે. શ્રીહરિના આદેશ અનુસાર શ્રીહરિના ધામગમન બાદ મૂળી મંદિરનું નિર્માણકાર્ય પણ તેમણે પૂર્ણ કર્યું.

- તેમજ ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો: 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે અતિ તીવ્રપણે કરીને વર્તતાં હોય તો પણ ધર્મમાં કાંઈક સંકરપણું થાય ને વૈરાગ્યમાં કોઈક ઠેકાણે રાગ રહી જાય અને ભક્તિમાં પણ કાંઈક શિથિલપણું થઈ જાય અને જ્ઞાનમાં પણ કાંઈક દેહાસક્તિ રહી જાય તેનું શું કારણ હશે?' પછી ગોપાળાનંદ સ્વામીએ ને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે 'એવા ઈશ્વરમૂર્તિ સમર્થમાં જે કાંઈક કસર જેવું જણાય છે તે તો કેવળ દયાએ કરીને રહે છે, પણ બીજી કોઈ જાતની કસર નથી. અને એવા જે મોટા હોય તે બાહ્યદૃષ્ટિ રાખીને વર્તે ત્યારે કેટલાક જીવોને જડભરત જેવા ને શુકજી જેવા કરી મૂકે...' અને આ ઉત્તરને પણ શ્રીહરિએ માન્યતા બક્ષી.

આ ઉત્તર બ્રહ્માનંદ સ્વામીના જીવનમાં જિવાતો જોવા મળે; કારણ કે જેતલપુરના મહાયાગ સમયે ત્યાંની ગણિકાના મહોલમાં શ્રીહરિ તેને એકાંતમાં મળ્યા, ત્યારે મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીને સાથે લઈ ગયા હતા. બીજા જેવા-તેવા ભક્તને જેમાં સંશય થાય તેવા શ્રીહરિના તે મનુષ્ય-ચરિત્રમાં તે બંને સંતોએ અત્યંત દિવ્યભાવ સાથે કીર્તનનાં પદો લખ્યાં છે. જેમાં બ્રહ્માનંદ સ્વામીએ *'મોહન મોહોલે પધારો, રંગભીના રે'* લખ્યું છે.

અને આવાં એક નહીં, પણ અનેક મનુષ્યચરિત્રોમાં પણ તેમને શ્રીહરિને વિશે દિવ્યભાવ રહ્યો. શ્રીહરિએ સગરામ વાઘરીના ભાઈ શાર્દૂલના ઘરે સ્ત્રીનો વેશ લીધો, ત્યારે પણ તેમને શોધવા નીકળેલા બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિની ચાલ જોઈને તેમને પકડી પાડ્યા ને તેના પર પણ પદ લખ્યું –
'વાતલડી રહો ને રાતલડી, વા'લા પૂછું એક વાતલડી.'

તેમજ જ્યારે આધોઈમાં કરણીબાનાં સાડી અને ઘરેણાંનો અંગીકાર કરી બાઈહરિભક્તો સાથે રાસ રમ્યા, તો તે લીલાનું પણ પદ બનાવ્યું –
'પહેર્યો ઘાઘરડો ઘેરાળો રે, ગોપી બનિયા ગિરિધારી.'

આમ, ભગવાનનાં મનુષ્યચરિત્રોમાં પણ દિવ્યભાવ રાખવાનો શ્રીહરિનો અભિપ્રાય તેમના જીવનમાં જિવાતો જોવા મળે છે.

'તારો ચટક રંગીલો છેડલો' એ ભજનનો ઈતિહાસ આપણે જાણીએ છીએ, પણ તે પ્રસંગ અનુસાર હંમેશાં બ્રહ્માનંદ સ્વામીને ઝોકાં આવતાં નહીં હોય. કારણ કે લોયા પ્રકરણ ૫માં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો કે કપટી હોય તેને કેવી રીતે ઓળખીએ? અને પોતે જ તેનો ઉત્તર કર્યો કે ખાધે-પીધે, બેઠતે-ઊઠતે, સતત એના સહવાસમાં રહીએ તો તેનું કપટ કળાય.

લોયા પ્રકરણ ૧૬માં શ્રીહરિએ તે જ પ્રશ્ન ફરી પૂછ્યો, ત્યારે આ જ પ્રમાણે બ્રહ્માનંદ સ્વામી ઉત્તર આપી શક્યા. વળી, લોયામાં લગભગ પોણા બે માસના જ્ઞાનસત્રમાં તો જાતજાતના પ્રશ્નોની ઝડી વરસી હતી, તેમાં આવો એક પ્રશ્નોત્તર તેઓ યાદ રાખી શક્યા, એમાં જ તેમની કથાશ્રવણમાં એકાગ્રતાની સાથે, શ્રવણ બાદ મનનની પણ સુટેવ જણાય છે.

આમ, શ્રીહરિનો અભિપ્રાય-રુચિ સમજવામાં તેમનો પુરુષાર્થ પણ આપણને ઘણી ઘણી પ્રેરણા આપી જાય છે.

શ્રીહરિનો અભિપ્રાય જાણવા છતાં તેમના જ મુખે ઉત્તર જાણવાની ઈચ્છા

વચનામૃત પંચાળા ૩ અને ૪માં મુનિબાવાએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્નો પૂછ્યા છે. હવે મુનિબાવાને શ્રીહરિનો મહિમા સમજાવીને તેઓ શ્રીહરિના હસ્તે પરમહંસ દીક્ષા લે ત્યાં સુધીનો સત્સંગ કરાવનાર બ્રહ્માનંદ સ્વામી પોતે જ હતા, તેથી ધાર્યું હોત તો તેમના પ્રશ્નોનું સમાધાન કરી શક્યા હોત. છતાં પણ શ્રીહરિ દ્વારા જ એમના પ્રશ્નોનું નિરાકરણ થાય એવો એમનો અભિગમ અહીં દૃષ્ટિગોચર થાય છે.

વળી, શ્રીહરિના ધામગમન પૂર્વે તેમની અનહદ પ્રીતિ જોઈ શ્રીહરિએ તેમને દૂર જૂનાગઢ જવા આજ્ઞા કરી. અત્યંત કઠણ હૈયે તેમણે તે આજ્ઞા પાળી ને જૂનાગઢ ગયા. શ્રીહરિના ધામગમનના સમાચાર મળતાં તાત્કાલિક ગઢડા પહોંચ્યા, ત્યારે શ્રીહરિના અંતિમ સંસ્કાર થઈ ચૂક્યા હતા. ત્યારે તેમણે ઉપસ્થિત સદ્ગુરુઓને કહ્યું કે તમે શ્રીહરિનો શ્રીવિગ્રહ સાચવી રાખ્યો હોત તો અક્ષરધામમાંથી તેમને પાછા લઈ આવત. આવી શ્રીહરિને વિશે તેમની પ્રગાઢ પ્રીતિ અને તેમની બુદ્ધિમત્તા જોતાં, ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪માં

શ્રીહરિના પૂછવાથી તેમણે કહેલું પ્રીતિનું લક્ષણ, તેમણે જાણી જોઈને શ્રીહરિમુખે ઉત્તર સાંભળવા કર્યું હોય તેવું અનુભવાય છે.

આમ, વચનામૃત ગ્રંથમાંથી બ્રહ્માનંદ સ્વામીનું બહુકોણીય વ્યક્તિત્વ સૌને અનેકવિધ પ્રેરણાઓ આપતું રહેશે.

સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી

વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં મુક્તાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓની પંક્તિમાં નિત્યાનંદ સ્વામીનો પણ સમાવેશ થતો જોવા મળે છે. ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં જે જે સદ્‌ગુરુઓને શ્રીહરિએ પ્રશ્નો પૂછ્યા છે એમાંના એક નિત્યાનંદ સ્વામી પણ છે. તેમની આ મોટપનું રહસ્ય પણ વચનામૃતમાં શ્રીહરિ સાથે તેમની પ્રશ્નોત્તરીમાં ઊભરી આવે છે.

અજોડ વિદ્વત્તા

સાંપ્રદાયિક ઈતિહાસનું અવલોકન કરતાં નિત્યાનંદ સ્વામી સંપ્રદાયના અજોડ વિદ્વાન હતા, એ સર્વવિદિત છે. એક વાર જ્યારે શ્રીહરિએ જ મોટેરા પરમહંસોને પોતપોતાની વિશેષતા જણાવવા કહ્યું ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે ભારતભરના શ્રેષ્ઠ વિદ્વાનો શાસ્ત્રાર્થમાં મને જીતી ન શકે. અને તદનુસાર અનેક પ્રસંગોએ તેમણે શાસ્ત્રાર્થ કરવા આવેલા પ્રતિવાદીઓને પરાજિત કરી સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારી છે. એમની આ અજોડ વિદ્વત્તા વચનામૃત ગ્રંથમાં ચોમેર પથરાયેલી છે.

પંચાળા પ્રકરણ ૨માં શ્રીહરિએ શુકમુનિ પાસે મોક્ષધર્મનું પુસ્તક મંગાવ્યું અને પછી નિત્યાનંદ સ્વામીએ તેમાંથી કથાવાંચનનો આરંભ કર્યો. તેમજ પંચાળા પ્રકરણ ૭માં શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધની કથા કરાવી છે, જે બતાવે છે કે તેઓ સંસ્કૃત ભાષાના ખૂબ સારા વિદ્વાન હતા અને સારા કથાકાર પણ હતા. કારણ, નહોતો તે જમાનો મુદ્રિત ગ્રંથોનો કે નહોતો ભાષાંતર સહિત પ્રાપ્ત પ્રતોનો. તેથી કથાકારે હસ્તલિખિત સંસ્કૃત ગ્રંથોના શ્લોકો વાંચી તત્કાળ તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવાનું

થતું. અને એ ભાષાંતર પણ એવા લખાણનું કરવાનું કે જેમાં બે શબ્દો વચ્ચે આધુનિક મુદ્રણમાં જેમ ખાલી જગ્યા રાખવામાં આવે છે તેવી ખાલી જગ્યા ન હોય. એટલે સળંગ લખાણમાં શબ્દને ક્યાં તોડવો એ પણ તત્કાળ નિર્ણય લઈને, જેમ યોગ્ય અર્થ નિષ્પન્ન થાય, તેમ વાંચન કરવું પડતું. આથી, જે પંડિત અને વક્તા હોય તેની એ રીતે કથાવાંચનની જવાબદારી બની રહેતી કે જેથી કથાપ્રવાહ તૂટે નહીં, શ્રોતાઓ રસભંગ ન થાય અને ઊલટી તે કથા રસપ્રદ થાય.

એ દાયિત્વ નિત્યાનંદ સ્વામી બખૂબી નિભાવતા હશે. એટલે જ પ્રેમાનંદ સ્વામીએ પણ એમના એક ભજનમાં પોતાના આ અવલોકનનું દસ્તાવેજીકરણ કર્યું છે:

નિત્ય કથા થાય સભા ગાવણાં, કરે કથા નિત્યાનંદ નિત્ય, પુસ્તક લઈ રળિયામણાં...૧
ધન્ય ધન્ય નિત્યાનંદ નામને, વાંચી રાજી કર્યા ભગવાન, ધર્મતનય શ્યામને...૨

કથાવાંચન ઉપરાંત નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તા ઝળકી ઊઠી છે – તેમના તાત્ત્વિક અને તાર્કિક પ્રશ્નોમાં...

- કારિયાણી પ્રકરણ ૪માં તેમણે પ્રશ્ન પૂછ્યો: ‘હે મહારાજ ! જે આ જીવને વિશે સાક્ષી રહ્યા છે તે સાક્ષી જે હોય તે તો મૂર્તિમાન હોય ને જે મૂર્તિમાન હોય તે વ્યાપક કેમ હોય ?’
- તેમના તાર્કિકપણાનું વધુ એક સાક્ષી છે – ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩. જેમાં તેમણે પ્રશ્ન પૂછ્યો: ‘દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? અને જો એક કહેશો તો વડ, પીપર આદિક જે વૃક્ષ છે તેની ડાળખીઓ કાપીને બીજે ઠેકાણે રોપે છે ત્યારે તેવું ને તેવું જ વૃક્ષ થાય છે એ તે એક જીવ બે પ્રકારે થયો કે બીજે જીવે પ્રવેશ કર્યો ? અને કહેશો જે ‘એ તો એનો એ જીવ છે’ તો જીવ તો અખંડ છે અને અચ્યુત છે તે કપાણો કેમ ?’

  ભલભલાને વિચારતા કરી મૂકે તેવા પ્રશ્નો નિત્યાનંદ સ્વામીએ પૂછ્યા છે.
- આવો જ કોઈનેય ન સૂઝે એવો પ્રશ્ન એમણે પૂછ્યો છે – વચનામૃત સારંગપુર પ્રકરણ ૬માં: ‘એક એક અવસ્થાને વિશે બીજી બે બે અવસ્થાઓ કેમ રહી છે ?’

- વળી, વચનામૃત લોયા પ્રકરણ ૧૬માં પણ એમણે પૂછ્યું: 'સર્વે મુક્તોને ગુણનો સંબંધ ન હોય ને... અક્ષરધામને વિશે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય, તે વારે એ સર્વે ચૈતન્યમય છે ને નિર્ગુણ છે ને *'મમ સાધર્મ્યમાગતાઃ'* એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે, એવા જે મુક્ત અને નારાયણને વિશે ભેદ કેમ સમજવો?'

આ પ્રશ્નો પરથી તેમની તર્કપૂર્ણ અને શાસ્ત્રજ્ઞતાસભર વિદ્વત્તા અભિવ્યક્ત થાય છે.

તદુપરાંત, તેમણે પૂછેલા અન્ય તાત્ત્વિક પ્રશ્નોમાં પણ તેમની વિદ્વત્તા ઊડીને આંખે વળગે છે.

- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૩માં શ્રીહરિએ ઉત્પત્તિ સર્ગની વાત કરીને, ભગવાન પોતે મનુષ્યતન ધારીને પૃથ્વી પર અવતરે છે તે વાત કરી, ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'એવી રીતે અનુક્રમે કરીને ભગવાન મનુષ્યાકૃતિ ધરે છે કે અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધરે છે?'
- સારંગપુર પ્રકરણ ૬માં પ્રશ્ન પૂછ્યો કે 'પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણી કેમ સમજવી?'

તેમણે પૂછેલા પ્રશ્નો ઉપરાંત તેમના પ્રતિપ્રશ્નોમાં પણ તેમની સતર્કતા દૃષ્ટિગોચર થાય છે.

- વચનામૃત કારિયાણી પ્રકરણ ૧માં શ્રીહરિની આજ્ઞાથી ભૂધરાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાનનો નિશ્ચય અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે?' ત્યારે તેનો ઉત્તર શિવાનંદ સ્વામીથી ન થતાં શ્રીહરિએ ખૂબ વિસ્તારથી બુદ્ધિ અને જીવનું નિરૂપણ કર્યું. પણ તેમાં આ પ્રશ્નનો કોઈ ઉત્તર થતો ન જણાતાં, સજાગ નિત્યાનંદ સ્વામીએ તરત જ પ્રતિપ્રશ્ન કર્યો: 'હે મહારાજ! એમાં તે શું ઉત્તર થયો?'

  વળી, એ જ વચનામૃતમાં તેમના અન્ય બે પ્રશ્નો પણ તેમની વિદ્વત્તા પર મહોર મારી દે છે.

  તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે 'હે મહારાજ! ઇન્દ્રિયોમાં નિશ્ચય હોય તે કેમ જણાય, અંતઃકરણમાં નિશ્ચય હોય તે કેમ જણાય અને

જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય?' જેનો શ્રીહરિએ સવિસ્તર ઉત્તર આપ્યો છે.

તે જ વચનામૃતમાં તેમનો છેલ્લો પ્રશ્ન સમજવા માટે આગલા બે પરમહંસોએ પૂછેલા પ્રશ્નો અને તેના શ્રીહરિએ આપેલા ઉત્તરોને પણ સંક્ષેપમાં જોઈએ.

પ્રથમ ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું કે 'મન-વાણીથી પર ને ગુણાતીત એવા ભગવાનને માયિક ઇન્દ્રિયો, અંતઃકરણ તે કેમ પામે?' શ્રીહરિએ કહ્યું કે 'ભગવાન કૃપા કરીને મનુષ્ય સરખા થાય ત્યારે જે જીવ તે ભગવાનના સંતનો સમાગમ કરે છે તે જીવ ભગવાનને જાણી શકે.' ત્યારે ભજનાનંદ સ્વામીએ પૂછ્યું કે આ શ્રુતિમાં એમ કેમ કહ્યું છે કે *'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'?* ત્યારે શ્રીહરિએ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુ આકાશમાં રહ્યા હોવા છતાં આકાશના ભાવને નથી પામતા, તેમ મન-વાણી ભગવાનને નથી પામતાં. ત્યારે તરત જ નિત્યાનંદ સ્વામીએ શાસ્ત્ર-પ્રમાણ દ્વારા તર્કસંગત પ્રશ્ન પૂછ્યો કે 'શ્રુતિ-સ્મૃતિમાં તો એમ કહ્યું છે જે, *'નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ', 'બહવો જ્ઞાનતપસા પૂતા મદ્‌ભાવમાગતાઃ'.* (માયાથી પર જ્ઞાની ભક્ત ભગવાનને પામે છે). ત્યારે શ્રીહરિએ કહ્યું: 'એ તો અમે અભક્તનાં મન-ઇન્દ્રિયોને કહ્યું છે પણ ભક્તનાં મન, ઇન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે...

- આવી જ રીતે, લોયા પ્રકરણ ૧૫માં જ્યારે શ્રીહરિએ કહ્યું કે આ જીવ... સર્વ દેહમાં નખશિખાપર્યંત વ્યાપીને રહ્યો છે... ત્યારે પણ નિત્યાનંદ સ્વામીનું સતર્કપણું જણાઈ આવ્યું છે. તેમણે તરત જ આશંકા કરી જે, 'હે મહારાજ! ત્યારે એમ કહેવાય છે જે, જીવ જે તે સામાન્યપણે સર્વ દેહમાં વ્યાપીને વિશેષપણે હૃદયાકાશમાં રહ્યો છે, ત્યારે સર્વે ઠેકાણે સરખું જાણપણું નથી જણાતું, તેનું કેમ સમજવું?'
- તેમજ વચનામૃત લોયા પ્રકરણ ૭માં મુક્તાનંદ સ્વામીએ શ્રુતિઓ ટાંકીને પ્રશ્ન પૂછ્યો કે 'શ્રુતિમાં એમ કહ્યું છે કે ભગવાનનું સાક્ષાત્

જ્ઞાન થાય ત્યારે જીવનું કલ્યાણ થાય છે. ત્યારે શાસ્ત્રમાં જે બીજાં સાધન કલ્યાણને અર્થે બતાવ્યાં છે તેનું શું પ્રયોજન છે?'

ત્યારે શ્રીહરિએ ઉત્તર આપવાના આરંભે કહ્યું કે જ્ઞાન તે જાણવાનું નામ છે. ત્યારે ત્યાં પણ નિત્યાનંદ સ્વામીની તેજસ્વિતા તેમના પ્રતિપ્રશ્નમાં પ્રકાશી: 'જાણવું એ જ જ્ઞાન હોય તો શાસ્ત્રે કરીને ભગવાનને સર્વે જગત જાણે છે, તેણે કરીને સર્વેનું કલ્યાણ થતું નથી.'

એમના પ્રશ્નો અને પ્રતિપ્રશ્નોની જેમ, ક્વચિત્ એમના ઉત્તરોમાં પણ એમની તેજસ્વિતા દૃશ્યમાન થઈ આવે છે. જેમ કે –

- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦માં રોજકાના કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'અંતરની માંહિલી કોરે એક કહે છે જે, વિષયને ભોગવીએ ને એક તેની ના પાડે છે, તે ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે?' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'ના પાડે છે તે જીવ છે ને હા પાડે છે તે મન છે.'

  ત્યારબાદ અલબત્ત, શ્રીહરિએ આ પ્રશ્નનો જુદો જ ઉત્તર આપ્યો છે, પણ શ્રીહરિનો આપેલો તે ઉત્તર સાંભળીએ તે પૂર્વે નિત્યાનંદ સ્વામીના આ ઉત્તરથી જ સૌને સંતોષ થઈ જાય.

અને તેમની વિદ્વત્તાના ફળસ્વરૂપે તેમની સંપ્રદાયને એક અનુપમ ભેટ હોય તો તે છે – આ વચનામૃત ગ્રંથ. વચનામૃત ગ્રંથના ચાર સંપાદકોમાં તેઓ પણ હતા. વચનામૃત લોયા પ્રકરણ ૭ના આરંભે વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ જ્યારે શ્રીહરિને આપ્યું ત્યારે તેને જોઈને શ્રીહરિ બહુ રાજી થયા હતા.

આમ, જેમ નિષ્કુળાનંદ સ્વામી માટે 'વૈરાગ્યમૂર્તિ', મુક્તાનંદ સ્વામી માટે 'સત્સંગની મા' ઉપમા પ્રયોજાય છે, તેમજ નિત્યાનંદ સ્વામી માટે 'વિદ્યાવારિધિ' ઉપમા પણ સાર્થક છે.

મુમુક્ષુતા

આવી વિદ્વત્તાની સાથે મુમુક્ષુતાનો સંગમ થવો એ એક દુર્લભ બાબત છે. પણ એવો સુભગ સમન્વય અન્ય પરમહંસોની જેમ નિત્યાનંદ સ્વામીમાં પણ સુલબ્ધ છે. બ્રહ્મસૂત્રો પરનું શ્રીભાષ્ય લખતી વેળાએ તેના મંગલાચરણમાં

રામાનુજાચાર્યે પ્રાર્થના કરી છે: *ભવતુ મમ પરસ્મિન્ શેમુષી ભક્તિરૂપા* – આ પ્રાર્થના નિત્યાનંદ સ્વામીએ ખરેખર સિદ્ધ કરી હતી. તેમની પ્રખર તેજસ્વી બુદ્ધિ શ્રીહરિને વિશે સાચે જ ભક્તિરૂપ થઈ હતી. વચનામૃત ગ્રંથમાં તેમની આ ભક્તિ તેમની મુમુક્ષુતારૂપે ઠેર ઠેર ધરબાયેલી છે. આવી મુમુક્ષુતા એ જ વિદ્વત્તાની ફળશ્રુતિ હોઈ શકે.

સંપ્રદાયના અજોડ વિદ્વાન હોવા છતાં ક્યારેક શ્રીહરિએ કોઈ આંટી-ઘૂંટીવાળો પ્રશ્ન પૂછ્યો હોય ત્યારે તેનો ઉત્તર પોતે નહીં આપી શકે એમ કહી, જાહેરમાં પોતાનું અસામર્થ્ય સ્વીકારવું એ એમનું મુમુક્ષુતામૂલક નિર્માની-પણું છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧માં આ નિર્માનીપણું અભિવ્યક્ત થયું છે. ત્યાં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાન પ્રગટ મળ્યા પછી તે ભગવાનનાં ધામ જોવાની લાલચ રહે તેને નિશ્ચય છે કે નહીં? ત્યારે મુનિએ કહ્યું કે નિશ્ચય નથી. શ્રીહરિએ પૂછ્યું કે શા માટે ના પાડો છો? ત્યારે મુનિએ કહ્યું કે પ્રગટ ભગવાન મળ્યા પછી એમના વિના બીજું કાંઈ ઈચ્છે નહીં. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તે ધામ ને ધામના પાર્ષદ તે તો ચૈતન્યમૂર્તિ છે ને માયા પર છે માટે એમાં શું દૂષણ છે જે એને ઈચ્છે નહીં? ને પૃથ્વી પર પ્રગટ ભગવાનના સેવક હોય તે મરી જાય એવા હોય ને ઘર હોય તે પડી જાય એવાં હોય તે કેમ સમજો છો? ત્યારે મુનિ બોલ્યા કે એ ઘરને બ્રહ્મપુરાદિક ધામ ને એ સેવકને બ્રહ્મરૂપ સમજીએ છીએ. ત્યારે શ્રીહરિએ પૂછ્યું કે બ્રહ્મપુર ને ત્યાં રહેલા પાર્ષદ તે તો અખંડ ને અવિનાશી છે ને મર્ત્યલોકનાં નાશવંત ઘર ને પાર્ષદ તે બે બરોબર કેમ કહો છો? ત્યારે આગળ વધુ બુદ્ધિ ન લડાવતાં નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિની શરણાગતિ સ્વીકારી લીધી કે હે મહારાજ! એનો ઉત્તર તો તમે કરો.

તેમજ વરતાલ પ્રકરણ ૧૭, ૨૦ તથા ગઢડા અંત્ય પ્રકરણ ૩, ૧૩ જેવાં ઘણાં વચનામૃતોમાં તેમણે શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર કરવા પ્રયત્ન કર્યો, છતાં ન કરી શક્યા એ પોતાનું અસામર્થ્ય સ્વયં વચનામૃતના સંપાદકોમાંના એક સંત હોવા છતાં ખૂબ જ પ્રામાણિકતાથી નોંધ્યું છે.

આ ઉપરાંત, નિત્યાનંદ સ્વામીના પણ ઘણા પ્રશ્નો મુક્તાનંદ સ્વામીના પ્રશ્નોની જેમ મુમુક્ષુતાજન્ય છે. જેમાંના કેટલાકમાં મુક્તાનંદ સ્વામી જેવી

ચિકિત્સક વૃત્તિ પણ સુપેરે દર્શાય છે. એવા કેટલાક પ્રશ્નોનો આસ્વાદ માણીએ.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩માં તેમનો પ્રશ્ન છે: 'નિર્વાસનિક થયાનું કારણ તે આવી વાત સાંભળવી એ છે કે વૈરાગ્ય છે?'
- લોયા પ્રકરણ ૧માં શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનનો નિશ્ચય તો સંપૂર્ણ હોય તોપણ અંતરમાં કૃતાર્થપણું શા માટે મનાતું નથી? શ્રીહરિએ કહ્યું કે કામાદિક શત્રુઓને લીધે તેનું અંત:કરણ દગ્ધ વર્તતું હોય ને તેને નિશ્ચય હોય તોપણ પોતાને કૃતાર્થ માને નહીં. ત્યારે નિત્યાનંદ સ્વામીએ તેના અનુસંધાનમાં તરત જ પૂછ્યું કે એ કામાદિક શત્રુને ટાળ્યાનો શો ઉપાય છે?
- લોયા પ્રકરણ ૧૦માં તેમણે પૂછ્યું કે આ જગતમાં બે પ્રકારના જીવ છે. એકને સ્ત્રીઆદિક પદાર્થમાં એવું હેત થાય કે તેના વિયોગે પ્રાણનો ત્યાગ થઈ જાય ને બીજાને નથી થતો. ને તે ભગવાનમાં જોડાય તો એમાં પણ એવી રીતે જોડાય. તે એ બે પ્રકારના જીવ અનાદિના છે કે કર્મે કરીને એવો ભેદ છે? શ્રીહરિએ ઉત્તર આપ્યો કે એ ભેદ કર્મે કરીને છે. તેમાં જીવની વૃત્તિનો વેગ મંદ, મધ્યમ કે તીવ્ર હોય તદનુસાર કર્મ લાગે છે. ને તે કર્મે કરીને સ્નેહમાં પણ ત્રણ પ્રકાર છે. ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ વિશેષ ચિકિત્સા કરતાં પૂછ્યું: વૃત્તિના વેગમાં ત્રણ પ્રકાર થયા તે ગુણે કરીને થયા કે કોઈ બીજા હેતુથી થયા?
- લોયા પ્રકરણ ૧૭માં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે 'પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે; માટે સૂઝે એવો દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થાય તો પણ સારો ને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહીં; તે શાણે કરીને થાય?'

  શ્રીહરિએ ઉત્તરમાં દેહનો અનાદર, દૃઢ આત્મનિષ્ઠા અને પંચવિષયમાં વૈરાગ્ય અને ભગવાનનોં માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય તો ન થાય, એમ જણાવ્યું. ત્યારે નિત્યાનંદ સ્વામીએ તેના અનુસંધાને બીજો પ્રશ્ન પૂછ્યો: 'કોઈકને દેહાભિમાન તથા પંચવિષયની આસક્તિ હોય તોપણ તે સત્સંગમાં નભ્યો જાય છે

તે કેમ સમજવું?' તેનો શ્રીહરિએ ઉત્તર આપ્યો કે મોટા સંત કે ભગવાન જ્યારે તેના માનનું કે પંચવિષયનું ખંડન કરશે, ત્યારે જરૂર તે સંતનો અભાવ લઈને સત્સંગમાંથી પડી જશે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ ચિકિત્સક વૃત્તિથી પૂછ્યું કે જેને પંચવિષયનો અભાવ હોય તે કેમ જણાય?

- અમદાવાદ પ્રકરણ ૩માં શ્રીહરિએ ઉપશમદશા સિદ્ધ કરવાની વાતો કરી તેના અનુસંધાનમાં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે: 'ઉપશમદશા પામ્યાનો તમે કહ્યો જે આત્મારૂપે થઈને ભગવાનના ધ્યાન કરવારૂપ ઉપાય તે તો અતિ કઠણ છે. માટે એ વિના બીજો એનો સુગમ ઉપાય હોય તે કહો.'

આમ, નિત્યાનંદ સ્વામીના પ્રશ્નોમાં પણ ઠેર ઠેર મુક્તાનંદ સ્વામીની જેમ મુમુક્ષુતા છલકાતી અનુભવાય છે.

હરિ મેરે હારલ કી લકરી

વચનામૃત ગ્રંથની આંખે નિત્યાનંદ સ્વામીના જીવનનું અવલોકન કરતાં તેમની ઊડીને આંખે વળગે તેવી કોઈ વિશેષતા હોય તો તે છે – શ્રીહરિ વિશે તેમની અચળ નિષ્ઠા. નિત્યાનંદ સ્વામી વિશે ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં શ્રીહરિએ કહ્યું છે કે 'અમારી પ્રસન્નતા કરવી એ તેમનું અંગ.' શ્રીહરિએ તેમના વિશે આપેલું આ પ્રમાણ વિશેષતઃ તેમની અચળ નિષ્ઠાને જોઈને જ આપ્યું હોય તેવું લાગે છે.

- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનને પ્રસન્ન કરવાનાં અનંત સાધન શાસ્ત્રમાં કહ્યાં છે પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે કે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને થાય? તેના ઉત્તરમાં શ્રીહરિએ જણાવ્યું કે 'ભગવાનનો જે દૃઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને તે આશરો અતિ દૃઢ જોઈએ, જેને વિશે કાંઈ પોલ રહે નહીં.' અહીં ભગવત્પ્રસન્નતા માટે જેવો આશરો કરવાની વાત શ્રીહરિએ કરી છે, તેવી શ્રીહરિની અચળ નિષ્ઠા સિદ્ધ કરવાની ખેવના

નિત્યાનંદ સ્વામીએ દાખવી છે.

- વચનામૃત વરતાલ પ્રકરણ ૫માં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે ભગવાનને આશરે જવું તેનું શું રૂપ છે ? તે પ્રશ્નનો ઉત્તર આપ્યા બાદ નાજા ભક્તના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિએ – તે આશરાના પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકાર છે – એમ જણાવ્યું. ત્યારે નિત્યાનંદ સ્વામીએ પણ જીવનલક્ષી સુંદર પ્રશ્ન પૂછ્યો કે 'એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિશે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?'

વળી, કેવળ શ્રીહરિની પ્રસન્નતાના શિરમોડ સાધનરૂપ અચળ નિષ્ઠાની ખેવના જ નહીં, પણ એ સર્વોપરી નિષ્ઠા સિદ્ધ પણ કરી હતી.

વરતાલમાં સત્સંગિજીવન ગ્રંથ લખવાનો આરંભ થયો, ત્યારે ઉપાસનાનો પ્રસંગ નીકળ્યો. તેમાં સંતોને સાત-આઠ દિવસ સુધી વાદવિવાદ થયો. તે પછી તેમાં કેટલાક સંત કહે જે, 'શ્રીકૃષ્ણ જેવા શ્રીહરિને કહો.' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'બીજા જેવા શ્રીહરિને કેમ કહેવાય ? બીજા અવતાર જેવા શ્રીહરિને કહીએ તો અનંત મહાઅદ્‌ભુત શ્રીહરિનાં ઐશ્વર્ય ખોટાં પડે.' ત્યારે શ્રીહરિ પણ અન્ય સંતો સાથે ભળી ગયા, છતાં નિત્યાનંદ સ્વામીનો નિશ્ચય અફર રહ્યો. એટલે શ્રીહરિએ તેમને વિમુખ કર્યા. પરંતુ થોડા દિવસો બાદ શ્રીહરિને જ નિત્યાનંદ સ્વામીનો વિયોગ સહન ન થયો ને પછી પાછા બોલાવ્યા ને સૌને કહ્યું કે 'એ ઠીક સમજે છે, ઉપાસક હોય તો આવા.' એમ કહી તેમને બિરદાવ્યા.

અને આવી નિષ્ઠાના પરિપાકરૂપે જ તેમને શ્રીહરિનાં ગમે તેવાં મનુષ્ય -ચરિત્રોમાં દિવ્યભાવ રહ્યો છે. પછી તે શ્રીહરિની જાળિયાના મંદવાડની લીલા હોય કે ગઢપુરની બીમારીમાં શ્રીહરિને સાલેમાળ પર તપ કરવા જવું હોય !

એક વાર શ્રીહરિએ તેમને પૂછ્યું : 'તમને મારો નિશ્ચય ક્યાં સુધી રહે ? ત્યારે નિત્યાનંદ સ્વામી કહે : 'મહારાજ ! અત્યારે આપને લાખો મનુષ્ય માને છે, પૂજે છે, તે બધું બરાબર છે, પરંતુ કોઈ વખત એવું થઈ જાય કે તમને કોઈ માને નહીં ને તમે કંગાલ ગરીબ થઈ ગયા હો, તમે પરણ્યા હો, છોકરાં-છૈયાં થયાં હોય ને તમારી બધી આંગળીઓમાંથી પત ઝરતું હોય ને તમે વડોદરાની માંડવી બજારમાં પડ્યા પડ્યા ભીખ માગતા હો અને જો હું તે

વખતે ત્યાંથી નીકળું તો પણ તમને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સમજું.'

તેમનો આ દિવ્યભાવ તેમના દ્વારા રચિત શ્રીહરિના 'રુચિરસ્તોત્રમ્'માં પણ જોવા મળે છે.

વચનામૃત લોયા પ્રકરણ ૬માં શ્રીહરિ કહે છે કે ભગવાનના નિશ્ચયરૂપ જે મતિ તેને તો ફરવા દેવી જ નહીં. ભગવાનનું માહાત્મ્ય સાંભળીને તેની પુષ્ટિ વારંવાર કર્યા કરવી તો રૂડું થાય ને એ મતિને વારંવાર ફેરવે તો ભૂંડું થાય. જેમ હારલ પક્ષીએ લાકડી પકડી એ પકડી, એ મરે પણ તેને મૂકે નહીં, તેમજ નિત્યાનંદ સ્વામીનો પણ શ્રીહરિનો અવિચળ નિશ્ચય ભક્તકવિ સૂરદાસજીની પંક્તિમાં પડઘાય છે: *'હરિ મેરે હારલ કી લકરી, પકરી સો પકરી.'* આવો અચળ આશરો હોય તો શ્રીહરિની અપાર પ્રસન્નતાનું પાત્ર તેઓ બને જ એ નિશ્ચિત છે.

આમ, વચનામૃત ગ્રંથમાં સમાયેલું નિત્યાનંદ સ્વામીનું વિરલ વ્યક્તિત્વ સર્વને અનેકવિધ પ્રેરણાઓ આપતું રહેશે.

સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી

શ્રીહરિ અનેક વાર કહેતા: 'ડભાણિયો આંબો, ડભાણિયો બળદ અને ડભાણિયા શુકમુનિ અમને બહુ કામ લાગ્યા. ને આ શુકમુનિ તો અમારા હાથ-પગ છે.' તેમના સુંદર અને સ્વચ્છ અક્ષરો તથા ગુજરાતી અને સંસ્કૃત ગદ્ય-પદ્યના શુદ્ધ જ્ઞાનને લીધે તેમણે સાહિત્ય-સંપાદનની ઘણી સેવાઓ કરી છે. વચનામૃત, સત્સંગિજીવન વગેરે ગ્રંથોનાં મૂળ લખાણો તથા સાંપ્રદાયિક બંધારણના ઘણા ખરડા તેમના હસ્તાક્ષરમાં તૈયાર થયેલા છે. ભગવાન સ્વામિનારાયણનો પત્રવ્યવહાર પણ તેઓ સંભાળતા, એવા શ્રીહરિના કૃપાપાત્ર શુકાનંદ સ્વામીનું સાધુગુણસંપન્ન વ્યક્તિત્વ વચનામૃતના શબ્દોની સાખે માણીએ...

મોટેરા સદ્‌ગુરુ

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં શ્રીહરિએ એક-એક મોટેરા સદ્‌ગુરુઓને સંબોધીને પ્રશ્નો પૂછ્યા છે, તેથી તે વચનામૃતનું શીર્ષક 'સદ્‌ગુરુના પ્રશ્નોનું' આપવામાં આવ્યું છે. તે સદ્‌ગુરુઓમાં છેલ્લે શ્રીહરિએ શુકમુનિને પણ પ્રશ્ન પૂછ્યો છે.

ગઢડા અંત્ય પ્રકરણ ૧૩માં આરંભમાં શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો, ત્યારબાદ સંપાદકોએ નોંધ્યું છે: 'પછી ગોપાળાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી... શુકમુનિ ઈત્યાદિક મોટા મોટા સાધુ હતા તેમણે જેવું જેને જણાયું તેવો ઉત્તર કર્યો...'

આમ, આ વચનો પરથી પણ ખ્યાલ આવે છે કે તેઓ સંપ્રદાયમાં શ્રીહરિ દ્વારા માન્ય એવા મોટેરા સંત હતા. એટલું જ નહીં, વરતાલ પ્રકરણ ૧૭, ગઢડા અંત્ય પ્રકરણ ૩ વગેરે વચનામૃતોમાં મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી સાથે

તેમણે પણ શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર આપવા પ્રયત્ન કર્યા છે. જો નાના સંત હોય તો મોટા સદ્ગુરુઓ સાથે શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર આપવાની સમર્થતા ન હોય. આમ, મોટા સંતોના સાહચર્યથી પણ સ્પષ્ટ થાય છે કે તેઓ પણ સત્સંગમાં મોટેરા હતા.

વળી, કારિયાણી પ્રકરણ ૩માં સ્વયં શ્રીહરિ પ્રમાણ આપે છે: ‘આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ તો પડતો નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.’

આ વચનામૃત ઉદ્બોધાયું ત્યારે શુકાનંદ સ્વામીની ૨૨ વર્ષની કાચી વય છે, અને ત્યાગાશ્રમ ગ્રહણ કર્યે માત્ર પાંચ વર્ષ થયાં છે. છતાં આટલા ટૂંકા ગાળામાં એમના પર શ્રીહરિની આટલી પ્રસન્નતા શાથી વરસી પડી? વચનામૃત ગ્રંથ દ્વારા એ કિંચિત્ સમજવા પ્રયત્ન કરીએ.

શ્રીહરિમાં અનન્ય જોડાણ

વચનામૃતનો અભ્યાસ કરતાં સર્વપ્રથમ કારણ તો એ લાગે છે કે શુકમુનિનું શ્રીહરિને વિશે અનન્ય જોડાણ હતું.

- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૦માં પ્રથમ ફકરામાં શ્રીહરિની દૈનિક ક્રિયાની નોંધ કરતાં સંપાદકોએ વર્ણવ્યું છે કે તેઓ પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરતા હવા. તે પ્રતિદિન જેટલા દંડવત્-પ્રણામ કરતા તેથી તે દિવસે પોતે એક દંડવત્-પ્રણામ અધિક કર્યો. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, ‘હે મહારાજ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો?’ અહીં શુકમુનિની એકાગ્રતાપૂર્વક શ્રીહરિનાં દર્શન કરવાની રીત જોવા મળે છે. રોજ શ્રીહરિની એક ને એક ક્રિયાનાં દર્શન યંત્રવત્ થઈ જવાની પૂરેપૂરી સંભાવના રહે છે. છતાં તેમાં મહિમા સાથે આવી એકાગ્રતા સહિત દર્શન કરવાં એ વિરલ બાબત છે. અને આવી એકાગ્રતાપૂર્વક જે દર્શન કરે તેના પર વચનામૃત સારંગપુર પ્રકરણ ૨ પ્રમાણે શ્રીહરિનો રાજીપો વરસે જ.

શ્રીહરિની પ્રસન્નતાનો વિચાર પણ એમના અંતરમાં સદાય પ્રજ્વલિત રહેતો હશે જ! તેથી જ અમદાવાદ પ્રકરણ ૩માં તેમણે છેલ્લે પ્રશ્ન પૂછ્યો: 'જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે?'

'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં પણ લખાયું છે: 'શ્રીહરિને ગમતી આવે તેવી તેમની વૃત્તિ હતી.'

તેથી જ શ્રુતિપરંપરા-પ્રાપ્ત માહિતી અનુસાર ગઢડા અંત્ય પ્રકરણ ૨૧માં સ્વયં શ્રીહરિએ શિખવાડેલ પ્રશ્ન તેમણે ગોપાળાનંદ સ્વામીને પૂછીને શ્રીહરિની આવી લીલામાં ભળીને પણ તેમને રાજી કર્યા હતા. ત્યાં સંપાદક પરમહંસોએ નોંધ્યું છે કે તે પ્રશ્નનો ઉત્તર આપવામાં ગોપાળાનંદ સ્વામીને ગૂંચવાતા જોઈને શ્રીહરિ અતિશય હસતા હતા.

નિષ્કપટપણું - નિખાલસતા

શુકાનંદ સ્વામી પર શ્રીહરિનો અપાર રાજીપો વરસ્યો તેમાં બીજો એક મહત્ત્વનો કારણભૂત ગુણ એટલે તેમનું નિષ્કપટપણું.

- ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ અને સુરાખાચરને જાહેરમાં પ્રશ્ન પૂછ્યો કે તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે? શુકમુનિ પણ સત્સંગમાં તે વખતે બ્રહ્માનંદ સ્વામીની જેમ પંકાયેલા મોટેરા સંત હતા. છતાં તેમણે નિષ્કપટપણે શ્રીહરિ આગળ કબૂલાત કરી કે હે મહારાજ! માનરૂપ દોષ છે. માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં શ્રીહરિ કહે છે કે નિષ્કપટપણું એ અમૃત સમાન ગુણ છે, જે અહીં શુકમુનિમાં જોવા મળે છે. અને એટલે જ તેમણે શ્રીહરિનો વિશ્વાસ પણ સંપાદિત કરી લીધો હશે, જેથી જાહેરમાં શ્રીહરિ તેમની કડક શબ્દોમાં આલોચના કરી શકતા.

- ગઢડા મધ્ય પ્રકરણ ૩૧માં છેલ્લો પ્રશ્ન શુકમુનિએ પૂછ્યો: 'પુરુષોત્તમ વાસુદેવ પુરુષરૂપે અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે. માટે પુરુષરૂપે જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે, ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે?' ત્યારે

સ્પષ્ટતા કરતાં શ્રીહરિએ કહ્યું કે જેમ જીવ ને ઈશ્વરને વિશે ભેદ છે, જેમ ઈશ્વર ને પુરુષને વિશે ભેદ છે, તેમજ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે...

આટલું કહીને શ્રીહરિએ થોડા ઠપકાના સૂરમાં કહ્યું કે એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, ઈશ્વર, જીવ અને માયા એ પાંચ ભેદ અનાદિ છે. તે એવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી. ને ઠાવકી ઘેડ બેસારી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહીં. માટે આ વાર્તાને સારી પેઠે વિચારજો ને લખજો.

આમ, શ્રીહરિને તેમના પર કેટલો વિશ્વાસ હશે, ત્યારે તેઓ જાહેરમાં શુકમુનિને ઠપકાભર્યા સ્વરે આ ઉપદેશ આપી શક્યા.

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં શુકમુનિ વિશે નોંધાયું છે: 'શ્રીહરિ જે સ્થાનમાં રહ્યા હોય ત્યાં ગાદી-તકિયા પર બેસી પત્રમાં જે વાત લખાવવી હોય તે બોલતા અને શુકમુનિ ધ્યાન રાખીને તે પ્રમાણે લખતા રહેતા. જેટલી વાત સમજાય નહીં તેટલી ફરી પૂછીને દૃઢ કરતા. શ્રીહરિના વચનમાં જ તેમને વિશ્વાસ હતો.' શુકમુનિનું આ અંગ ઉપરોક્ત પ્રશ્નોત્તરીમાં જોવા મળે છે.

પ્રામાણિકતા

વળી, ગઢડા મધ્ય પ્રકરણ ૩૧ની ઉપરોક્ત પ્રશ્નોત્તરીના અંતે તે જ વચનામૃતમાં સંપાદક એવા શુકમુનિએ નોંધ્યું છે: 'એવી રીતે આ વાર્તા શ્રીહરિએ કરી છે તે લખી છે.'

આ વચન પરથી તેમનો એક બીજો ગુણ પણ દૃષ્ટિપટ પર ઝિલાય છે – એ છે તેમની પ્રામાણિકતા.

આ વચનામૃતમાં અન્ય કોઈ સંપાદક પરમહંસોનો ઉલ્લેખ નથી. આગળ કેવળ શ્રીહરિનાં કૃપાવચનો છે અને અંતે એકમાત્ર શુકમુનિનો જ પ્રશ્ન છે. વળી, છેલ્લે શ્રીહરિનાં આદેશવચન પણ જોવા મળે છે કે '...માટે આ વાર્તાને સારી પેઠે વિચારજો ને લખજો.' આ બંને બાબત જોતાં લાગે છે કે આ વચનામૃતનું તેમણે પોતે જ સંપાદન કર્યું હશે! તેમ છતાં આ વાત શ્રીહરિના

ઠપકાભર્યા સૂર સાથે યથાતથ સંપાદિત કરવી એ તેમની પ્રામાણિકતા પર મહોર મારે છે.

જે શુકમુનિ અગાઉ જોયું એમ કારિયાણી પ્રકરણ ૩માં પોતાની પ્રશંસાને લખી કરી શકે છે, એ જ શુકમુનિ ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં જાહેરમાં પોતાના દોષની કબૂલાત તેમજ ગઢડા મધ્ય પ્રકરણ ૩૧માં શ્રીહરિએ પોતાને આપેલો ઠપકો પણ લખી કરી શકે છે.

આમ, વચનામૃત ગ્રંથના સંપાદકોની આ પ્રામાણિકતા વચનામૃત ગ્રંથની પ્રમાણભૂતતા પર ચાર ચાંદ લગાવી આપે છે.

વિદ્વત્તા

શુકાનંદ સ્વામીના પ્રશ્નોમાં ક્વચિત્ ક્વચિત્ તેમની વિદ્વત્તા તેમજ તેજસ્વિતા પણ સ્પષ્ટ દેખાય છે. જેમ કે હમણાં જ ગઢડા મધ્ય પ્રકરણ ૩૧નો તેમનો પ્રશ્ન આપણે જોયો, જે સંપૂર્ણ તાત્ત્વિક પ્રશ્ન છે. જે પરથી સ્પષ્ટ થાય છે કે તત્ત્વજ્ઞાનમાં પણ તેઓ ખૂબ સારી રીતે સમજતા હશે.

વળી, ક્યાંક તેમણે તર્કપુરઃસર શ્રીહરિના ઉત્તરમાં આશંકા પણ ઉઠાવી છે. વરતાલ પ્રકરણ ૩માં પણ જ્યારે શ્રીહરિએ એમ કહ્યું કે જો માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ સામાન્ય-પણે હોય તો પણ કોઈ દિવસ એ ધર્મમાંથી પડે નહીં. ત્યારે અહીં પણ શુકમુનિની તાર્કિકતા તેમના પ્રશ્નમાં છલકાઈ ઊઠી કે 'જ્યારે એક માહાત્મ્યે સહિત ભક્તિએ કરીને સંપૂર્ણ થાય ત્યારે એક ભક્તિ જ કેમ ન કહી ને ચાર વાનાં શા સારુ કહ્યાં ?'

આમ, આ પ્રશ્નોમાં શુકમુનિની વિદ્વત્તાનું પણ સુપેરે દર્શન થાય છે.

મુમુક્ષુતા

શુકમુનિની આ વિદ્વત્તા પણ મુમુક્ષુતામૂલક હતી. જેમ કે

- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦માં શ્રીહરિએ કહ્યું કે આ દેહમાં રહેનારો જે જીવ તે રૂપ-કુરૂપ, બાળ, યૌવન ને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અજ્ઞાની છે, ઘેલામાં અતિશય ઘેલો છે, મૂર્ખમાં

અતિશય મૂર્ખ છે ને સર્વ નીચમાં અતિશય નીચ છે. ત્યારે પણ શુકમુનિએ તરત જ તર્કસંગત આશંકા કરી: 'પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે?'

- આવો જ મુમુક્ષુતામૂલક તર્કબદ્ધ પ્રશ્ન તેમણે ગઢડા અંત્ય પ્રકરણ ૨૯માં પૂછ્યો છે. જ્યારે શ્રીહરિએ કહ્યું કે મંદ વૈરાગ્યવાળાને ત્યાગ કરવો યોગ્ય નથી, તીવ્ર વૈરાગ્યવાળાનો જ ત્યાગ દેહપર્યંત નભે છે. ત્યારે શુકમુનિએ આશંકા કરી જે, 'હે મહારાજ! એ મંદ વૈરાગ્યવાળો ત્યાગી છે તે સંત થકી ભગવાનના માહાત્મ્યની વાત સાંભળે ને પછી પોતે મનમાં વિચાર કરે તો શું એને તીવ્ર વૈરાગ્ય ન આવે? અને પ્રથમથી જ તીવ્ર વૈરાગ્ય તો કોઈકને પ્રારબ્ધયોગે કરીને હશે, અને બહુધા તો એમ પ્રત્યક્ષ દેખાય છે જે, આને વૈરાગ્ય ન હતો ને પછી થયો, ત્યારે એનું કેમ સમજવું?'

શુકમુનિના આવા મુમુક્ષુતાજન્ય પ્રશ્નો વચનામૃત ગ્રંથમાં ઠેર ઠેર દૃશ્યમાન થાય છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪માં તેમણે પ્રશ્ન પૂછ્યો કે ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે ઓળખાય?
- ગઢડા અંત્ય પ્રકરણ ૨૪માં પણ આવો જ પ્રશ્ન પૂછ્યો છે: 'આપણા સર્વે સંત વર્તમાનમાં રહે છે, છતાં એવું કયું લક્ષણ છે કે જેથી એમ જણાય કે એ આપત્કાળમાં પણ ધર્મમાંથી નહીં ડગે?'

  આ પ્રશ્ન તેમણે પૂછ્યો પણ તેઓ પોતે પણ એ રીતે વર્તતા જ હતા. તેનું પ્રમાણ સ્વયં શ્રીહરિએ તે જ વચનામૃતમાં આપ્યું છે. તે સમયે રૂડી રીતે વર્તતા જે સંતો-હરિભક્તો શ્રીહરિએ ગણાવ્યા છે, તેમાં એક શુકમુનિ પણ છે.

અમુક પ્રશ્નો એમણે એવા પણ પૂછ્યા છે કે જેના પર ચિંતન કરતાં સ્પષ્ટ સમજાય છે કે જે વ્યક્તિ પ્રામાણિકપણે સાધના કરતી હોય તેને જ આવા પ્રશ્નો સૂઝે.

- ગઢડા અંત્ય પ્રકરણ ૩૪માં તેમણે પૂછ્યું કે 'ભગવાન વિના બીજા માયિક પદાર્થમાત્રને વિષે વાસના ન રહે ને એક ભગવાનને વિષે

જ વાસના રહે તેનાં બે સાધન જણાય છે: એક તો ભગવાનને વિષે પ્રીતિ ને બીજો જ્ઞાને સહિત વૈરાગ્ય. તે એ બે સાધન તો જેને અતિશયપણે ન વર્તતાં હોય ને ભગવાનનો નિશ્ચય ને વિશ્વાસ તો હોય, એવાને પણ એક ભગવાનની જ વાસના રહે ને બીજા પદાર્થની વાસના ન રહે એવો ત્રીજો કોઈ ઉપાય છે?'

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ તો શ્રીહરિએ પણ આ પ્રશ્નને માન્ય કર્યો કે 'એ પ્રશ્ન ખરો કે એ બે સાધને કરીને જ એક ભગવાનની વાસના રહે ને બીજા પદાર્થની ન રહે તે ખરું.'

આ પ્રશ્ન પરથી જ સમજાય કે જે એ રીતે પોતે વર્તતા હોય તેને જ આ પ્રકારનો પ્રશ્ન સૂઝે.

- ગઢડા અંત્ય પ્રકરણ ૩૫માં શુકમુનિના ચારેય પ્રશ્નો મુમુક્ષતાના દીપક સમાન છે.

  પ્રથમ પ્રશ્ન: જેના હૃદયમાં ભગવાનનો ને ભગવાનના ભક્તનો દૃઢ આશ્રય હોય, જે આશ્રય ગમે તેવો આપત્કાળ આવી પડે ને દેહને સુખદુઃખ, માન-અપમાન, દેશકાળનું વિષમપણું ઇત્યાદિકે કરીને જાય નહીં, તે કેમ જણાય? અને તેના મનનો અભિપ્રાય તથા દેહનો આચાર તે કેવો હોય?

  દ્વિતીય પ્રશ્ન: ભગવાન કે સાધુ જીવની પ્રકૃતિ મરોડે ત્યારે મૂંઝવણ તો થાય, પણ તે મૂંઝવણમાં પણ કાંઈ ફેર છે કે નહીં?

  તૃતીય પ્રશ્ન: જેની જે પ્રકૃતિ હોય તેને ભગવાને તથા સાધુએ કોઈ દિવસ મરોડી ન હોય, ત્યારે તે પોતાના મનમાં કેમ સમજે જે, મારી પ્રકૃતિને મરોડશે ત્યારે મારે ઠીક નહીં રહે? કેમ જે, પોતે જે અજમાવેલ વાર્તા ન હોય તેનો વિશ્વાસ કેમ આવે?'

  અને વચનામૃતમાં અંતે શુકમુનિએ અંતિમ પણ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો: હે મહારાજ! જે સાધુના હૃદયમાં ભગવાન રહ્યા હોય ને તેના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય ને તેની સેવા કરીએ તો ભગવાનની સેવા થાય, તે સાધુનાં લક્ષણ શાં છે?

આવા તો શુકમુનિની મુમુક્ષુતાની ગવાહી આપતા સંખ્યાબંધ પ્રશ્નો વચનામૃત ગ્રંથમાં સંગૃહીત છે. તેમાંથી એક બેનું આચમન કરીએ.

- લોયા પ્રકરણ ૧માં તેમણે પૂછ્યું કે લગારેક ક્રોધ ચડી આવે ને પછી તેને ટાળી નાંખે, તે ક્રોધ નડતર કરે કે ન કરે ?
- લોયા પ્રકરણ ૧૧: 'સત્શાસ્ત્રો થકી અસત્પુરુષ કેવી સમજણનું ગ્રહણ કરે ને સત્પુરુષ કેવી સમજણનું ગ્રહણ કરે છે ?'

આમ, વચનામૃત ગ્રંથ દ્વારા પ્રાપ્ત શુકાનંદ સ્વામીનું શબ્દચિત્ર અનેક મુમુક્ષુઓને પ્રેરણાસ્પદ બનતું રહેશે.

અન્ય સંતો-ભક્તો

વચનામૃત ગ્રંથમાં ઉપરોક્ત પરમહંસો ઉપરાંત પણ અન્ય ઘણા સંતો-ભક્તોના પ્રશ્નોત્તર પણ મુમુક્ષુઓ માટે આધ્યાત્મિક માર્ગ અજવાળતા રહ્યા છે ને રહેશે. જેમ કે –

- કારિયાણી પ્રકરણ ૩માં શ્રીહરિ કહે છે કે દેહદમન અને આત્મવિચાર તો ગૃહસ્થ સત્સંગીને પણ રાખ્યાં જોઈએ તો ત્યાગીને તો જરૂર રાખ્યાં જ જોઈએ. ત્યારે સ્વયં વૈરાગ્યનું મૂર્તિમાન સ્વરૂપ હોવા છતાં નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું: 'હે મહારાજ ! એમ જે રહેવાય છે તે વિચારે કરીને રહેવાય છે કે વૈરાગ્યે કરીને રહેવાય છે ?'
- સ્વયં પ્રીતિનો આદર્શ હોવા છતાં સચ્ચિદાનંદ સ્વામી કારિયાણી પ્રકરણ ૧૧માં ભગવાનને વિષે પ્રીતિનું લક્ષણ પૂછે છે.
- માંગરોળના શેઠ ગોવર્ધનભાઈ ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં માયાનું રૂપ પૂછે છે, તો માણાવદરના મયારામ ભટ્ટ ગઢડા પ્રથમ પ્રકરણ ૨માં ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણ પૂછે છે. ભાલ-પ્રદેશના રોજકા જેવા નાનકડા ગામના દરબાર કાકાભાઈ ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦માં ભલભલાને વિચારના ચકરાવે ચડાવી દે તેવો સાધનાલક્ષી પ્રશ્ન પૂછે છે કે અંતરમાં એક કહે છે કે વિષય ભોગવીએ ને એક ના પાડે છે. તેમાં હા પાડે છે તે કોણ છે ને ના પાડે છે તે કોણ છે ?


  આવા તો કેટલાય સંતો-ભક્તોના પ્રશ્નોનો અભ્યાસ કરતાં હજીય ઘણી ઘણી પ્રેરણાઓ પ્રાપ્ત થઈ શકે એમ છે, જેને હવે પુસ્તકના કદની મર્યાદા બંધનરૂપ છે.

આમ, આ સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગમાં જાણે કદી સંતોષ પામ્યા જ નથી. હજી પોતાની સમજણમાં કે વર્તનમાં કોઈ ખોટ હોય તો સુધારવા તેઓ હંમેશાં તત્પર રહ્યા છે. લોકમાં ઘણી વાર સામેવાળા પર પોતાની સરસાઈ જમાવવાના ઉદ્દેશથી પ્રશ્નોની ગોલંદાજી થતી હોય છે. તેથી સારા પ્રશ્નકર્તાઓ કેવળ પોતાની જિજ્ઞાસાની પરિતૃપ્તિ માટે જ પ્રશ્નો પૂછતા હોય છે, પણ પોતાની મોક્ષની ભૂખ સંતોષવા પ્રશ્નો પૂછનારા તો લાખમાં લાધે નહીં ને કરોડમાં કો'ક. આ વચનામૃતમાં સંતો તથા ભક્તોના પ્રશ્નો કેવળ જિજ્ઞાસામૂલક નહીં, પણ મુમુક્ષુતામૂલક છે.

અને એટલે જ, આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક શાસ્ત્રોના આકાશમાં છેલ્લી બે શતાબ્દીઓથી એક અતિ જાજ્વલ્યમાન સૂર્ય સમાન રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે, જેનાં અજવાળાં પેઢી-દરપેઢી પ્રત્યેક મુમુક્ષુનાં હૃદય-તિમિરને હરતાં રહેશે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200 વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

સ્વામિનારાયણ BAPS

Vachanamrutma Paramahansonu Vyaktitva USD 0.50
1 5 5 3 6
B G 3 5 4
ISBN: 978-81-7526-922-4